CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૧  ગુરૂવાર, તા.૨૫-૦૪-૨૦૨૪  અંક : ૧૫૮ વર્ષ : ૨૧  news@aaspassindia.com  કિંમત રૂા. ૨-૫૦  પાના - ૮

# રામ મંદિર અને કરતારપુર અંગેના વિધાનોમાં મોદીને ક્લીનચીટ

## જો કે કોંગ્રેસ મુસ્લિમોને સંપત્તિ વહેંચી દેશે તે મુદ્દે ચૂંટણી પંચ તપાસ કરશે

નવીદિલ્હી,

ચૂંટણી પંચે એક મહત્વના ચુકાદામાં ભાજપ માટેના ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે રામ મંદિરના નામે લોકોને મત આપવા ઉપરાંત કરતારપુર સાહેબ કોરીડોરના મુદ્દે શીખોને મતદાનની અપીલ કરી તેને ચૂંટણી પંચે આચારસંહિતાનો ભંગ ગણાવ્યો નથી. પરંતુ મોદી દ્વારા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા સામે પ્રશ્ન ઉઠાવીને તેને મુસ્લિમ લીગનો ચૂંટણી ઢંઢેરો અને જે રીતે કોંગ્રેસ પક્ષ અનામતથી લઈ મિલ્કતોમાં મુસ્લિમોને વહેંચી દેશે તે જે વિધાનો કર્યા હતા તે મુદ્દે ચૂંટણી પંચ હવે તપાસ કરશે.

વડાપ્રધાને છેલ્લા બે દિવસમાં તેમના ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને નિશાન બનાવ્યું છે રવિવારે કહ્યું હતું કે, કોંગ્રેસ જો સતામાં આવશે તો તે તમારી સંપતિ મુસ્લિમોને વહેંચી દેશે તેમને આ માટે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘના એક સમયના વિધાનોનો હવાલો આપ્યો હતો. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, દેશના સંશાધનો પર પહેલો હક અલ્પસંખ્યકોનો છે અને હાલમાં જે રીતે કોંગ્રેસ પક્ષે સંપતિના રીડિસ્ટ્રીબ્યુશનનો મુદો છેડયો છે તેમાં પણ વડાપ્રધાને સભાઓને સંબોધતા કોઈ પાસે બે મકાન હશે. તો એક છીનવાઈ જશે અને મહિલાઓએ સોનાના દાગીનાનો હિસાબ આપવો પડશે અને કોંગ્રેસ પક્ષ મુસ્લિમનો વહેંચી દેશે તેવા કરેલા વિધાનો મુદ્દે હજુ ચૂંટણી પંચમાં ફરિયાદ થઈ રહી છે. કોંગ્રેસ પક્ષે રાજસ્થાનમાં મોદીએ કરેલા વિધાનોને સાંપ્રદાયિક ભાવના ભડકાવાના તથા પ્રચારમાં ધર્મનો ઉપયોગ કરવાની કરેલી અરજી પર ચૂંટણી પંચ નિર્ણય લેશે તથા ખાસ એક ધાર્મિક સમુદાયને ટાર્ગેટ કરવાનો વડાપ્રધાને પ્રયત્ન કર્યો છે તે અંગે પણ ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાઈ છે.

## કાલે ૧૩ રાજ્યોની ૮૮ સીટો પર મતદાન



નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ ૨૬ એપ્રિલે ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર મતદાન થવાનું છે. હાઈ-વોલ્ટેજ પ્રચાર બુધવારે સાંજે બંધ થઈ ગયો. ૨૬ એપ્રિલે કેરળની તમામ ૨૦ સીટ પર, કર્ણાટકની ૨૮ સીટોમાંથી ૧૪ સીટ પર, રાજસ્થાનમાં ૧૩ સીટ પર, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં ૮-૮ સીટો પર, મધ્યપ્રદેશની ૭ સીટ પર, આસામ અને બિહારમાં ૫-૫ સીટ પર મતદાન થશે, જ્યારે છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળમાં ૩-૩ બેઠકો પર અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં ૧-૧ બેઠક પર મતદાન થશે. જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ૧૯ એપ્રિલે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું, જેમાં લગભગ ૬૫.૫ ટકા મતદાન થયું હતું.

૨૬ એપ્રિલે યુપીની જે ૮ લોકસભા બેઠકો માટે મતદાન થવાનું છે તેમાં અમરોહા, મેરઠ, બાગપત, ગાઝિયાબાદ, ગૌતમ બુદ્ધ નગર, બુલંદશહર, અલીગઢ અને મથુરાનો સમાવેશ થાય છે. બીજા તબક્કાના મતદાનમાં ૯૧ ઉમેદવારોનું ભાવિ નક્કી થશે. તેમાં ત્રીજી વખત મથુરાથી ચૂંટણી લડી રહેલી હેમા માલિની અને મેરઠથી ચૂંટણી લડી રહેલા અરુણ ગોવિલ પણ સામેલ છે. બીજા તબક્કામાં અનેક દિગ્ગજોની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે. તેમાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), બીજેપી નેતા તેજસ્વી સૂર્યા (કર્ણાટક), મથુરાથી હેમા માલિની, મેરઠથી અરુણ ગોવિલ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી (વાયનાડ), તિરુવનંતપુરમથી શશિ થરૂર, કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના ભાઈ ડી.કે. સુરેશ (કોંગ્રેસ) અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામી (જેડીએસ) સામેલ છે.

### રાહુલ ગાંધી, શશિ થરૂર, હેમા માલિની સહિતના દિગ્ગજોનો કાલે ફેંસલો

## જ્ઞાનવાપી મસ્જીદ પર ફેંસલો આપનાર જજને ધમકી

### ઈન્ટરનેશનલ નંબરોથી સતત જાનથી મારી નાખવાની ધમકીઓ : જજે પોતાનુ સુરક્ષા કવર વધારવા રજૂઆત કરી

વારાણસી

વારાણસીની જ્ઞાનવાપી મસ્જીદને લઈને ઐતિહાસિક નિર્ણય આપનાર સિવિલ જજ રવિ દિવાકરને ધમકીનો દોર સતત ચાલુ છે. કેટલાક દિવસો પહેલા જજનુ સુરક્ષા કવર ઘટાડીને એકસ કેટેગરીનુ કરાયુ હતુ. હાલ સતત મળતી ધમકીને પગલે સુરક્ષા કવર વધારીને વાય કેટેગરીનુ કરવાની માંગ કરાઈ છે.

જજે આરોપ લગાવ્યો છે કે, તેમને ઈન્ટરનેશનલ નંબરોથી સતત જાનથી મારી નાખવાની ધમકીઓ મળતી રહી છે. અલાહાબાદ હાઈકોર્ટે તેમને અને તેમના પરિવારને વાય શ્રેણીની સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો આદેશ કર્યો હતો, જેને બાદમાં ઘટાડીને એકસ શ્રેણીની કરવામાં આવી હતી. જજ રવિ દિવાકરની હાલમાં જ બરેલીમાં બદલી થઈ છે.

ઉલ્લેખનીય છે કે, જજ દિવાકરની સુરક્ષામાં હાલ બે સુરક્ષાકર્મી તૈનાત છે. જજના એક સહયોગીએ જણાવ્યુ હતુ કે. આટલી સુરક્ષા પર્યાપ્ત નથી. કારણ કે આ બંને સુરક્ષાકર્મીઓ આટોમેટીક બંદુક અને આધુનિક હથિયારો ધરાવતા આતંકવાદીઓનો મુકાબલો કરવા માટે જરૂરી હથિયારોથી સજ્જ નથી.

## બિહારમાં JDU નેતાની ગોળી મારી હત્યા

### સમર્થકોનો હોબાળો, રોડ પર કર્યા ચક્કાજામ

પટણા,

લોકસભા ચૂંટણીને કારણે દેશભરમાં રાજકીય માહોલ ગરમાયો છે, એવામાં બિહારમાં પટનાના પુનપુન વિસ્તારમાં જનતા દળ યુનાઈટેડના નેતા સૌરભ કુમારની ગોળી મારીને હત્યા થતા ચકચાર ફેલાઈ ગઈ છે. આ ઘટના બાદ નેતા સમર્થકો રોષે ભરાયા છે, લોકોએ પટના-પુનપુન રોડ બ્લોક કરીને હોબાળો મચાવ્યો છે.

ઘટનાની જાણકારી મુજબ JDUના નેતા સૌરભ કુમારની પટનાના પુનપુન વિસ્તારના પાઈમાર ગામ પાસે બેલડિયા પુલ પાસે ગુનેગારોએ ગોળી મારીને હત્યા કરી હતી. ફાયરિંગમાં તેમના એક મિત્ર મુનમુન કુમાર ઘાયલ થયા છે. તેમને સારવાર માટે પટનાની કાંકરબાગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેની હાલત નાજુક હોવાના અહેવાલ છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મામલાની તપાસ શરૂ કરી હતી. બીજી તરફ ઘટનાની જાણ થતાં જ ગામના લોકો વિરોધ પ્રદર્શન કરવા રસ્તા પર આવી ગયા હતા. લોકોએ પટના-પુનપુન રોડ બ્લોક કરી દીધો હતો. પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ લોકોને શાંત કરવાના પ્રયાસ કર્યા હતા. સ્નિફર ડોગ્સ સાથે ફોરેન્સિક સાયન્સ ટીમને સ્થળ પર પહોંચી હતી.

## મોદીની ગુજરાતમાં બે દિવસમાં ૬ સભાઓ : ૧૫ બેઠકો આવરી લેશે

અમદાવાદ,

દેશમાં સાત તબક્કામાં યોજાનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાનું મતદાન પૂરું થતાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતની ૨૬ પૈકી ૨૫ બેઠકો માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. ગુજરાતના સ્થાપના દિનના દિવસે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચારનો આરંભ કરે તેવી રીતે આયોજન કરાયું છે. વડાપ્રધાન ૧-૨ મે એમ બે દિવસમાં જ છ જાહેર સભાઓ ગજવશે. સંભવતઃ વડોદરામાં રોડ શો પણ કરી શકે છે.

વડાપ્રધાનનો પ્રવાસ દક્ષિણ ગુજરાતની બેઠકો સિવાય કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને આવરી લેશે. જેમાં દરેક સભામાં આસપાસની ત્રણ-ચાર બેઠકોને આવરી લેવાશે.રાજ્યની હવે ૨૫ બેઠકો પર જ ખરાખરીનો જંગ રહ્યો છે. ભાજપ માટે આણંદ, રાજકોટ, બનાસકાંઠા, વલસાડ, સુરેન્દ્રનગર, જામનગર જેવી બેઠકો પર ક્ષત્રિયોનો પડકાર છે.

### વડોદરામાં રોડ શો પણ કરી શકે છે



### અમિત શાહ ૨૭થી ૨૯ એપ્રિલ પ્રચાર પ્રવાસ શરૂ કરશે

ગુજરાતમાં ૫ મેના રોજ પ્રચારના પડઘમ શાંત થાય એ પહેલાં ભાજપના નેતાઓ નાની નાની સભાઓ, બેઠકો, સામાજિક બેઠકો યોજી પ્રચાર કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તા.૨૭થી ૨૯ એપ્રિલ દરમિયાન દાહોદ, પંચમહાલની એક સંયુક્ત સભા યોજશે. અમિત શાહ બારડોલીથી ૨૭મીએપોતાનોપ્રચારપ્રવાસશરૂકરશે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ અમિત શાહની સભાઓ ગોઠવાઈ રહી છે.

## કેજરીવાલની ધરપકડ યોગ્ય સુપ્રીમ કોર્ટમાં EDની એફિડેવિટ

### ૬ મહિનામાં ૯ સમન્સ મોકલ્યા, તેઓ જવાબ આપવા આવ્યા નહીં : ધરપકડ પણ તપાસનો એક ભાગ

નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ દિલ્હી લિકર પોલિસી કેસમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડ વિરુદ્ધની અરજીનો વિરોધ કર્યો છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી એફિડેવિટમાં EDએ કહ્યું કે ઘણી વખત સમન્સ મોકલવામાં આવ્યા છતાં તેમણે એજન્સીને સહકાર આપ્યો નથી.

EDએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે નવ વખત સમન્સ મળ્યા છતાં કેજરીવાલ પૂછપરછ કરવાનું ટાળી રહ્યા છે. તેમના વલણના કારણે જ તપાસ અધિકારીને તેમની ધરપકડનું કારણ મળ્યું. આ ઉપરાંત તપાસ અધિકારી પાસે હાજર બાબતોએ પણ તેઓ દોષિત હોવાનું સાબિત કરવામાં મદદ કરી છે.

## હું તેને બકરાની જેમ કાપી નાખીશ

### CM યોગી આદિત્યનાથને ખુલ્લેઆમ આપી ધમકી

પ્રયાગરાજ,

પ્રયાગરાજમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીને ધમકી આપતો વીડિયો સામે આવ્યો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને સોશિયલ મીડિયા પર ધમકી આપતા યુવક સામે પ્રયાગરાજ પોલીસ દ્વારા એફઆઈઆર પણ નોંધવામાં આવી છે. આ સાથે પોલીસે તેની ધરપકડ કરવા માટે કાર્યવાહી પણ હાથ ધરી દીધી છે. વાયરલ વીડિયોના આધારે આરોપી શમીમ ઉર્ફે બબલુ વિરુદ્ધ પ્રયાગરાજના ગંગાનગર ઝોનના નવાબગંજ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. સામાજિક કાર્યકર્તા સર્વેશ કુમારે કેસ દાખલ કર્યો છે.

આરોપી શમીમ ઉર્ફે બબલુનો એક વીડિયો સોશિયલ મીડિયામાં અત્યારે ખુબ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં શમીમ એવું કહી રહી રહ્યો છે કે, 'જો યોગી આદિત્યનાથ તેના ઘર પર બુલડોઝર ચલાવાની હિંમત કરશે તો હું તેને બકરાની જેમ કાપી નાખીશ.' નોંધનીય છે કે, આરોપી યુવક મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને ખુલ્લેઆમ ધમકી આપી રહ્યો છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

## IIT-JEE મેન્સનું પરિણામ જાહેર: નીલકૃષ્ણ ઓલ ઈન્ડિયા ટોપર

### ગુજરાતના ૨ સહિત ૫૬ વિદ્યાર્થીઓને ૧૦૦ પર્સેન્ટાઈલ મળ્યા : જનરલ કટઓફ ૯૩.૨૩%



નવીદિલ્હી,

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ JEE મેન્સ ૨૦૨૪ સેશન ૨નું પરિણામ જાહેર કર્યુ છે. એન્જિનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જોઈન્ટ એન્ટ્રન્સ ટેસ્ટ મેન્સ સેશન-૨ માટે હાજર થયેલા ઉમેદવારો હવે સત્તાવાર વેબસાઈટ jeemain.nta.ac.in પર તેમનું સ્કોરકાર્ડ ચેક કરી શકશે.

આ વખતે અત્યાર સુધીનો રેકોર્ડ તોડીને સૌથી વધુ ૫૬ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સેન્ટાઈલ હાંસલ કર્યા છે. જેમાં કર્ણાટકની સાનવી જૈન અને દિલ્હીની શાયના સિન્હા નામની બે છોકરીઓનો સમાવેશ થાય છે. ગત વખતે ૪૩ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા હતા. રાજ્ય પ્રમાણે, ૧૦૦ પર્સેન્ટાઈલમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ તેલંગાણાના ૧૫, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી ૭-૭, દિલ્હીમાંથી ૬, રાજસ્થાનમાંથી ૫, કર્ણાટકના ૩, તમિલનાડુ, ગુજરાત અને હરિયાણામાંથી ૨, ઉત્તર પ્રદેશ અને બિહારમાંથી ૧-૧ વિદ્યાર્થી છે.આ વખતે, JEE મેઈન્સના એપ્રિલ સત્ર માટે જનરલ કેટેગરીની કટઓફ પર્સન્ટાઈલ ૨૦૨૩ની સરખામણીમાં ૨.૪૫ પોઈન્ટ્સ વધારે હતું, જોકે સામાન્ય કેટેગરી માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ગત વખત કરતાં ૧૨૬૧ ઓછી છે. આ વખતે JEE એડવાન્સ માટે ક્વોલિફાઈંગ પર્સન્ટાઈલ પાંચ વર્ષમાં સૌથી વધુ છે. જનરલ કેટેગરીના ૯૭,૩૫૧ વિદ્યાર્થીઓને ૧૦૦ પર્સેન્ટાઈલ અને ૯૩.૨૩ વચ્ચે પસંદ કરવામાં આવ્યા છે. ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવનારા વિદ્યાર્થીઓમાં ૬ ઈઉજી કેટેગરીના છે, જેમાંથી ૪ તેલંગાણાના અને ૨ આંધ્રપ્રદેશના છે.

## હવે મામા દિલ્હી જશે : શિવરાજસિંહ ચૌહાણનું ભાષણ ચર્ચામાં

### વડાપ્રધાન મોદીએ પણ શિવરાજસિંહ ચૌહાણ સાથે જૂની વાતો યાદ કરી

નવીદિલ્હી,

મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને વિદિશાના ભાજપના ઉમેદવાર શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે હવે મામા દિલ્હી જશે અને દિલ્હીમાં પણ ખાલી નહી જાય. શિવરાજ સિંહના ભાષણનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. શિવરાજ સિંહ વીડિયોમાં કહે છે, "દેશમાં મોદીજી અને અહીં મોહન યાદવજી કામ કરશે અને હવે મામા દિલ્હી જશે અને દિલ્હી પણ ખાલી-પીલી નહી જાય. દૂબળો-પાતળો જરૂર છું પરંતુ કામ કરાવીને છોડીશ, ચિંતા ના કરતા. અહીના વિકાસ અને સારા માટે જઈશ."

આ વચ્ચે એક કાર્યકર્તાએ માંગ કરતા કહ્યું કે, તમારે દિલ્હીથી બે પદ લઈને આવવાનું છે. કૃષિ મંત્રી અને પંચાયત મંત્રી. જેના પર શિવરાજ સિંહ હસવા લાગ્યા હતા અને કહ્યું કે હું તો કાર્યકર્તા છું અને પાર્ટી જે પણ આપશે, પરંતુ જે કામ કરીશ, પુરી પ્રમાણિકતા સાથે કરીશ. હું તો તમારો છું અને તમારી સેવા કરતો રહીશ.

મધ્ય પ્રદેશના બેતુલમાં એક જનસભાને સંબોધતા પીએમ મોદીએ શિવરાજ સિંહ ચૌહાણ સાથેના જૂના સંબંધને યાદ કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું, "ત્રીજા તબક્કાનું મતદાન ૭મી મેના રોજ છે અને વિદિશાથી અમારા ઉમેદવાર શિવરાજ સિંહ ચૌહાણ છે. શિવરાજ સિંહ ચૌહાણ અને હું સંગઠનમાં સાથે કામ કરતા હતા. જ્યારે શિવરાજજી મુખ્યમંત્રી હતા ત્યારે હું પણ મુખ્યમંત્રી હતો અને હું તેમની સાથે જનરલ સેક્રેટરી તરીકે કામ કરતો હતો."

CMYK CMYK

# કાળઝાળ ગરમીનો વધુ એક રાઉન્ડ શરૂ ૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ને પાર

## આગામી એક અઠવાડિયા સુધી લોકોએ ગરમીનો સામનો કરવો પડશે



અમદાવાદ

હવે રાજ્યમાં ગરમીનો પારો ફરી એક વાર ઊંચકાયો છે. રાજ્યમાં મોટા ભાગનાં વિસ્તારમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો છે. આગામી દિવસોમાં હજુ પણ ગરમી વધવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. બુધવારથી તાપમાનમાં ગરમી વધવાથી ફરી એકવાર લોકોએ કાળઝાળ ગરમીનો સામનો કરવો પડી શકે છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે હજુ આગામી એક અઠવાડિયા સુધી લોકોએ ગરમીનો સામનો કરવો પડશે, રાજ્યનાં તાપમાનમાં હજુ વધારો થશે. હવામાન વિભાગ દ્વારા મળેલી માહિતી અનુસાર, બુધવારે રાજ્યના ૭ શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. અમદાવાદનું તાપમાન ૪૦.૮ ડિગ્રી નોંધાયું, જયારે ગાંધીનગરમાં ૪૦.૪ ડિગ્રી, વડોદરામાં ૪૦.૬ ડિગ્રી, રાજકોટમાં ૪૦.૫ ડિગ્રી, અમરેલીમાં ૪૦.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૦.૭ ડિગ્રી અને વીવી નગરમાં વીવી નગરમાં સૌથી વધુ ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આ સિવાય રાજ્યના અન્ય શહેરોની વાત કરીએ તો સૌથી ઓછું તાપમાન દ્વારકામાં ૩૦.૪ ડિગ્રી નોંધાયું છે, જયારે સુરત અને ભાવનગરનું તાપમાન અનુક્રમે ૩૮.૮ અને ૩૮.૨

# વસ્ત્રાપુરમાં જૂથ અથડામણમાં એક મહિલાનું મોત : ૪થી વધુ ઈજાગ્રસ્ત



અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાપુર ગામમાં જૂથ અથડામણની ઘટના સામે આવી છે. આ જૂથ અથડામણમાં એક મહિલાના મોતની માહિતી સામે આવી છે. અથડામણમાં ૪થી વધુ લોકો ઘાયલ થયા છે.

## પત્રિકામાં નામ છપાવવા બાબતે ભરવાડ સમાજના ૨ જૂથો વચ્ચે અથડામણ થઈ હતી

બે જૂથો મંદિર મામલે આમનેસામે આવી ગયા હતા જેમાં લીલીબેન ભરવાડ નામની મહિલાનું મોત થયું છે. ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વસ્ત્રાપુર ગામમાં મંદિરના જીર્ણોદ્ધારની પત્રિકામાં નામ છપાવવા બાબતે ભરવાડ સમાજના ૨ જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. જે બાદ મામલો ઉગ્ર બનતા પથ્થ્થરમારો થયો હતો જેમાં એક મહિલાનું મોત થયું હતું અને ૪થી વધુ લોકો ઘાયલ થયા હતા.

# ધંધામાં દેવુ થતાં વેપારીએ ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું

## યુવાન ઓનલાઈન સાડીનો વેપાર કરતો હતો

અમદાવાદ

ઉધનાના ઓનલાઈન સાડીના વેપારી યુવાને ધંધામાં દેવું થઈ જતા ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતુ. બીજા બનાવમાં ઘરકંકાસમાં ચોકબજારના યુવાને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મહારાષ્ટ્રના જલગાવનો વતની અને ઉધના વિપુલ નગર ખાતે રહેતો ૨૪ વર્ષીય કેતન પાટીલ ઓનલાઈન સાડીનો વેપાર કરતો હતો. મંગળવારે રાત્રે કેતને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કેતને ધંધો બરાબર ચાલતો ન હોવાથી માથે દેવુ થઈ જતા આપઘાતનું પગલું ભર્યું હોવાનું સામે આ?વ્યું હતું. આ સાથે લેણદારો દ્વારા તેની પાસેથી કડક ઉઘરાણી કરાતી હોવાની શંકા વ્યકત કરાઈ છે.

ચોક બજાર પટની કોલોનીમાં રહેતો ૨૮ વર્ષીય મુહમ્મદ સલીમ મોહંમદ જમીલ અંસારી છુટક મજુરી કરી ગુજરાન ચલાવતો હતો. ચાર પાંચ મહિના પહેલા જ તેના લગ્ન થયા હતા. સલીમ અને તેની પત્ની વચ્ચે નાની નાની બાબતોમાં ઝગડા થતા હતા. મંગળવારે પણ ઝગડો થતા તેની પત્ની પિયર જતી રહી હતી.

# ગાંધીનગરમાં મતદાનના દિવસે હોટલ- રેસ્ટોરન્ટ જેવા વ્યવસાય સાથે સંકળાયેલ વેપારીઓએ કરી ૭ ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત

## ૭મીના રોજ યોજાનાર મતદાનને યાદગાર બનાવવા માટે શહેરના તમામ સ્વીટમાર્ટ, ૧૫થી વધુ હોટલો, ભાજીપાઉ-પાણીપુરી સાથે પીઝા અને કેએફસીએ અનોખી પહેલને વધાવી

ગાંધીનગર,

લોકશાહીના અવસરની ઉત્સાહભેર ઉજવણી કરવા માટે ગાંધીનગર થનગની રહ્યું છે. લોકશાહીના અવસરને વધાવવા માટે ગાંધીનગર શહેર સહિત જિલ્લાના વેપારીઓએ મતદારો માટે ડિસ્કાઉન્ટની લ્હાણી કરી છે.ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેની પ્રેરણાથી લોકશાહીના આ અવસરને વધાવવા માટે ૨૬ વેપારીઓ સાથે ગાંધીનગર મીઠાઈ- ફરસાણના એસોશિએશને મતદાન કરનાર વ્યક્તિને ૭ ટકા ડિસ્કાઉન્ટ આપવાની અનોખી પહેલને આવકારી છે.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં સૌથી વધુ મતદાન થાય તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ સ્વીપ અંતર્ગત મતદાન જાગૃત્તિના અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં તા.૨૨ એપ્રિલ થી તા. ૦૫મી મે, સુધી ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત મતદાન જાગૃત્તિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મતદારોમાં મતદાન કરવાની પોતાની નૈતિક ફરજ અદા કરવાની છે, તે યાદ કરાવવા માટે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ૭ ટકા ડિસ્કાઉન્ટની ઉમદા પહેલ... રાજયભરમાં સૌ પ્રથમ શરૂ કરી હતી. જેના ભાગરૂપે નાયબ કલેકટર શ્રી અર્જુનસિંહ વણઝારાના પ્રયાસોથી લોકશાહીના અવસરના વધામણા કરવાની ઉમદા પહેલને ગાંધીનગર શહેરના વેપારીઓએ ઉત્સાહભેર વધાવી લીધી છે.

મતદાન કરનાર નાગરિકને ભોજન, નાસ્તો કે અન્ય ચીજ વસ્તુઓ પોતાની દુકાન પરથી ખરીદે તો ૭ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવનાર છે. જેમાં ગાંધીનગર શહેરના મીઠાઈ-ફરસાણ એસોસિએશ હર્ષભેર સહભાગી બન્યું છે. તેની સાથે ગાંધીનગરની નામાંકિત એવી રાધે સ્વીટ, વૃન્દાવન સ્વીટ માર્ટ, અંબિકા સ્વીટ (સેકટર-૨૪), આનંદ સ્વીટ માર્ટ ( સેકટર-૧૬) દ્વારા પોતાની તમામ બ્રાન્ચ પરથી ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરાઈ છે.

# જાણીતા ટેનિસ ખેલાડી માધવીન કામથ સામે FIR

## કામથ હાલ ટેનિસ ટુર્નામેન્ટ રમવા માટે ફ્રાન્સ ગયો છે

અમદાવાદ

અમદાવાદમાં રહેતા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ટેનિસ પ્લેયર માધવીન કામથ વિરુદ્ધ અમદાવાદ સાયબર ક્રાઈમમાં ગુનો નોંધવામાં આવ્યો છે. જે ફરિયાદમાં એક યુવતીએ જણાવ્યું હતું કે, તેના અલગ અલગ વિસ્તારમાં પોસ્ટર લાગ્યા છે અને તેનો નંબર ફોર એસ્કોર્ટ સર્વિસ લખીને બદનામ કરવામા આવી છે. આ સંદર્ભે તપાસ કરતા આ પોસ્ટર માધવીન કામથે બનાવડાવ્યા હતા. હાલ આ મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. જોકે સાયબર ક્રાઈમના ડીસીપીએ જણાવ્યું હતું કે, કામથ હાલ ટેનિસ ટુર્નામેન્ટ રમવા માટે ફ્રાન્સ ગયો છે.

# નર્મદા નદીમાં ડૂબી જતા બે સગા ભાઈઓના મોત

## ગરડેશ્વર દત્ત મંદિરે નર્મદા નદીના કિનારામાં નાનો ભાઈ નાહવા જતા ડૂબ્યો, તેને બચાવવા જતા મોટોભાઈનું પણ પાણીમાં ગરકાવ

અમદાવાદ,

નર્મદા જિલ્લાના ગરડેશ્વર દત્ત મંદિરે નર્મદા નદીના કિનારા માટે દર્શનાર્થે આવેલા ત્યારબાદ બે ભાઈઓ નર્મદા નદીમાં સ્નાન કરવા માટે ગયા હતા. ત્યારે વિશાલ રાજુ રાઠોડ ગડેશ્વર દત્ત મંદિરના ઓવરા પાસે નર્મદા નદીમાં નાહવા ગયેલ ત્યારે અચાનક એકા એક તે પાણીમાં ડૂબવા લાગતા તેની સાથે નહાવા પડેલો એનો મોટો ભાઈ વેંકટ રાજુ રાઠોડે પણ તેને નાના ભાઈને બચાવવા પ્રયાસ કર્યો, પરંતુ બંને ભાઈઓના ડૂબી જવાથી કરુણ મોત થયા છે. બંને ભાઈઓના મોત થતાં પોલીસે આ બાબતે તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે બંને ભાઈઓ ગરડેશ્વર ખાતે દત્ત મંદિરે દર્શન કર્યા બાદ જે ઓવારાનો ભાગ છે. ત્યાં નાહવા ગયા હતા. પરંતુ ભાગમાં મોટો ખાડો પડેલો છે. ત્યાં ખાડો પડી છે જેમાં પહેલા એક ભાઈ ડૂબ્યો ત્યારબાદ બીજો ભાઈ તેને બચાવવા જતા બંને ભાઈઓના કરુણ મોત થયા છે.

# આઈસક્રીમ લેવા જેવી નજીવી બાબતે અમદાવાદના નવરંગપુરામાં હત્યા

અમદાવાદ,

અમદાવાદના નવરંગપુરામાં હત્યાનો બનાવ બન્યો છે. શીતલ આઈસક્રીમ પાસે હત્યાનો બનાવ બન્યો છે. હત્યા પાછી કોઈ વ્યક્તિગત અદાવતમાં કરવામાં આવી નથી, પણ આઈસક્રીમ લેવા જેવી નજીવી બાબતે હત્યા કરવામાં આવી છે. જીતેન્દ્ર દંતાણી નામના યુવકની હત્યા કરવામાં આવી છે. પોલીસે હત્યાના પગલે સગીરની ધરપકડ કરી છે અને કેસની તપાસ આદરી છે.

નવરંગપુરા જેવા ક્રીમ એરિયામાં સરેઆમ જાહેરમાં આ રીતે હત્યાનો બનાવ બનતા કેટલીય દુકાનોના શટર પડી ગયા હતા. ભયની લાગણી ફેલાઈ ગઈ હતી. લોકોમાં નાસભાગ બચી ગઈ હતી અને ડરનો માહોલ છવાઈ ગયો છે. પોલીસે આરોપીને રિમાન્ડ હોમમાં મોકલી આપશે તેમ મનાય છે. આરોપી સગીરે ફક્ત ક્ષણિક આવેશમાં આવીને હત્યા કરી હોવાનું મનાય છે.

# સુરતમાં એક મહિનામાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા ૩૪૯૮ બાઈક કરાયા જપ્ત

## મોડીફાઈડ સાયલન્સર લગાવેલા ૨૦૦થી વધુ બુલેટ કબજે કરાયા કુલ ૧૭ લાખનો દંડ વસૂલ

સુરત

સુરતમાં પોલીસની અનોખી કામગીરી સામે આવી છે. છેલ્લા એક મહિનામાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા ૩ હજાર ૪૯૮ બાઈક જપ્ત કરી ૧૭ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. ખટોદરા પોલીસ સ્ટેશન,ઉમરા પોલીસ સ્ટેશન,વેસુ પોલીસ સ્ટેશન,અલથાણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વીક એન્ડ દરમિયાન મોડીફાઈ બાઈક શોધી કાઢવાની મુહીમ શરૂ કરવામાં આવી હતી. જેમાં એક મહિનામાં ૩૪૯૮ જેટલા વાહનો કબજે કરવામાં આવ્યા હતા.

મોટાભાગે બુલેટ બાઈકમાં મોડિફાઈડ સાયલેન્સર લગાવવામાં આવ્યું હતું. મોડીફાઈડ સાયલન્સર લગાવેલા ૨૦૦થી વધુ બુલેટ કબજે કરાયા. ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું જે બાઈક મોડીફાઈ કરવામાં આવે છે અને ખાસ કરીને સાઈલેન્સર મોડીફાઈ કરવામાં આવે છે તેમાં ૧૨૫ ડેસીબલ જેટલો અવાજ આવતો હોવાનું નોંધાયું હતું.

# સિંહોના મોતના મુદ્દે વિભાગો દ્વારા અપાતી 'ખો'થી ગુજરાત હાઈકોર્ટ થઈ નારાજ

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે ભારતીય રેલ્વે અને વન વિભાગની કામગીરીમાં ભૂલ કરનાર અધિકારીઓને જવાબદાર ઠેરવવા અને જાન્યુઆરીમાં રેલવે ટ્રેક પર ત્રણ સિંહોના મૃત્યુનું કારણ શોધવા માટે ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપશે. વિભાગોએ તેમના ''સ્કેચી'' તપાસ અહેવાલો માટે જણાવ્યું હતું અને કહ્યું હતું કે અદાલત વિભાગીય પૂછપરછ અને વંશવેલોના તળિયે રહેલા લોકોને નોકરીમાંથી કાઢી મૂકવાથી સંબંધિત નથી.

એશિયાટિક સિંહોના અકુદરતી મૃત્યુ અંગે હાઈકોર્ટની બેન્ચ સુઓ મોટુ પીઆઈએલની સુનાવણી કરી રહી છે. ખંડપીઠે બે અકસ્માતોમાં સિંહોના મૃત્યુની તપાસ અંગે અસંતોષ વ્યક્ત કર્યો હતો અને પ્રશ્ન કર્યો હતો કે વિભાગના વડાઓએ તપાસ અહેવાલ કેમ માંગ્યો નથી.

# પ્રિયંકા ગાંધી શનિવારે વલસાડના ધરમપુરમાં જનસભાને સંબોધશે

અમદાવાદ,

ગુજરાતમાં કોંગ્રેસ આ લોકસભાની ચૂંટણીમાં લડી લેવાના મૂડમાં છે. વિધાનસભા સમયે હાઈકમાન્ડમાંથી રાહુલ કે પ્રિયંકાએ ગુજરાત આવવાનું ટાળ્યું હતું પણ ૫ વર્ષ બાદ પ્રિયંકા વલસાડમાં આવી રહ્યાં છે. પ્રિયંકા ગાંધી લાંબા સમય બાદ ગુજરાતમાં કોંગ્રેસ માટે પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે વલસાડના ધરમપુરમાં જનસભાને સંબોધશે. પાર્ટીએ અહીંથી વર્તમાન ધારાસભ્ય અનંત પટેલને ઉમેદવાર બનાવ્યા છે. તેઓ ભાજપના ધવલ પટેલ સામે ચૂંટણી લડી રહ્યા છે.



કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાં પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે ધરમપુરના દરબારગઢ ખાતે વલસાડથી પાર્ટીના ઉમેદવાર અનંત પટેલના સમર્થનમાં જાહેર સભાને સંબોધશે. વિધાનસભાની ચૂંટણીમાં અનંત પટેલની ભારત જોડો યાત્રા વચ્ચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પ્રચાર કરવા પહોંચ્યા હતા. હવે પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણીમાં તેમના માટે પ્રચાર કરશે. ભાજપે વલસાડ લોકસભા બેઠક પરથી ધવલ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. વલસાડ ગુજરાતની તે બેઠકોમાંથી એક છે જેના પર કોંગ્રેસની પક્કડ સારી છે. પ્રિયંકા ગાંધી છેલ્લે માર્ચ ૨૦૧૯માં ગુજરાત પહોંચ્યા હતા. આ પછી તેઓ પ્રથમ CWC મીટિંગમાં હાજરી આપવા આવ્યા હતા.

# ૪ મહિનાના લગ્ન જીવનમાં ખટાસ આવતા પતિએ જ પત્નીની હત્યા કરી!

વલસાડ,

વલસાડ શહેરમાં ૪ મહિનાના લગ્ન જીવન બાદ પતિ-પત્ની વચ્ચે ચાલતા અણબનાવનો કરૂણ અંજામ આવ્યો છે. છૂટાછેડા ન આપતા પતિએ જ પોતાની પતિની હત્યા કરી નાખી છે, ત્યારે પોલીસે હત્યારા પતિની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અનિલ રાઠોડ નામના વ્યક્તિની ઘરમાં તેમની દીકરી જિજ્ઞાનો મૃતદેહ મળી આવતા પરિવારના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. નાની મોટી મજૂરી કામ કરતાં અનિલભાઈ તેમની પત્ની અને ૨ દીકરી જિજ્ઞા અને અને કાજલ સાથે સુખી જીવન ગાળતા હતા, ત્યારે ૪ મહિના અગાઉ તેમની મોટી દીકરી જિજ્ઞાએ પાલણ ગામના વૈભવ નાયકા સાથે પ્રેમલગ્ન કરી લીધા હતા. જોકે, વૈભવના પરિવારે જિજ્ઞાને સ્વીકારી ન હતી. જેના કારણે જિજ્ઞા હાલ તેના પિતાના ઘરે રહેતી હતી, અને એક કંપનીમાં નોકરી કરી પિતાને મદદ કરતી હતી. અચાનક બપોરના સમયે પિતા જ્યારે ઘરની બહાર ગયા, ત્યારે દીકરી જિજ્ઞા અને જમાઈ વૈભવ ઘરમાં હાજર હતા. ૨ કલાક બાદ જ્યારે પિતા ઘરે પરત ફરતા જાણવા મળ્યું કે, જીજ્ઞા કઈ બોલતી નથી અને બેભાન હાલતમાં ઘરમાં પડી છે, ત્યારે પરિવાર તાત્કાલિક જિજ્ઞાને કસ્તુરબા હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા, જ્યાં કસ્તુરબા હોસ્પિટલના તબીબે તેને મૃત જાહેર કરી હતી. ઘટનાને પગલે વલસાડ સીટી પોલીસે પિતાની ફરિયાદ લઈ તપાસ શરૂ કરી હતી.

# સ્કવોર્ડ દ્વારા ૧૫ કરોડનો દારૂ સહિત કુલ રૂ.૧૨૩ કરોડની ચીજો ઝડપાઈ

ગાંધીનગર,

ગુજરાતમાં ચૂંટણી જાહેર થઈ ત્યારથી માંડીને અત્યાર સુધીમાં કુલ રૂ.૧૨૧.૬૫ કરોડની બેનંબરી ગેરકાયદેસર પ્રતિબંધિત ચીજો પકડાઈ છે. ચૂંટણી ખર્ચ નિયંત્રણ અને દેખરેખ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફલાઈંગ સ્કવોડ તથા ૧,૨૦૩ સ્ટેટિક સર્વેલન્સ ટીમ દ્વારા આ બધી ચીજો પકડાઈ છે, જેમાં દારૂ-નશીલા પદાર્થો, જર-ઝવેરાત, રોકડ રકમ વગેરે સામેલ છે. રાજ્યમાં ૧૬મી માર્ચથી ૨૧મી એપ્રિલ સુધીમાં ચૂંટણી તંત્રની મોબાઈલ એપ સી-વિજિલ ઉપર આચારસંહિતાના ભંગ બાબતની કુલ ૨,૮૩૮ ફરિયાદો મળી છે, નેશનલ ગ્રિવન્સ સર્વિસીસ પોર્ટલ ઉપર મતદાર ઓળખકાર્ડ અંગે



૮,૧૪૨ મતદાર યાદી સંદર્ભે ૭૬૦, મતદાર કાપલી સંદર્ભે ૨૦૦ તથા અન્ય ૧,૯૦૦ મળીને કુલ ૧૧,૦૦૨ ફરિયાદો મળી છે, ઉપરાંત મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી ખાતેના કંટ્રોલ રૂમ ઉપર ૧૯૩ ફરિયાદો, મીડિયા મારફતે ૧૮ ફરિયાદો, ટપાલ-ઈ-મેઈલ દ્વારા રાજકીય પક્ષો તરફથી ૩૯, ભારતના ચૂંટણી પંચ મારફતે ૪૫ તથા અન્ય ૪૦૯ મળી ૫૦૮ ફરિયાદો મળી છે. આમ કુલ ૧૪,૫૪૬ ફરિયાદો ચૂંટણી પંચમાં ખડકાઈ છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું છે કે, આખરી મતદાર યાદી મુજબ રાજ્યમાં ૨, ૫૬, ૧૬, ૫૪૦ પુરુષ, ૨, ૪૧, ૫૦, ૬૦૩ સ્ત્રી તથા ૧,૫૩૪ ત્રીજી જાતિના મળીને કુલ ૪, ૯૭, ૬૮, ૬૭૭ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ આ ચૂંટણીમાં કરી શકશે. આ તમામ મતદારોને એપિક કાર્ડ યાને મતદાર ઓળખપત્ર આપી દેવાયા છે. આવતીકાલ બુધવારથી રાજ્યના બૂથ લેવલ ઓફિસરો દ્વારા એમને વોટર ઈન્ફર્મેશન સ્લિપનું વિતરણ ઘેર ઘેર ફરીને કરવામાં આવશે.

# હું નિલેશ કુંભાણીને છેલ્લાં શ્વાસ સુધી છોડવાનો નથી : પ્રતાપ દૂધાત

અમદાવાદ,

લોકસભાની ૨૦૨૪ના ત્રીજા તબક્કામાં સાતમી મેએ ગુજરાતમાં મતદાન થવાનું છે જો કે તે પહેલા જ સુરતમાં કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થતા ભાજપના ઉમેદવારનો બિનહરીફ રીતે વિજેતા જાહેર થયા હતા. ત્યારબાદથી નિલેશ કુંભાણી ભુર્ગમાં ઉતરી ગયા છે અને હવે તેની ભાજપમાં જોડાવાની પણ ચર્ચા થઈ રહી છે ત્યારે અમરેલી કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાતે કુંભાણી પર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે 'હું નિલેશ કુંભાણીને છેલ્લાં શ્વાસ સુધી છોડવાનો નથી.'

સુરતમાં નિલેશ કુંભાણી ફોર્મ રદ થયા



બાદથી ગાયબ છે અને તેનો હજુ સુધી કોઈ સંપર્ક થયો નથી. ત્યારે કોંગ્રેસના કાર્યકરોમાં ભારે નારાજગી અને રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે અમરેલી જિલ્લાના કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દૂધાતે નિલેશ કુંભાણીને ગદ્દાર ગણાવીને કહ્યું હતું કે 'હું છેલ્લાં શ્વાસ સુધી નિલેશ કુંભાણીને છોડવાનો નથી. હવે સુરતમાં કાં તો એ રહેશે કાં તો હું રહીશ. તેણે જ્યાં છુપાવું હોય છુપાઈ જાય. સી.આર.પાટીલના ઘરે જતા રહેવું હોય તો જતા રહે. હું તેનો સ્મશાન સુધી પીછો કરીશ.'

આ સિવાય પ્રતાપ દુધાતે વધુમાં કહ્યું હતું કે 'નિલેશ કુંભાણીએ પીઠમાં ખંજર માર્યું છે અને કુંભાણીના કારણે જ કોંગ્રેસે સુરતની બેઠક ગુમાવી છે.' આ ઉપરાંત અમરેલી કોંગ્રેસ પ્રમુખે નિલેશ કુંભાણીની ભાજપમાં જોડાવાની વાત પર જણાવ્યું હતું કે 'જો નિલેશ કુંભાણી ભાજપમાં જોડાશે તો તેનો (કુંભાણી)નો વિરોધ થશે.

## મહુવા તાલુકાના મોટી જાગધાર ગામે લગ્નમાં અપાયો મતદાન જાગૃતિનો સંદેશો



લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. કે. મહેતાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અનેક મતદાન જાગૃતિના કાર્યક્રમો થઈ રહ્યા છે જે અંતર્ગત મહુવા તાલુકાના મોટી જાગધાર ગામે લગ્નમાં મતદાન જાગૃતિનો સંદેશો આપવામાં આવ્યો હતો. મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મહુવા તાલુકાના મોટી જાગધાર ગામે ક્લસ્ટર કો-ઓર્ડીનેટર મહેશભાઈ જોષી દ્વારા લગ્નમાં આવેલ મહેમાનો અને યજમાનોને મતદાન જાગૃતિ અંગેનો સંદેશો આપવામાં આવ્યો હતો. જેથી લગ્નમાં આવેલ લોકોને આગામી ૭ મે ના રોજ મતદાન કરીને પોતાની ફરજ અદા કરવા અંગે જણાવાયું હતું. આ ઉપરાંત બધાને મતદાન કરવા અંગેના પેમ્પલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

## દિવ્યાંગો અને સિનિયર સિટીઝનો મતદાતાને માહિતી માટે હેલ્પલાઈન

ભાવનગર,તા.૨૫

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં તા.૦૭/૦૫/૨૦૨૪નાં રોજ દિવ્યાંગો અને સિનિયર સિટીઝન (અશક્ત) લોકો સરળતાથી મતદાન કરી શકે તે માટે સુવિધા અને કોઇ પ્રશ્નની જાણકારી માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી ખાતે કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવશે. જેનો હેલ્પ લાઈન નંબર-૦૨૭૮-૨૪૨૫૬૦૯ પર મદદ માટે સંપર્ક કરી શકશે તેમ, PWDના નોડલ અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી,ભાવનગર દ્વારા જણાવાયું છે.

## તળાજાના નેશીયા ગામે સખી મંડળ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ



તળાજાના નેશીયા ગામે સખી મંડળ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ અંતર્ગત સખી મંડળ ના બહેનો દ્વારા શપથ ગ્રહણ કરવામાં આવી હતી. સખી મંડળની બહેનો દ્વારા મનરેગાની સાઈટ પર મતદાન જાગૃતિ કરાવવામાં આવી હતી.

## વલ્લભીપુરના રંગપર ગામે સખી મંડળની બહેનો દ્વારા મતદાન મથકની સફાઇ કરાઇ

ભાવનગર,તા.૨૫

વલ્લભીપૂરમાં સખી મંડળની બહેનો દ્વારા મતદાન મથકની સફાઇ કરવામાં આવી હતી. જે અંતર્ગત મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત રંગપર ગામમાં સખીમંડળનાં બહેનો દ્વારા મતદાન મથકની સફાઇ કરીને મતદાન માટે શપથ લેવામાં આવી હતી.

## જનરલ નિરીક્ષક ડો. વીણા માધવને સણોસરાના બુથોની મુલાકાત લીધી



ભાવનગર,તા.૨૫

ભાવનગર લોકસભા બેઠકનાં જનરલ નિરીક્ષક ડો. વીણા માધવન દ્વારા ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ, પક્ષો સાથે બેઠક થઈ રહી છે ત્યારે બુધવારે શિહોર તાલુકાના સણોસરા ગામના બુથોની મુલાકાત લેવામાં આવી હતી. જનરલ નિરીક્ષક ડો. વીણા માધવન દ્વારા ૧૦૨ પાલીતાણા વિધાનસભા મત વિસ્તારમા સમાવિષ્ઠ શિહોર તાલુકાના સણોસરા ગામના બુથોની મુલાકાત લઈને મતદારો માટેની જરૂરી ભૌતિક સુવિધા, રેમ્પ, પાર્કિંગની વ્યવસ્થા, પીવાના પાણી તેમજ ટોયલેટની વ્યવસ્થા અંગેની ચર્ચાઓ કરી હતી તેમજ ઉપસ્થિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ઈગ્લીંશ દારૂની પ્રવૃતિ કરતા ચમારડીના શખ્સને પાસા હેઠળ લાજપોર જેલ ધકેલાયો

ભાવનગર, તા.૨૫

ભાવનગર રેન્જ IGP ગૌતમ પરમાર, પોલીસ અધિક્ષક ડો. હર્ષદ પટેલ તથા ના.પો.અધિ. મિહીર બારીયાના માર્ગદર્શન હેઠળ તથા સી.પી.આઇ. જે.કે.ડામોર પાલીતાણાની સુચના આધારે તાજેતરમાં લોકસભા ચુંટણી હોય અને લોકો શાંતિ પુર્ણ રીતે કોઇપણ જાતના ડર વિના મતદાન કરી શકે તે માટે અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલા આરોપીઓ ઉપર અંકુશ લાવવા પાસા, તડીપાર વિગેરે જેવા અટકાયતી પગલા લેવા સુચના થઇ આવેલ હોય જે સુચના આધારે વલ્લભીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતો અને અગાઉ ઇગ્લીંશ દારૂની અસામાજીક પ્રવ્રુતિ સાથે સંકળાયેલ કાર્તિક ઉર્ફે કતરો રતીલાલભાઇ લકુમ ઉ.વ. ૨૧ રહે. ચમારડી ગામ તા. વલ્લભીપુર જી. ભાવનગર વાળા વિરુધ્ધ પાસા ધારા હેઠળની પ્રપોઝલ તૈયાર કરી વડી કચેરી મારફતે મેં જીલ્લા મેજીસ્ટ્રેટ ભાવનગર તરફ મોકલી આપવામાં આવેલ હતી. જે પ્રપોઝલને ધ્યાને લઇ જીલ્લા મેજીસ્ટ્રેટે કાર્તિક ઉર્ફે કતરો રતીલાલભાઇ લકુમ ઉ.વ. ૨૧ રહે. ચમારડીને અટકાયતમાં લઇ લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવા હુકમ ફરમાવેલ હતો જે આધારે તેની અટકાયત કરી જરૂરી કાર્યવાહી કરી પોલીસ પાર્ટી સાથે લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે.

## આડોડીયાવાસનો શખ્સ ચોરી કરેલ એકટીવા સાથે ઝડપાયો

ભાવનગર, તા.૨૫

લોકસભા ચૂંટણીના અનુસંધાને ભાવનગર પોલીસ દ્વારા સઘન ચેકિંગ અને પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યૂ છે જેના ભાગરૂપે ભાવનગર પેરોલ ફર્લો સ્કવોર્ડને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરના ગધેડીયા મેદાનમાંથી એક યુવાનને ચાર વ્હિલવાળા ચોરી કરેલા એકટીવા સાથે ઝડપી લીધો હતો.



ભાવનગર,પેરોલ ફર્લો સ્કવોડનાં માણસો ભાવનગર શહેર વિસ?તારમાં ચોરીનાં વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા માટે શંકદારોની તપાસમાં હતાં.તે દરમ્યાન બાતમી મળેલ કે ભાવનગર,ગધેડીયા ગ્રાઉન્ડમાં એક ઈસમ શંકાસ્પદ કાળા કલરની ચાર વ્હીલવાળી એક્ટીવા રજી.નંબર- GJ-04-CQ-6985નુ લઈને ઉભો છે.જેથી બાતમીવાળી જગ્યાએ તપાસ કરતાં વિષ્ણુભાઇ ઉર્ફે લાલો મનુભાઇ સોલંકી ઉ.વ.૧૯ ધંધો-મજુરી/હિરા ઘસવાનો રહે.દેવીપૂજકવાસ, સ્લમ બોર્ડ, તિલકનગર, આનંદનગર, ભાવનગર વાળો ઉપરોકત વર્ણનવાળા એકટીવા સ્કુટર સાથે હાજર મળી આવેલ જે સ્કુટર અંગે તેની પાસે આધાર-પુરાવા ન હોય. આ સ્કુટરના રજી.નંબર આધારે ઓનલાઇન ઇ-ગુજકોપમાં સર્ચ કરતાં વાહન માલિક સંજયભાઇ પ્રકાશભાઇ પરમાર રહે.આડોડિયાવાસ, ભાવનગરવાળા હોવાનું જણાય આવેલ.જેથી વિષ્ણુભાઇ ઉર્ફે લાલો મનુભાઇ સોલંકી પાસેથી સ્કુટર શંકાસ્પદ મિલ્કત તરીકે તપાસ અર્થે કબ્જે કરેલ.તેની આ સ્કુટર બાબતે પુછપરછ કરતાં બે દીવસ પહેલા ભાવનગર, આડોડીયાવાસ,મેલડી માતાના મંદીર પાસે એક રહેણાંક મકાનની સામે રસ્તા ઉપરથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ.જેથી આગળની વધુ તપાસ થવા માટે તેને ઘોઘા રોડ પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ.

## તમામ શાળાઓનો સમય સવારના ૭થી ૧૧નો કરાયો

ભાવનગર, તા.૨૫

હાલમાં હીટવેવની સ્થિતિ સમગ્ર ગુજરાતમાં પ્રવર્તી રહી છે ત્યારે રાજયભરની શાળાઓમાં હીટવેવ અંતર્ગત કેટલાક નિયમો જાહેર કરવામાં આવ્યા છે જેને તમામ શાળાઓએ પાળવાના રહેશે. અત્યારે ઉનાળામાં ગરમીના સમયગાળામાં ખુલ્લામાં હાથ ધરનારા વર્ગો કરવા નહીં આ ઉપરાંત ગરમીની સિઝનમાં શાળાઓનો સમય સવારે ૭ વાગ્યાથી ૧૧ વાગ્યા દરમ્યાનનો રાખવા તાકીદ કરાઇ છે.

ભાવનગર સહિત સમગ્ર ગુજરાત રાજયમાં આવી જ્યારે ગરમીનું મોજું ફરી વળ્યું છે ત્યારે આ અંગે પૂર્વ તૈયારી બાબતે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા એક પરિપત્ર જાહેર કરીને જણાવ્યું છે કે ગુજરાત હીટ વેવ એક્શન પ્લાન મુજબ કાર્યવાહી શાળાઓમાં પણ હાથ ધરવાની થતી હોય ખાસ તકેદારીના પગલાં લેવા તેમજ તમામ શાળાઓમાં શિક્ષકોની મદદથી બાળકોને હીટવેવ અને તેની અસરો તેમજ તેનાથી બચવાના ઉપાયોની સમજણ આપવી અને ઉનાળા દરમિયાન કોઈ પણ ઓપન એર એટલે કે ખુલ્લામાં હાથ ધરનારા વર્ગો કરવા નહીં. આ ઉપરાંત ગરમીની સિઝનમાં શાળાઓનો સમાવેશ સવારે સાત વાગ્યાથી ૧૧ વાગ્યા દરમ્યાનનો રાખવા પ્રાથમિક શિક્ષણના નાયબ નિયામક દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારી તથા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીઓને તાકીદ કરવામાં આવી છે

## સરતાનપર બંદરના કિશોરનુ કુંઢેલી નજીક કેનાલમાં ડૂબી જવાથી મોત

તળાજા,તા.૨૫

તળાજા તાલુકામા હમણા કાળ ચક્ર ચાલી રહ્યુ હોય અને યમરાજાના ડેરા તંબુ આ પંથકમાં હોય તેમ થોડા સમય અગાઉ કઠવા, ઉચડી સહિત અનેક ગ્રામ્ય વિસ્તારમા કેનાલમાં કે તળાવમાં ડૂબી જતા યુવાનોના મોત થઈ ચુક્યા છે. ત્યારે આજે તળાજા તાલુકાના કુંઢેલી ગામ નજીક કેનાલમાં ડૂબી જતા એક ૧૬ વર્ષના કિશોરનું મોત નિપજતા અરેરાટી છવાઈ જવા પામેલ.



મળતી વિગતો મુજબ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના કુંઢેલી ગામ નજીક અકસ્માતે કેનાલમાં એક કિશોર ડૂબ્યો હતો જેની જાણ થતા આસપાસના વિસ્તારમાંથી તરવૈયાઓ અને સેવાભાવી લોકો દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. કલાકોની જહેમત બાદ મૃતદેહ મળી આવ્યો હતો અને મૃતદેહને પીએમ અર્થ હોસ્પિટલ ખસેડાયેલ ઘટનાની માહીતી મળતા તળાજાના ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણ તાલુકા પ્રમુખ સહિત અગ્રણીઓ દોડી જઇ પરીવારને સાંત્વના આપી હતી.

મૃતક વ્યક્તિનું નામ જયદીપભાઈ ભરતભાઈ મેર સરતાનપર બંદર ગામના હોવાનું હોસ્પિટલથી જાણવા મળ્યું હતું. સરતાનપર ગામના સરપંચ સહિત અગ્રણીઓ હોસ્પિટલ દોડી ગયા હતા. સરતાનપર બંદર ગામે શોકનો માહોલ છવાયો હતો.

## દેશી બનાવટની જામગરી બંદુક સાથે શખ્સને ઝડપી લેતી LCB



ભાવનગર, તા.૨૫

ભાવનગર,એલ.સી.બી. સ્ટાફનાં માણસો સોનાગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન દેશી હાથ બનાવટની બંદુક અંગે મળેલ બાતમી આધારે ભાવનગર, ઈશ્વરીયા ગામના પાટીયે, મેલડીમાતાના મંદિરથી ચોરવડલા ગામ તરફ જવાના રસ્તે ડુંગર વિસ્તારમાંમાંથી વિજયભાઇ અશોકભાઇ રાઠોડ ઉ.વ.૨૭ રહે.નવા પ્લોટ વિસ્તાર, મેલડીમાંના મંદિર પાસે, ઈશ્વરીયા, તા.શિહોર વાળો દેશી હાથ બનાવટની જામગરી બંદુક સાથે મળી આવેલ. તેની પાસે લાયસન્સ કે કોઇ સક્ષમ અધિકારીનો પરવાનો નહિ હોવાથી દેશી હાથ બનાવટની બંદુક તપાસ અર્થે કબ્જે કરી તેના વિરૂધ્ધ સોનગઢ પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એકટની કલમો હેઠળ ગુન્હો દાખલ કરાવવામાં આવેલ.

## ૫૧ પ્રજ્ઞાચક્ષુ પરિવારોને મેગા અનાજ કીટનું વિતરણ કરાયુ

ભાવનગર, તા.૨૫

હીનાબેન મુકેશભાઈ ઓઝા, શહેનાઝબેન યાસીનઅલી વકીલ અને ચેતનાબેન પુનિતભાઈ ઓઝાનાં આર્થિક સહયોગથી ૫૧ પ્રજ્ઞાચક્ષુ પરિવારોને અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ અને અંધ અભ્યુદય મંડળ ભાવનગર દ્વારા દ્વિતીય મેગા અનાજકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. બંને સંસ્થાનાં પ્રમુખ લાભુભાઈ સોનાણીએ લાભાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે જીલ્લાના પ્રજ્ઞાચક્ષુ ભાઈબહેનો પોતાનું જીવન સારી રીતે જીવી શકે તેવા પ્રયાસો સંસ્થા કરી રહી છે. ત્યારે તેનાજ ભાગરૂપે ત્રણેય દાતા પરિવાર તરફથી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન જીલ્લાના કુલ ૫૧ પરિવારોને દર મહિને નિયમિત રીતે અનાજકીટનું વિતરણ કરવામાં આવશે. જેમાં એક



મહિનો ચાલે તેટલું અનાજ ઘઉં, ચોખા, તુવેરદાળ, મરચું, તેલ વિગેરે વસ્તુઓ આપવામાં આવે છે. પી.એન.આર.સોસાયટીનાં ફાઉન્ડર ટ્રસ્ટી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), પારસભાઈ શાહ (સેક્રેટરી જનરલ – પી.એન.આર. સોસાયટી), મહાસુખભાઈ ઝકડીયા, મહેશભાઈ પાઠક, હર્ષકાન્તભાઈ રાખશીયા, અંકિતા ચૌહણનાં વરદહસ્તે અનાજકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મંત્રી હસમુખભાઈ ધોરડાએ કર્યું હતું.

# ઈન્ટરનેટનો ઉપયોગ કઈ રીતે કરવો, બેંક એકાઉન્ટની સુરક્ષા કેમ કરવી ?

## સાયબર ક્રાઈમ વિભાગ દ્વારા ભાવનગરના નાગરિકો માટે યોજાયો સાયબર જાગૃતિ સેમીનાર

ભાવનગર, તા.૨૫

સાયબર ક્રાઇમના ગુન્હા અટકાવવા જાહેર જનતા ને સાયબર ક્રાઇમથી જાગ્રુત કરવા આઇ.જી અને એસ.પી. દ્વારા અપાયેલી સુચના અનુસંધાને, પોલીસ ઈન્સપેક્ટર કે.એસ.પટેલ, સાયબર ક્રાઇમ સેલના માર્ગદર્શન હેઠળ C.E.D (Central For Entrepreneurship development) Government of Gujarȧ તથા Bhavnagar District Chamber of Commerce & Industry ના સહયોગથી તા.૨૩ના રોજ ભાવનગર જીલ્લા સાયબર સેલ ટીમ દ્વારા BPTI Collage ભાવનગર ખાતે ભાવનગરની જાહેર જનતા માટે "સાયબર જાગૃતિ" સેમિનારનુ આયોજન કરવામા આવેલ હતુ.

આ સેમિનારમાં સાયબર ક્રાઇમ સેલ ભાવનગરના પોલીસ ઈન્સપેક્ટર કે.એસ.પટેલ, દ્વારા સેમિનારમાં ઉપસ્થિત ૧૫૦ જેટલા લોકોને Deep Fake Video ને કઇ રીતે ઓળખવો તથા Deep Fake Video દ્વારા બનતા સાયબર ક્રાઇમ બનાવોથી બચવાના ઉપાયો અને Third Party Application અંગેની જાણકારી આપી હતી. તેમજ સાયબર એક્ષપર્ટ કેતનભાઇ દવે, દેવર્ષિભાઇ ઓજા, ગોવિંદભાઇ ભેટારિયા, સજદેવસિંહ જાડેજા તથા સાયબર ક્રાઇમ સેલ ભાવનગર ટીમ દ્વારા આ સેમિનારમાં ભાગ લેનાર તમામ લોકોને ઈન્ટરનેટનો ઉપયોગ કઇ રીતે કરવો અને ઈન્ટરનેટ દ્વારા બનતા ક્રાઇમ એટલે કે સાયબર ક્રાઈમ (ફેક એપ્લીકેશન ફ્રોડ, ન્યુડ વિડીયો કોલ, લોટરી/ગીફ્ટ ફ્રોડ, સાયબર બુલીંગ) થી બચવાના ઉપાયો, અને તકેદારી વિશેની જાણકારી આપી બેંક એકાઉન્ટની સુરક્ષા તથા WhatsApp, Facebook/Instagram Privacy અને Google Account ના Privacy Sªtings અંગે Practical knowledge આપવામા આવેલ છે.

### ભોગ બન્યા હોય તો શું કરવુ?

**સાયબર ક્રાઇમનો ભોગ બનો ત્યારે તરત જ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર-૧૯૩૦ ઉપર કોલ કરવો અથવા નજીકના પોલીસ સ્ટેશન/સાયબર સેલનો સંપર્ક કરવા પણ લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.**

## "સાવચેતી એ જ સમજદારી" જાહેર જનતા માટે સંદેશ

- આપની અંગત માહિતી સોશ્યલ મિડીયા ઉપર શેર કરતા પહેલા તમારા સોશ્યલ મિડીયા એકાઉન્ટ પ્રાઈવેટ છે કે નઇ ? તેની ખાત્રી કરો. અજાણી વ્યક્તિને તમારા ફોટોગ્રાફ ક્યારેય શેર ન કરવા જોઈએ. માટે તમારા સોશ્યલ મિડીયા એકાઉન્ટ લોક રાખો.
- અજાણી સ્ત્રીના ફોટા વાળી Facebook માં ફ્રેન્ડ રિક્વેસ્ટ એક્સેપ્ટ કરવી નહીં અથવા WhatsApp, Facebook વિડીયો કોલ રીસીવ કરવો નહીં.
- કોઈપણ મિત્ર તેના Facebook મેસેન્જર દ્વારા અથવા સોશિયલ મીડિયા દ્વારા રૂપિયાની માંગણી કરે તો તે મિત્રની ઓળખ કરી તેના મોબાઈલ નંબર ઉપર કોલ કરી તેની ખરાઇ કરવી.
- ઈન્સ્ટન્ટ લોન આપતી અજાણી એપ્લિકેશન ફોનમાં ઈન્સ્ટોલ કરવી નહીં અથવા આવી લોન લેવી નહી.
- ઈલેક્ટ્રિસિટી બંધ થઈ જવાના મેસેજ કોલથી સાવધાન રહો.
- Googleમાંથી નંબર સર્ચ કરવો નહીં, જે તે કંપની સંસ્થાની ઓથેન્ટિક વેબસાઈટ શોધી નંબર મેળવવો.
- ઓનલાઇન ચીજ વસ્તુની ખરીદી ઓફિસિયલ વેબસાઈટ પરથી જ કરવી.
- ડબલ રૂપિયા કરી આપતી સ્કીમ, કેશ બેક, રિવર્ડ પોઈન્ટ અથવા વધારે પ્રોફિટ કરી આપતી વેબસાઈટ કે એપ્લિકેશનમાં ઈન્વેસ્ટમેન્ટ કરવું નહીં.
- કોઈપણ બેંક/મોબાઈલ કંપની તરફથી અજાણી વ્યક્તિના કોલ આવે તો બેક્ક એકાઉન્ટ ડીટેલ્સ OTP, ની માહિતી શેર કરવી નહીં અથવા તેના તરફથી કહેવામાં આવતી એપ્લિકેશન જેમકે, Team viewer, Any desk અથવા કોઈપણ અજાણી એપ્લિકેશન ડાઉનલોડ/ઈન્સ્ટોલ કરવી નહીં.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## ઇઝરાયલ-ગાઝા લડાઈમાં યુદ્ધવિરામ ક્યારે?

ઘણા લાંબા સમયથી ઇઝરાયેલ અને ગાઝાં વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે બંને પક્ષે ખુવારી થઈ રહી છે. આ યુદ્ધમાં સૌથી વધુ જો કોઈને નુકસાન થયું હોય તો ત્યાંના નિર્દોષ નાગરિકો અને બાળકોને થયું છે હજારો લોકો મૃત્યુ પામ્યા છે હજારો બાળકો નિરાધાર બન્યા છે લોકો પાસે જીવન નિર્વાહના હવે કોઈ સાધનો રહ્યા નથી આ એક માનવીય પ્રશ્ન છે ત્યારે વિશ્વ સમુદાયને લાગે છે કે આ યુદ્ધ હવે અટકે તો સારું.

ઇઝરાયલ-ગાઝા યુદ્ધમાં યુદ્ધવિરામની વાટાઘાટો અટકી પડી છે ત્યારે કોઈ સમજૂતી પર પહોંચવાનો પ્રયાસ કરી રહેલા ઇઝરાયલ અને હમાસ કયા અવરોધોનો સામનો કરી રહ્યા છે?

તાજેતરની દરખાસ્ત અમેરિકાએ રજૂ કરી હતી અને સીઆઈએના ડિરેક્ટર વિલિયમ બર્ન્સ તેની વિગતની રૂપરેખા આપવા એપ્રિલની શરૂઆતમાં કૈરો ગયા હતા, પરંતુ ઇઝરાયલ અને હમાસ બન્નેને, છ સપ્તાહના "અસ્થાયી યુદ્ધવિરામ" સહિતની યોજના સામે વાંધો છે. હમાસના લડવૈયાઓ ગાઝાની સરહદ પાર કરીને ઇઝરાયલમાં ઘૂસ્યા હતા. ઇઝરાયલના આંકડા અનુસાર, તેમણે લગભગ ૧,૨૦૦ લોકોની હત્યા કરી હતી અને ૨૫૩ લોકોને બંધક બનાવ્યા હતા. એ ઘટનાના છ મહિના પછી વાટાઘાટો આવી પડી છે. એ પછી ગાઝામાં ૩૩,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા હોવાનું હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલય જણાવે છે, જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘના અંદાજ મુજબ, ૧૭ લાખ પેલેસ્ટિનિયન લોકોએ તેમના ઘર છોડીને ભાગવું પડ્યું છે. તેમાં અડધોઅડધ બાળકો છે.

અમેરિકાના પ્રસ્તાવમાં ઇઝરાયલને ગાઝા પટ્ટીમાં બંધક ૪૦ લોકોને છોડાવવાના બદલામાં ૯૦૦ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવાની વિનંતી કરવામાં આવી હતી. તે ૯૦૦માં આજીવન કેદની સજા ભોગવતા ૧૦૦ કેદીઓનો સમાવેશ થાય છે.

ઇઝરાયલ અને હમાસે પ્રસ્તુત દરખાસ્ત બાબતે ઉઠાવેલા કેટલાક મહત્ત્વના મુદ્દાની વાત અહીં કરવામાં આવી છે. ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ હમાસની માગણીને "ભ્રમણાયુક્ત" ગણાવી હતી અને કહ્યું હતું કે ઇઝરાયલ "સંપૂર્ણ વિજય" પ્રાપ્ત નહીં કરે ત્યાં સુધી ગાઝામાં લડત ચાલુ રાખશે.

નેતન્યાહૂએ એમ પણ જણાવ્યું હતું કે ઇઝરાયલ દક્ષિણના શહેર રફાહમાં પ્રવેશ કરશે ત્યારે જ વિજય થશે. રફાહ હમાસનો છેલ્લો ગઢ છે. લગભગ ૧૫ લાખ વિસ્થાપિત પેલેસ્ટિનિયનોએ ત્યાં આશરો લઈ રહ્યા છે. જોકે, નેતન્યાહૂ રફાહ પરના વ્યાપક આક્રમણને મુલતવી રાખવાની વિચારણા કરી રહ્યા છે. અમેરિકાના પ્રસ્તાવ મુજબ, હમાસે બાકીના ૪૦ બંધકોને મુક્ત કરવા જોઈએ. તે અગાઉ સ્વીકાર્યા મુજબ, "જીવંત તથા મૃત" હોવાને બદલે "જીવંત" હોવા જોઈએ. તેમને ઇઝરાયલની જેલમાં બંધ ૯૦૦ કેદીઓની મુક્તિના બદલામાં મુક્ત કરવામાં આવશે

શરત અનુસાર, ૪૦ બંધકોની મુક્તિ જરૂરી છે, પરંતુ હમાસ પાસે ૪૦ જીવંત બંધકો ન હોય તેવી શક્યતા છે. તે માનવતાવાદી કારણો પર આધારિત છે અને તેમાં સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ ધરાવતી મહિલાઓ, મહિલા સૈનિકો, ૫૦ વર્ષથી વધુ ઉંમરના પુરુષો તથા ૫૦ વર્ષથી ઓછી વયના પુરુષોનો સમાવેશ થાય છે.

# 'બા'ની રેસિપી એટલે પ્રકૃતિ તરફ વળવાની શરૂઆત

અન્વેષણ - C.A. પરેશ ભટ્ટ

મારા બા ની ઉંમર ૮૩ વર્ષની છે. એક પણ દવાની જરૂરત નથી પડતી. બે ચાર કિલોમીટર ચાલી નાખે. કામવાળી ન આવે તો લાચારી ન કરે, એમ કહે આપણે સફાઈ કરી નાખશું એમાં શું ? અમારે કહેવું પડે બા હવે આરામ કરો બધું થઈ જશે. પરંતુ એમનો સ્પિરિટ એવો કે ઘરમાં કોઈ ઢીલી વાત કરે તો મોટીવેશનલ સ્પીકર મોળા પડી જાય. તેઓ ક્યારેય બહારનું કંઈ પણ ખાય પીએ નહિ. ઠંડા પીણા, બ્રેડ કે આધુનિક ફૂડ ક્યારેય ખાય નહિ. ઘરમાં કોઈ પેકડ ફૂડ લાવીએ એટલે એમ કહે આ શું પડીકાઓની વસ્તુઓ ખાવ છો. એ કંઈ તમારા સગા નથી, બધા જ રળવા બેઠા છે. જે બનાવવું હોય એ ઘરે બનાવો. બાળકો નાના હોય અને દૂધ ન ભાવે એટલે ક્યારેક બોર્નવિટા કે બુસ્ટ લાવીએ ત્યારે પણ એ કહેતા કે આમાં શું મળે ? કઈક પૌષ્ટિક ખવડાવો.

આ બધું અહીં લખવાનું કારણ શું ? હમણાં જ આ બોર્નવિટા, હોર્લિક્સ, બુસ્ટ, અમુલ પ્રો જેવા પીણાને સેન્ટ્રલ ગર્વન્મેન્ટે હેલ્થ કેટેગરી માંથી હટાવી લેવાનું જણાવ્યુ. આપણે એમેજોન કે ફ્લિપ કાર્ટ માં સર્ચ કરીએ એટલે આ પીણાં હેલ્થ કેટેગરીમાં આવે. કોરોના પછી બોર્નવિટા એ તેની બોટલ પર ઇમ્યુનિટી બુસ્ટર કરીને જાહેરાત શરૂ કરી. આથી એક યુ ટ્યુબરે તે વાતને ઉઘાડી પાડી કે કોરોના પહેલાની અને પછીની બોટલમાં ઇ ગ્રેડિયન્સમાં કોઈ જ ફેરફાર નથી અને ઇમ્યુનિટી બુસ્ટર આવું લખીને સમયની માંગ મુજબ લોકોની લાગણીઓને એન કેશ કરી લીધી. આ પછી સરકાર જાગી અને ઊંડી ઉતરી કે આ બધા પીણા ખરેખર હેલ્ધી ડ્રિંક્સ છે કે નહીં ? . અને ખબર પડીકે આ કોઈ હેલ્થ પીણા તો છે જ નહીં. આ પીણામાં દરેક ૧૦૦ ગ્રામે ૩૭ગ્રામ તો ફક્ત ખાંડ હોય છે અને બાકીના ઇંગરેડિયન્સમાં ઘઉંનું થુલું, બાજરાનું થુલું, કોકો ફ્લેવર હોય છે. હિન્દીમાં જેને સતતુ કહીએ છીએ તેમાં આ કોકો અને તેની ફ્લેવર ઉંમેરીને આપણને ૧૦૦૦ થી ૧૨૦૦ રૂપિયાના ભાવે વહેંચે છે. ઉૐની ગાઈડલાઈન બહાર પડયા બાદ આ ખાંડનું પ્રમાણ ઘટાડીને ૩૨% કરવામાં આવે છે.

આ બધામાં પાછા સચિન જેવા આવીને એમ કહે કે બુસ્ટ ઇઝ ધ સિક્રેટ ઓફ માય એનર્જી. સાચી વાત છે એમની પૈસાની એનર્જી પાછળનું સિક્રેટ એટલે આવી જાહેરાતો જ હોય છે. હમણાં સુપ્રીમ કોર્ટ પતંજલિ અને રામદેવ બાબાની પાછળ ભ્રામક જાહેરાત માટે પડી ગઈ છે. એ નવાઈ લાગે છે, કેમ કે ઘણી બધી જાહેરાતો આપણે જોઈએ છીએ કે જે ભ્રામક જ હોય છે. કોસ્મેટિક, ઇલેક્ટ્રોનિક્સ, ફૂડ આવી અનેક જાહેરાતો આપણને ઉલ્લુ બનાવવા જ હોય છે. આમ છતાં બાબા સુપ્રીમ કોર્ટની ઝપટે ચડી ગયા.એમાં પણ સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ અમાનુલ્લાએ તો એટલે સુધી બોલી ગયા કે અમે તમારા ટુકડે ટુકડા કરી નાખશું - We will rip you a part. બાબાની ભ્રામક જાહેરાતો હોય તો ચોક્કસ કાર્યવાહી થવી જ જોઈએ પણ આ વાત અન્ય પ્રોડક્ટ માટે પણ એટલી જ લાગુ પડવી જોઈએ.

મૂળવાત એ છે કે આપણે પ્રકૃતિ તરફ પાછા વળીએ. હમણાં જ અમેરિકાનો પ્રતિષ્ઠિત મીંચેલીન એવોર્ડ ઇન્ડિયન શેફ વિજયકુમારને મળ્યો. આ વિજયકુમારની રેસ્ટોરેન્ટ સીમા( જેનો તમિલ અર્થ અદભુત થાય છે) તેમણે તેની રેસ્ટોરેન્ટમાં ઢોસા બનાવીને લોકોને પીરસવાનું શરૂ કર્યુ . ઢોસા બનાવવા એ તો સામાન્ય વાત છે એમાં વિશેષ શું ? પરંતુ તેની રેસિપી તેના દાદી જે રીતે તેના ગામડામાં બનાવતા એ રીતે બનાવવાનું શરૂ કરેલું. વિજયકુમારના કહેવા મુજબ સામાન્ય રીતે બધા સાંભાર બનાવે તો તૈયાર મસાલા પેકેટ વાપરે છે. જ્યારે વિજયકુમારે જે રીતે તેના દાદી ઘરે રહીને જાતે સાંભાર મસાલાને દળી, લઢી ને મિક્સ કરે એ પદ્ધતિએ બનાવવાનું શરૂ કર્યું. જે સ્વાદ લોકોને એટલો પસંદ પડ્યો કે આજે તેની રેસ્ટોરેન્ટ ન્યુયોર્કની ટોપ ટેન રેસ્ટોરેન્ટમાં લીસ્ટેડ થઈ ગઈ છે.

આપણે જે દાદીને કે બાને જુનવાણી ગણીને અવગણીએ છીએ એ જ બાની રેસિપિ જો તેમના મૂળ અર્થમાં પ્રાકૃતિક રીતે જ તૈયાર કરવામાં આવે તો તે સ્વાદની મજા ઇન્ડિયા હોય કે અમેરિકા બધે જ સફળતા મેળવે જ. લોકોને હવે આ આધુનિકતા કરતા પ્રકૃતિ તરફની દોટ ગમતી જાય છે. આજે જે ૮૦-૯૦ની આસપાસના દાદીઓ જે ઘરમાં છે એ લોકોએ આમની પાસેથી આવી વાતો શીખી લેવી જરૂરી છે એમની અથાણાં બનાવવાની રીત, જૂની વાનગીઓ જેમકે ઓરમું,લાપસી,બર્ફીચુરમું, લાડવા, દૂધપાક જેવી વાનગીઓ બનાવવાની એમની આગવી રીત. આજો શીખી હશે તો જ આગળની પેઢીને આ લાભ મળશે.જો આ વાતો નહિ શીખવામાં આવે તો આ કળા આ વાનગીઓ લુપ્ત થઈ જશે.

# ડ્રેગનની અર્થતંત્રને બચાવવા નવી ફોર્મ્યુલા

## ચીન જૂની કાર, ફ્રિજ અને વોશિંગ મશીન કેમ શોધી રહ્યું છે

કરંટ ટોપિક



કોરોના ફાટી નીકળ્યા બાદ ચીનની અર્થવ્યવસ્થા અનેક સંકટોથી ઘેરાયેલી છે. આમાં રિયલ એસ્ટેટથી લઈને બેંકિંગ કટોકટી સુધીની દરેક બાબતોનો સમાવેશ થાય છે. પરંતુ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ચીન જીડીપીના આંકડા રાહતના હતા. ચીનની અર્થવ્યવસ્થા ૫.૩ ટકાના દરે વૃદ્ધિ પામી છે અને આ આંકડો ઘણા સંકટનો સામનો કરી રહેલા ચીન માટે વધુ સારો છે અને તમામ અનુમાનો કરતાં વધુ છે. ઔદ્યોગિક ઉત્પાદને આમાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને છૂટક વેચાણમાં પણ જબરદસ્ત વધારો જોવા મળ્યો હતો. ચીનમાં છૂટક વેચાણ ૪.૭ ટકાના વાર્ષિક દરે વધ્યું છે.

હવે ચીને અર્થવ્યવસ્થાની ગતિને એ જ ગતિએ જાળવી રાખવા માટે એક યોજના બનાવી છે અને આ માટે તે જૂની કાર, જૂના રેફ્રિજરેટર અને જૂના વોશિંગ મશીન શોધવામાં વ્યસ્ત છે.

ચીન વાસ્તવમાં પોતાની પડી રહેલી અર્થવ્યવસ્થાને બચાવવા અને તેને વેગ આપવા માટે નવી ફોર્મ્યુલા પર ભાર આપી રહ્યું છે. આ હેઠળ, ડ્રેગન હવે ઔદ્યોગિક અને ઘરેલું સાધનોના દેશના સ્ટોકને અપગ્રેડ કરવા, પ્રદૂષિત જૂની કાર, મશીનો અને માલસામાનને પાછા લેવા, ઉપભોક્તા ખર્ચમાં વધારો કરવા તેમજ તેની અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે ટ્રેડ-ઇન સ્કીમ પર આધાર રાખે છે. ઉપયોગમાં લેવાતા સાધનોને અપગ્રેડ કરવાથી કન્ઝ્યુમર ગુડ્સ ટ્રેડ-ઇન પ્રોગ્રામમાં ભાગ લેતી કંપનીઓને મજબૂત ધિરાણ મળશે, સ્થાનિક માંગને વધારવા માટે ચીન નવો પ્રયાસ કરી રહી છે.

અર્થતંત્રને પુનર્જીવિત કરવા ચાર મહિના પહેલા રાષ્ટ્રપતિ શી જિનપિંગ દ્વારા ટ્રેડ-ઇન સ્કીમ આગળ મૂકવામાં આવી હતી. તેનો હેતુ ઘરો અને વ્યવસાયોને તેમની જૂની મશીનરીને અપગ્રેડ કરવામાં મદદ કરવા પ્રોત્સાહિત કરવાનો છે. ચીન માને છે કે પ્રોત્સાહક યોજનાઓ અને લોકોને સ્વચ્છ ટેકનોલોજી અપનાવવા પ્રોત્સાહિત કરવાથી અર્થતંત્રને વેગ મળશે. ખાનગી રિપોર્ટના અહેવાલ મુજબ, ટ્રેડ-ઇન્સમાં વૃદ્ધિને વેગ આપવાની ક્ષમતા છે.


હવે સવાલ એ છે કે ચીન આ જૂની કાર, વોશિંગ મશીન અને રેફ્રિજરેટર્સ પર આટલું ધ્યાન કેમ આપી રહ્યું છે અને ડ્રેગનની ટ્રેડ-ઇન સ્કીમ કેવી રીતે કામ કરશે? તો રિપોર્ટ અનુસાર ચીન માને છે કે ઈક્વિપમેન્ટ અપગ્રેડ કરવાથી દેશમાં ઉપભોક્તા ખર્ચ વધારવામાં મદદ મળશે. આમાં પેટ્રોકેમિકલ્સ અને સ્ટીલ જેવા ભારે ઉદ્યોગોથી માંડીને એપાર્ટમેન્ટ બિલ્ડીંગમાં નવી લિફ્ટ સ્થાપિત કરવા, ગ્રાહકોને તેમના જૂના વોશિંગ મશીનોને સ્ક્રેપ કરવા અને ઓછા પાણીનો ઉપયોગ કરતા નવા વોશિંગ મશીન ખરીદવા માટે પ્રોત્સાહિત કરવા સુધીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ચીનની ટ્રેડ-ઇન સ્કીમ હેઠળ નવા ઇલેક્ટ્રિક વાહનો (ઈફ) અથવા અન્ય ઊર્જા બચત કાર ખરીદનારા ગ્રાહકોને સબસિડી ઓફર કરવાનો પ્રસ્તાવ પણ છે. અર્થવ્યવસ્થાને બચાવવા માટે આ ડ્રેગન ફોર્મ્યુલા હેઠળ, પ્રાદેશિક સરકારો સાધનોના અપગ્રેડેશનનો સંપૂર્ણ બોજ ઉઠાવશે. આ ઉપરાંત તેનાથી સંબંધિત ઉદ્યોગોને રાહત દરે સબસિડી, ટેક્સમાં છૂટ અને લોનની સુવિધા પણ આપવામાં આવશે.

બ્લૂમબર્ગના અહેવાલમાં નિષ્ણાતોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ટ્રેડ-ઇન સ્કીમ માત્ર ચીની ખરીદદારોને મદદ કરીને આ ચિંતાને દૂર કરશે નહીં, પરંતુ આ યોજના દેશની રિસાયક્લિંગ મહત્વાકાંક્ષાઓને વેગ આપવા અને ચીની વ્યવસાયોને વિદેશી બજારોમાં વિસ્તરણ કરવામાં મદદ કરશે , ખાસ કરીને ઉચ્ચ પર્યાવરણીય ધોરણો ધરાવતા વિસ્તારોમાં.

નેશનલ ડેવલપમેન્ટ એન્ડ રિફોર્મ કમિશનના ડેપ્યુટી હેડ ઝાઓ ચેનક્સિને તાજેતરમાં એક કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ટ્રેડ-ઇન સ્કીમ પર ધ્યાન કેન્દ્રિત કરીને, ચીન ૨૦૨૩ અને ૨૦૨૭ વચ્ચે અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોમાં સાધનસામગ્રીના રોકાણને ૨૫ ટકા વધારવાનું લક્ષ્ય રાખે છે, તેમજ વપરાયેલી કાર અને ઘરગથ્થુ ઉપકરણોના રિસાયક્લિંગને ઝડપી બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ એક વ્યૂહાત્મક પગલું છે જેના ફાયદા ટૂંકા અને લાંબા ગાળામાં જોવા મળશે.

# ઈઝરાયલ અને ઈરાન સંઘર્ષ :ભારત માટે મોટી સમસ્યા





## ઈરાન ઇઝરાઇલ અને અમેરિકા સાથે મોટા સંઘર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો છે બંને દેશો વચ્ચે ભયાનક યુદ્ધના અણસાર ભારત માટે આર્થિક સંકટ લઈને આવે તેવી શક્યતા છે

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

ઇઝરાઇલ અને ઈરાન ગત સપ્તાહે સામસામ આવી ગયા બંને વચ્ચે લાંબા સમયથી દુશ્મની જ છે તેઓ એકબીજાનો ખાતમો બોલાવી દેવા માટેના નિવેદનો અવારનવાર કરે છે પરંતુ તેનો અમલ કરતા નથી પણ ગત સપ્તાહે બનેલી ઘટના વધુ ગંભીર હતી જેમાં ઇઝરાયલ એ અનેક મિસાઈલો નો ઈરાન પર હુમલો કરતા પરિસ્થિતિ વણસી છે

બે અઠવાડિયા પહેલા ઈઝરાયલે સીરિયાના દમાસ્કસમાં ઈરાનના કોન્સ્યુલેટ પર હુમલો કર્યો હતો. પછી ઈરાને વળતો પ્રહાર કર્યો છે. ઈઝરાયલ પર લગભગ ૩૦૦ મિસાઈલ અને ડ્રોન છોડવામાં આવ્યા હતા. ઈઝરાયલને થયેલું નુકસાન ઓછું હતું, પરંતુ સંદેશ સ્પષ્ટ હતો - ઈરાન આવી ક્રિયાઓને શાંતિથી સહન કરશે નહીં. પરંતુ આ ખરેખર અભૂતપૂર્વ ઘટના હતી. ઈરાને ભૂતકાળમાં ક્યારેય ઈઝરાયલની સીમા પર સીધો હુમલો કર્યો નથી. આવી સ્થિતિમાં સવાલ એ છે કે, આગળ શું થશે?

આ ઘટના સામાન્ય ગણી શકાય નહીં કારણકે આ એક ચિનગારી ભયાનક યુદ્ધનું પણ રૂપ લઈ શકે છેઆ બંને દેશો સાથે ભારતને મૈત્રી પૂર્ણ સંબંધો છે અને બંને દેશો સાથે ભારતના આર્થિક અને વ્યાપારી હિતો સંકળાયેલા હોવાથી ભારત માટે આ સમસ્યા માથાના દુખાવા રૂપ બની શકે તેમ છે કારણ કે આમાં તથા રહેવું મુશ્કેલ બાબત છે બે બે માંથી કોઈ એકનો પક્ષ લેવામાં આવે તો ભારતને નુકસાન થઈ શકે તેમ છે કારણ કે તે દેશો સાથે ભારતના આર્થિક હીતો સંકળાયેલા છે

ભારત માત્ર એવી આશા રાખી શકે કે બંને દેશોએ શાંતિપૂર્વક નિર્ણય લેવા જોઈએ તેનું કારણ એ છે કે, આ વખતે ભારત માટે ધર્મશંકર જેવી સ્થિતિ સર્જાણી છે

ઈઝરાયલ અને ઈરાન બંને તેના મહત્ત્વના સાથી છે. ભારત બંને દેશોમાં આર્થિક અને રાજકીય રોકાણ ધરાવે છે. તેથી, કોઈપણ એક પક્ષને પસંદ કરવો લગભગ અશક્ય છે અને તે નવી દિલ્હીથી જારી કરાયેલા નિવેદનોમાં પણ પ્રતિબિંબિત થાય છે. કોઈ આક્ષેપો નથી, કોઈ ટીકા નથી અને કોઈ પક્ષપાત નથી. ભારત બંને દેશોને તણાવ ઓછો કરવા કહી રહ્યું છે. કારણ કે જો આ સંઘર્ષ વધશે તો ભારતે કેટલીક મુશ્કેલ વિકલ્પોનો સામનો કરવો પડશે.


ભારત માટે પ્રથમ પરિબળ વેપાર હશે. ભારત-ઈઝરાયલ વેપાર લગભગ ૭.૫ અબજ ડોલરનો છે. જ્યારે ઈરાન સાથે ભારતનો વેપાર લગભગ ૨.૫ અબજ ડોલર છે. પરંતુ એક મહત્ત્વપૂર્ણ તફાવત છે. પશ્ચિમી દેશોએ ઈરાન પર પ્રતિબંધો લગાવ્યા છે, તેથી ભારત તેની પાસેથી બહુ ઓછું તેલ ખરીદે છે. પ્રતિબંધો પહેલા, ભારત-ઈરાનનો વેપાર ૨૦૧૫માં લગભગ ઇં૧૩ બિલિયન હતો. તેહરાન લાંબા સમય સુધી આપણું મુખ્ય ઊર્જા સપ્લાયર હતું. જ્યારે ભારત ઈઝરાયલ પાસેથી લશ્કરી સાધનો ખરીદે છે. હકીકતમાં, આજે ભારત ઈઝરાયલનું ટોચનું સંરક્ષણ ગ્રાહક છે. બીજુંપરિબળ રાજકીય છે. વડાપ્રધાન મોદીએ ઈઝરાયલ સાથેના સંબંધોમાં ઘણું રોકાણ કર્યું છે. ૨૦૧૭માં તેલ અવીવની તેમની મુલાકાત દરમિયાન, તેમણે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનને ડી-હાઈફેન કર્યું હતું એટલે કે, તેમણે કહ્યું હતું કે, ઇઝરાયલ સાથે ભારતના ●સ્વતંત્ર સંબંધો રહેશે અને ઈઝરાયલ-પેલેસ્ટાઈન સંઘર્ષ તેને અસર કરશે નહીં. ત્યારથી, ઇઝરાયલ ભારતનું મુખ્ય સહયોગી રહ્યું છે. તે જ સમયે, ભારત પણ પેલેસ્ટિનિયનોના અધિકારોનું સમર્થન કરવાનું ચાલુ રાખે છે. ઈરાન સાથે મામલો થોડો અલગ છે. ભારત-ઈરાન વચ્ચે ગાઢ સાંસ્કૃતિક અને ભાષાકીય સંબંધો, લાંબા ગાળાના રાજકીય આદાન-પ્રદાન અને ઘણો સહિયારો ઈતિહાસ છે. તેહરાન તરફથી સમયાંતરે આપણને કેટલાક અસહજ કરતા નિવેદનો પણ મળ્યા છે, ખાસ કરીને કાશ્મીર પર, પરંતુ તેની સાથેના આપણા સંબંધો મોટાભાગે સ્થિર રહ્યા છે.

ત્રીજું પરિબળ વ્યૂહાત્મક સંબંધો છે ભારત ઈઝરાયલને યુરોપના પ્રવેશદ્વાર તરીકે જુએ છે. ગયા વર્ષે, ય્૨૦માં ભારતે ઇઝરાયેલ દ્વારા યુરોપને જોડવા માટે એક નવા આર્થિક કોરિડોરની જાહેરાત કરી હતી. બંને દેશો આઈ૨યુ૨ નામના રાજકીય જૂથનો પણ ભાગ છે, જેના અન્ય સભ્યો યુએસ અને યુએઈ છે. તે પશ્ચિમ એશિયન ક્વાડ જેવું છે. અફઘાનિસ્તાનમાં ઈરાન સાથે ભારતના સમાન હિતો છે. બંને દેશો અફઘાન લઘુમતીઓના અધિકારોનું સમર્થન કરે છે અને બંને અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા આતંકવાદી કેમ્પના વિરોધમાં છે. ભારત ઈરાનને મધ્ય એશિયાના પ્રવેશદ્વાર તરીકે જુએ છે. આપણે દક્ષિણ-પૂર્વ ઈરાનના ચાબહાર બંદર પર ટ્રેડિંગ ટર્મિનલ પણ બનાવી રહ્યા છીએ. વિદેશી પોર્ટમાં આ ભારતનું પ્રથમ રોકાણ છે અને તેની કિંમત આશરે ઇં૮૫ મિલિયન છે. તેનો ઉદ્દેશ્ય પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવા માટે ચાબહારનો ઉપયોગ કરવાનો છે.

આ કારણે ભારત માટે ઈરાન અને ઈઝરાયેલ બંને મહત્વપૂર્ણ છે. બંનેમાં ભારતનું ઘણું નાણું અને વ્યૂહાત્મક હિતો દાવ પર છે. ભારત માટે આ બંનેમાંથી કોઈનો પક્ષ લેવો આસાન નહીં હોય. જો યુદ્ધ વધે તો ભારતે તેના નાગરિકો વિશે પણ વિચારવું પડશે. ઈઝરાયલમાં ૧૮ હજાર ભારતીયો અને ઈરાનમાં ૧૦ હજાર ભારતીયો રહે છે. વિશાળ ગલ્ફ ક્ષેત્રમાં ૯૦ લાખ ભારતીયો છે. ભારતનું લગભગ ૪૦% તેલ અને ૭૦% ગેસ પશ્ચિમ એશિયામાંથી આવે છે. તેથી, જો યુદ્ધ થાય તો તે ભારત માટે રાજકીય અને આર્થિક દુઃસ્વપ્ન હશે.

આ બંને દેશો વચ્ચે યુદ્ધ થાય તો તેમાં સૌથી વધુ નુકસાન ભારતને અને ખાડી દેશમાં અવસ્થા ભારતીયોને થશે આ નુકસાન જેવું તેવું નહીં હોય આના કારણે ભારતની આર્થિક સ્થિતિ પર ગંભીર અસર પહોંચી શકે તેમ છે.

# યુરોપ સૌથી વધુ ઝડપે ગરમ થતો ખંડ વિશ્વ સરેરાશ કરતાં બમણી ઝડપે ગરમ થાય છે



નેપલ્સ,

યુરોપ સૌથી વધુ ઝડપે ગરમ થઈ રહેલો ખંડ છે, અને તેનું ઉષ્ણાતામાન વૈશ્વિક સરેરાશ કરતાં બમણી ઝડપે વધી રહ્યું છે. તેમ બે ટોચની કલાઈમેંટ મોનિટરીંગ સીસ્ટમ્સ જણાવે છે. સોમવારે તેણે આપેલા અહેવાલમાં સાથે તેવી પણ ચેતવણી ઉચ્ચારી હતી કે તેની માણસોની ઉપર તેમજ હિમ-સ્તર પર પણ ઋણાત્મક અસર થઈ રહી છે. હીમ-સ્તર ઝડપભેર ઘટી રહ્યું છે. વધુમાં માનવીઓની કાર્યશક્તિ ઉપર તેમજ કાર્યવાહી ઉપર પણ આ વધી રહેલા ઉષ્ણાતામાનની ઋણાત્મક અસર થઈ રહી છે. તેમ યુનોનું 'વર્લ્ડ-મીટીયોરોજીકલ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએમઓ) તથા યુરોપીયન યુનિયનની કલાઈમેંટ એજન્સી કોપરનિક્સ જણાવે છે.'

આ બંને સંસ્થાઓએ પ્રસિદ્ધ કરેલા સંયુક્ત અહેવાલમાં અનુરોધ કરવામાં આવ્યો છે કે, આ સંયોગોમાં પવન, સૂર્ય તથા જળ પ્રવાહથી ચાલતા વિદ્યુત સંયંત્રો તરફ ઝડપભેર આગળ વધવાની જરૂર છે. તો જ આ ઋતુ પરિવર્તનોની અસર દૂર કરી શકાશે. ગત વર્ષે યુરોપે તેની ૪૩ ટકા વિદ્યુત આવા રીન્યુએબલ રીસોર્સીસ (પુનર્નિમિત થઈ શકે તેવાં સંસાધનો દ્વારા પ્રાપ્ત કરે છે.

છેલ્લાં પાંચ વર્ષની ઉષ્ણતામાનની સરેરાશ જોતાં નિશ્ચિત થઈ રહ્યું છે કે, યુરોપનું ઉષ્ણતામાન ૨.૩ ડીગ્રી (૪.૧ ફેરન હીટ) જેટલું ઔદ્યોગીકરણ પછી વધ્યું છે. આ અહેવાલ ૨૦૧૫ની પેરિસમાં મળેલી વિશ્વ ઋતુ પરિષદે મુકેલી ૧.૫ ડીગ્રી સેલ્સિયસની મર્યાદા જાળવવા કરેલાં સૂચન કરતાં છે.

# દિલ્હી કેપિટલ્સે ગુજરાત ટાઈટન્સને૪ રને હરાવ્યું

**જીતવા માટે ૨૨૫ રનનો ટાર્ગેટ હતો, પરંતુ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૨૨૦ રન જ બનાવી શકી**

નવિદલ્હી

દિલ્હી કેપિટલ્સે ગુજરાત ટાઈટન્સને૪ રને હરાવ્યું છે. ગુજરાત ટાઈટન્સને જીતવા માટે ૨૨૫ રનનો ટાર્ગેટ હતો, પરંતુ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૨૨૦ રન જ બનાવી શકી હતી. આ રીતે શુભમન ગિલની આગેવાની હેઠળની ગુજરાત ટાઈટન્સે ૪ રને હારનો સામનો કરવો પડ્યો છે. ગુજરાત ટાઈટન્સ માટે ડેવિડ મિલરે તોફાની ઈનિંગ રમી હતી. આ બેટ્સમેને ૨૩ બોલમાં ૬ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૫૫ રન બનાવ્યા, પરંતુ ટીમને જીત તરફ લઈ જવામાં નિષ્ફળ રહ્યો. ડેવિડ મિલર સિવાય સાઈ સુદર્શને ૩૯ બોલમાં ૬૫ રનનું યોગદાન આપ્યું હતું. જ્યારે રિદ્ધિમાન સાહાએ ૨૫ બોલમાં ૩૯ રન બનાવ્યા હતા. છેલ્લી ઓવરોમાં રાશિદ ખાને ૧૧ બોલમાં ૨૧ રન ફટકાર્યા હતા, પરંતુ ટીમને જીત તરફ લઈ જઈ શક્યો નહોતો.

દિલ્હી કેપિટલ્સ તરફથી રસિક દાર સલામે સૌથી વધુ ૩ વિકેટ લીધી હતી. કુલદીપ યાદવને ૨ સફળતા મળી. આ સિવાય એર્નિક નોરખિયા, મુકેશ કુમાર અને અક્ષર પટેલે ૧-૧ વિકેટ લીધી હતી. દિલ્હી કેપિટલ્સના ૨૨૪ રનના જવાબમાં બેટિંગ કરવા આવેલી ગુજરાત ટાઈટન્સની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. શુભમન ગિલ ૫ બોલમાં ૬ રન બનાવીને આઉટ થયો હતો, પરંતુ આ પછી રિદ્ધિમાન સાહા અને સાઈ સુદર્શન વચ્ચે ૮૨ રનની ભાગીદારી થઈ હતી. રિદ્ધિમાન સાહાના આઉટ થયા બાદ દિલ્હી કેપિટલ્સના બોલરોએ પોતાની પકડ મજબૂત બનાવવાનું શરૂ કર્યું હતું.

# ભારતમાં ગૂગલ પે પછી હવે આવશે ગૂગલ વોલેટ

**આ એપ્લિકેશન કોઈપણ બેંક કાર્ડ અથવા બેંક વિગતો દાખલ કર્યા વિના ચુકવણી કરવાની મંજૂરી આપે છે**

નવિદલ્હી

ગૂગલે કન્ફર્મ કર્યું છે કે તેની વોલેટ એપ હજુ ભારતમાં લોન્ચ થઈ નથી પરંતુ ભારતના યુઝર્સ આ એપને ગૂગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકે છે. આ એપને સ્ટેપ-બાય-સ્ટેપ રીતે રજૂ કરવામાં આવી રહી છે. આ એપ્લિકેશન વપરાશકર્તાઓને કોઈપણ બેંક કાર્ડ અથવા બેંક વિગતો દાખલ કર્યા વિના ચુકવણી કરવાની મંજૂરી આપે છે. તમારે આ એપમાં તમારી બેંકની તમામ વિગતો એકવાર ભરવાની રહેશે, તે પછી તમે કાર્ડ વિના ગમે ત્યાં પેમેન્ટ કરી શકશો.

ગૂગલ વોલેટ ડિજિટલ વૉલેટ એપ્લિકેશન તરીકે પણ સેવા આપે છે. આ એપમાં યુઝર્સ ગિફ્ટ કાર્ડ, જિમ મેમ્બરશિપ, ઈવેન્ટ ટિકિટ, ફ્લાઈટ ટિકિટ વગેરે સ્ટોર કરી શકે છે. ગૂગલ વોલેટએ ભારતમાં પહેલાથી જ અસ્તિત્વમાં છે તે ગૂગલ પે કરતાં થોડી અલગ એપ્લિકેશન છે.

ગૂગલ પે એપ UPI પેમેન્ટ સર્વિસ પૂરી પાડે છે, જ્યારે ગૂગલ વોલેટમાં તમારે માત્ર એક જ વાર ક્રેડિટ/ડેબિટ કાર્ડની વિગતો દાખલ કરવી પડશે, તે પછી તમે કોન્ટેક્ટલેસ પેમેન્ટ કરી શકશો. આનો અર્થ એ છે કે જો તમે તમારા કાર્ડ સાથે રાખવાનું ભૂલી જાઓ છો, તો પણ તમે ફક્ત આ એપ્લિકેશન દ્વારા જ ચૂકવણી કરી શકશો. વધુમાં, ગૂગલ વોલેટ માત્ર નિયર-ફીલ્ડ કોમ્યુનિકેશન સપોર્ટ ધરાવતા સ્માર્ટફોન પર જ કામ કરશે.

ગૂગલ વોલેટ કાર્ડ અથવા રોકડ રાખવાની જરૂરિયાતને દૂર કરીને ઑનલાઈન અને સ્ટોરમાં ખરીદીને સરળ બનાવે છે. આ એપ PIN સુરક્ષા સેવા સાથે આવી રહી છે. TechCrunchના રિપોર્ટ અનુસાર, Google ભારતમાં બંને એપ્સને અલગ-અલગ ઓફર કરવાનું ચાલુ રાખશે.

# લેહ-મનાલી રૂટ ફરીથી ખુલ્લો મૂકાયો

## ફેબ્રુઆરી અને માર્ચમાં વધુ હિમવર્ષા થઈ છે જેના કારણે એક મહિના બાદ રૂટ પૂર્વવત કરવામાં આવ્યો

લેહ-મનાલી

બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનએ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ મનાલી-લેહ રાષ્ટ્રીય ધોરીમાર્ગને પૂર્વવત્ (પુનઃ સ્થાપિત) કર્યો છે. આ રૂટ પર અત્યારે કોઈ વાહનોની અવરજવર રહેશે નહી. ટ્રાફિકને સરળ બનાવવા માટે લાહૌલ સ્પીતિ વહીવટીતંત્ર ટૂંક સમયમાં બરાલાચા પાસનું નિરીક્ષણ કરશે. જો સ્થિતિ સામાન્ય રહેશે તો વાહનોની અવરજવરને મંજૂરી આપવામાં આવશે.

રોડ પુનઃસ્થાપિત થવાથી સેના માટે સરહદ સુધી પહોંચવામાં સરળતા રહેશે. BROOએ એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં ઝોજિલા પાસ દ્વારા શ્રીનગરથી લેહને સડક માર્ગે જોડ્યો હતો. પરંતુ આ માર્ગ પૂર્વવત્ કરવાથી સેના અને પ્રવાસીઓની મુસાફરી સરળ બની જશે. હિમવર્ષાના કારણે નવેમ્બરથી મનાલી-લેહ રોડ પર વાહનોની અવરજવર બંધ હતી. દેશ-વિદેશના પ્રવાસીઓ રૂટના પુનઃસ્થાપનની રાહ જોઈ રહ્યા હતા. રૂટ પર સરળ ટ્રાફિકને કારણે પ્રવાસનને વેગ મળશે. ગયા વર્ષે, BROએ ૨૫ માર્ચે આ માર્ગને પુનઃસ્થાપિત કર્યો હતો.

આ વખતે ડિસેમ્બર અને જાન્યુઆરી કરતાં ફેબ્રુઆરી અને માર્ચમાં વધુ હિમવર્ષા થઈ છે. જેના કારણે એક મહિના બાદ રૂટ પૂર્વવત કરવામાં આવ્યો છે. બીઆરઓ કમાન્ડર ગૌરવે જણાવ્યું હતું કે મનાલી અને લેહમાંથી બરફ હટાવવામાં લાગેલી દીપક અને હિમાંક પ્રોજેક્ટની ટીમ સરચુમાં મળી હતી અને એકબીજાને અભિનંદન આપ્યા હતા. મનાલીથી સરચુ સુધી બરફ હટાવવાનું કામ ર્ંઈના દીપક પ્રોજેક્ટ અને લેહથી સરચુ સુધી હિમાંક પ્રોજેક્ટની જવાબદારી છે.

બીઆરઓએ લદ્દાખમાં હિમાંક પ્રોજેક્ટ અને હિમાચલમાં દીપક પ્રોજેક્ટ હેઠળ રોડ રિસ્ટોરેશન માટે મોટી મશીનો સાથે બે ટીમો તૈનાત કરી હતી. દીપક પ્રોજેક્ટની ટીમે મનાલીથી સરચુ (લદ્દાખ અને હિમાચલની સરહદ) સુધીનો રસ્તો પુનઃસ્થાપિત કર્યો અને હિમાંક પ્રોજેક્ટની ટીમે લેહથી સરચુ સુધીનો રસ્તો પુનઃસ્થાપિત કર્યો.

# ૨૫ વર્ષની પુત્રીના અંગત જીવનને નિયંત્રિત કરવાનો મારો કોઈ ઈરાદો નથી : ચંકી પાંડે



મુંબઈ,

અભિનેત્રી અનન્યા પાંડે અને આદિત્ય રોય કપૂર એકબીજાને ડેટ કરી રહ્યાં હોવાનું જાણવા મળે છે. જો કે આ બંનેએ ખુલ્લેઆમ મીડિયા સામે પોતાના સંબંધોની જાહેરાત કરી નથી, પરંતુ અનન્યા-આદિત્ય ઘણી વખત સાથે જોવા મળ્યા છે. આ બંને જ્યારે વિદેશ ફરવા ગયા ત્યારે પણ તેમના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. હવે અનન્યાના પિતા અને અભિનેતા ચંકી પાંડેએ દીકરીના સંબંધ વિશે પ્રતિક્રિયા આપી છે.

તેમણે સ્પષ્ટતા કરી હતી કે, સંબંધોના સંદર્ભમાં અનન્યાની પસંદગી સામે કોઈ વિરોધ નથી. એ જ રીતે તેણે કહ્યું છે કે, તેની ૨૫ વર્ષની પુત્રીના અંગત જીવનને નિયંત્રિત કરવાનો તેનો કોઈ ઈરાદો નથી. આટલું જ નહીં તેઓએ અનન્યાના વખાણ કર્યા છે કે તેણે કોઈની મદદ વગર બોલિવૂડમાં પોતાનું એક અલગ સ્થાન બનાવ્યું છે.


વેબસાઈટ 'લેહરેન'ને આપેલા ઈન્ટરવ્યુમાં ચંકીને અનન્યા પાંડે સાથેના તેના સંબંધો વિશે પૂછવામાં આવ્યું હતું. તેણે કહ્યું, "મને લાગે છે કે તે ૨૫ વર્ષની છે, તે મારા કરતા વધુ પૈસા કમાય છે. તેથી તેને તેના મન મુજબ કાર્ય કરવાનો અધિકાર છે. મારી ૨૫ વર્ષની દીકરીને શું કરવું અને શું ન કરવું તે કહેવાની મારી હિંમત કેવી રીતે થાય? પડદા પરના તેના અંતરંગ દ્રશ્યોથી પણ મને કોઈ સમસ્યા નથી. મેં હોલિવુડમાં પણ આવા દ્રશ્યો જોયા છે. કોઈને કોઈ નુકસાન નથી. તમારે આ બાબતો સ્વીકારવી પડશે.

# મમતા બેનરજીના પોસ્ટર બોય શાહજહાં શેખનો તમામ સ્વેગ ગાયબ

## શાહજહાં શેખનો એક વીડિયો સામે આવ્યો જેમાં તે રડતો જોવા મળી રહ્યો છે

મુંબઈ,

સંદેશખાલી કેસના મુખ્ય આરોપી અને તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડેડ નેતા શાહજહાં શેખનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે રડતો જોવા મળી રહ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં જયારે તેની ધરપકડ કરવામાં આવી ત્યારે તે ખૂબ જ અહંકાર સાથે ફરતો જોવા મળ્યો હતો. એટલું જ નહીં તેણે ત્યાં ઉભેલા કેટલાક લોકોને તેના પાછા ફરવાના સંકેતો પણ આપ્યા હતા. શાહજહાં શેખનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આમાં તે કોર્ટમાંથી બહાર નીકળતી વખતે



વાનમાં બેઠેલો જોવા મળે છે. આ દરમિયાન તેના પરિવારના કેટલાક લોકો બહાર ઉભેલા જોવા મળે છે. સંદેશખાલી કેસનો મુખ્ય આરોપી તેની નાની દીકરીને બહાર જોતા જ આંખમાંથી આંસુ વહાવવા લાગે છે અને રડવા લાગે છે.

# સત્ય ઘટના પર આધારિત ફિલ્મ, ધ સાબરમતી રિપોર્ટ, ૨ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ થશે રીલીઝ

મુંબઈ,

ફિલ્મ નિર્માતા એકતા કપૂરની પોલિટિકલ થ્રિલર ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ની રીલીઝ તારીખ માં ફેરફાર થયો છે, થોડા સમય પહેલા આ ફિલ્મનું ટીઝર રીલિઝ થયું હતું, જેને લોકોએ ઘણું પસંદ કર્યું હતું. ટીઝરમાં વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા દમદાર ભૂમિકામાં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં વિક્રાંત મેસી ફરી એકવાર એક દમદાર પાત્રમાં જોવા મળશે, જેને લઈને ફેન્સ ખૂબ જ ઉત્સાહિત છે. આ ફિલ્મનું નિર્દેશન રંજન ચંદેલ દ્વારા કરવામાં આવ્યું છે અને શોભા કપૂર, એકતા કપૂર, અમૂલ વી મોહન અને અંશુલ મોહન દ્વારા સહ-નિર્માતા છે.

વિક્રાંત મેસીએ થોડા સમય પહેલા ફિલ્મનું પોસ્ટર શેર કરીને આ રિલીઝ ડેટની જાહેરાત કરી છે. અભિનેતા દ્વારા શેર કરાયેલ પોસ્ટર પર, ફિલ્મની રિલીઝ તારીખ ૨ ઓગસ્ટ,




૨૦૨૪ લખેલી જોવા મળે છે. આ પોસ્ટને શેર કરતી વખતે, અભિનેતાએ કેપ્શનમાં લખ્યું છે – 'સાબરમતી રિપોર્ટ'ની ફાઈલો ૨જી ઓગસ્ટે થિયેટરોમાં ફરી ખોલવામાં આવી રહી છે!' હવે આ સમાચાર સામે આવ્યા બાદ ચાહકોમાં ફિલ્મને લઈને ઉત્તેજના વધી ગઈ છે. તમને જણાવી દઈએ કે પહેલા આ ફિલ્મ ૩ મે, ૨૦૨૪ના રોજ રીલિઝ થવાની હતી.

# વિદેશી પર્યટકોને શિમલાના પહાડો આનંદ આપે છે, એક વર્ષમાં ૨૦,૮૮૯ લોકોએ મુલાકાત લીધી

શિમલા,

હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાની મુલાકાતે મોટી સંખ્યામાં વિદેશી પર્યટકો આવી રહ્યા છે. કોવિડ બાદ વિદેશી પ્રવાસીઓની સંખ્યા સતત વધી રહી છે. ગત વર્ષે રાજ્યમાં ૬૨,૮૦૬ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા. આમાં ૨૦,૮૮૯ પ્રવાસીઓ એકલા શિમલાની મુલાકાતે આવ્યા હતા. આ વર્ષના પ્રથમ બે મહિનામાં ૯,૮૮૬ વિદેશી પ્રવાસીઓ હિમાચલ આવ્યા હતા. તે ૫૬૨૦ પ્રવાસીઓમાંથી ૫૦ ટકાથી વધુ માત્ર શિમલાની મુલાકાતે આવ્યા હતા. શિમલામાં જ્યાં સ્થાનિક પ્રવાસીઓની સંખ્યા ઘટી રહી છે. તે જ સમયે, વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. હિમાચલ પ્રદેશની અર્થવ્યવસ્થામાં પ્રવાસનનો હિસ્સો લગભગ ૭ ટકા છે. હાલમાં, શિમલા આવતા મોટાભાગના વિદેશી પ્રવાસીઓ યુરોપ અને કેનેડાના છે.

વિદેશી પર્યટકો શિમલાના અનુકૂળ હવામાનને પસંદ કરી રહ્યા છે. શિમલા બ્રિટિશ ભારતની ઉનાળાની રાજધાની હતી. આ કારણથી અહીં બ્રિટિશ ઈન્ડિયાની ઘણી જૂની ઈમારતો છે. બ્રિટિશ ઈન્ડિયાના સમયના વારસાને જોવા માટે મોટાભાગના વિદેશી પ્રવાસીઓ અહીં આવે છે. વિદેશી પર્યટનનો સીધો લાભ ગાઈડને મળે છે. વિદેશી પ્રવાસીઓની અવરજવર વધવાને કારણે આ પ્રવાસન વ્યવસાય સાથે સંકળાયેલા લોકો પરેશાન થઈ રહ્યા છે. શિમલાની આસપાસના વિસ્તારોમાં વિદેશી પ્રવાસીઓની મુલાકાતથી સ્થાનિક વેપારીઓ ખુશ છે. યુરોપથી આવેલા મિશેલનું કહેવું છે કે તેને શિમલાના ગ્રામીણ વિસ્તારો વધુ પસંદ છે. તેમનો શ્રેષ્ઠ અનુભવ અહીંના સ્થાનિક લોકો સાથે રહ્યો છે.

અહીંના લોકો મૈત્રીપૂર્ણ છે.

# આઈપીએલમાં ચહલ ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો



મુંબઈ,

મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાયેલી મેચમાં યુઝવેન્દ્ર ચહલે તેની આઈપીએલ કારકિર્દીની ૨૦૦ વિકેટ પૂરી કરી લીધી છે. એમઆઈ વિરૂધ્ધ આરઆર મેચની શરૂઆત પહેલા ચહલે ૧૫૨ મેચમાં ૧૯૯ વિકેટ લીધી હતી અને આ મેચમાં ૨૦૦ વિકેટ પૂરી કરવા માટે તેને માત્ર ૧ વિકેટ લેવાની હતી. ચહલે મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં મોહમ્મદ નબીને આઉટ કરીને પોતાની કારકિર્દીની ૨૦૦ વિકેટ પૂરી કરી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં આવું કરનાર ચહલ વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે.આઈપીએલમાં બીજા નંબરે સૌથી વધુ વિકેટ ઝડપનાર ડ્વેન બ્રાવો છે જેણે પોતાની કારકિર્દીમાં ૧૮૩ વિકેટ લીધી હતી.

યુઝવેન્દ્ર ચહલે વર્ષ ૨૦૧૩માં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં તેની પ્રથમ મેચ રમી હતી અને છેલ્લા ૧૨ વર્ષમાં તે ૩ ટીમો તરફથી રમ્યો છે. ચહલે ૨૦૧૩માં મુંબઈ ઈન્ડિયન્સ માટે માત્ર ૧ મેચ રમી હતી, જેમાં તે કોઈ વિકેટ લઈ શક્યો નહોતો. તે પછી તે ૮ સીઝન સુધી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમ્યો.. યુઝવેન્દ્ર ચહલે આઈપીએલમાં આરસીબી માટે ૧૧૩ મેચ રમી હતી, જેમાં તેણે ૧૩૯ વિકેટ લીધી હતી. ૨૦૨૨ માં, લેગ સ્પિન જાદુગર ચહલે રાજસ્થાન રોયલ્સમાં પ્રવેશ કર્યો. ચહલે આરઆર માટે અત્યાર સુધી ૩૯ મેચ રમી છે, જેમાં તેના ફરતા બોલે ૬૧ વિકેટ લીધી છે.

યુઝવેન્દ્ર ચહલ આઈપીએલમાં પર્પલ કેપનો વિજેતા પણ રહી ચૂક્યો છે. તે ૨૦૨૨માં પ્રથમ વખત રાજસ્થાન રોયલ્સ તરફથી રમ્યો હતો અને તે જ સિઝનમાં તેણે ૨૭ વિકેટ લઈને પર્પલ કેપ જીતી હતી.

# જયસ્વાલ ૨૩ વર્ષની ઉંમર પુરી થાય તે પહેલાં બે સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બની ગયો




મુંબઈ,

યશસ્વી જાયસવાલે શાનદાર સદી ફટકારી રાજસ્થાન રોયલ્સને મુંબઈ ઈન્ડીયન્સ વિરૂદ્ધ મોટી જીત પ્રાપ્ત કરી.આઈપીએલ ૨૦૨૪ ની ૩૮મી મેચમાં રાજસ્થાનની ટીમે ૯ વિકેટથી મેચને પોતાના નામ કરી દીધી. તેના માટે યશસ્વી જાયસવાલે ૬૦ બોલમાં અણનમ ૧૦૪ રન બનાવ્યા. પોતાની ઈનિંગમાં ૯ ચોગ્ગા અને ૭ સિક્સર ફટકારી. ૨૮ બોલમાં ૩૮ રન બનાવીને નોટઆઉટ રહ્યા. જોસ બટલરે ૨૫ બોલમાં ૩૫ રન બનાવ્યા.

યશસ્વી જાયસવાલે આ મેચમાં સદી ફટકારી આઈપીએલમાં ઈતિહાસ રચી દીધો. તે ૨૩ વર્ષની ઉંમર પુરી થાય તે પહેલાં ટૂર્નામિન્ટમાં બે સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બની ગયા. યશસ્વી જાયસવાલે ગત વર્ષે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ વિરૂદ્ધ ૧૨૪ રન બનાવ્યા હતા. ત્યારે તેમની ઉંમર ૨૧ વર્ષ ૧૨૩ દિવસ હતી. જ્યારે જયપુરમાં અણનમ ૧૦૪ રન બનાવ્યા. તેમણે આઈપીએલમાં પોતાની બીજી સદી ૨૨ વર્ષ ૧૧૬ દિવસની ઉંમરમાં લગાવ્યા.

યશસ્વીએ મુંબઈ સામે બીજી સદી ફટકારી હતી. એક ટીમ સામે બે સદી ફટકારનાર તે પાંચમો બેટ્સમેન છે. આ મામલે કેએલ રાહુલ પ્રથમ સ્થાને છે. તેણે મુંબઈ સામે ૩ સદી ફટકારી છે. ક્રિસ ગેલે પંજાબ કિંગ્સ સામે ૨ સદી, વિરાટ કોહલીએ ગુજરાત લાયન્સ વિરુદ્ધ ૨ સદી, ડેવિડ વોર્નરે કોલકાતા નાઈટ રાઈડર્સ વિરુદ્ધ ૨ સદી ફટકારી છે.

## પાલિતાણામાં પ્રચાર વખતે ક્ષત્રિયો દ્વારા વિરોધ પ્રદર્શન

ભાવનગર,તા.૨૫

ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામેનો ક્ષત્રિય સમાજનો વિરોધ યથાવત રહ્યો છે અને વ્યાપક બન્યો છે ત્યારે ભાવનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પાલીતાણા વિસ્તારમાં પ્રચાર કાર્યમાં હતા જે દરમિયાન નવાગામ બડેલી પાસે ક્ષત્રિય યુવાનોએ નારા લગાવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. ભાજપના ઉમેદવાર પાલીતાણા વિસ્તારમાં પ્રચાર કાર્યમાં હતા જે દરમિયાન નવાગામ બડેલી પાસે ક્ષત્રિય યુવાનોએ નારા લગાવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આથી વાતાવરણ તંગ બન્યું હતું અને પોલીસ હરકતમાં આવી હતી.

# ભાવનગર યુનિ.માં ઉનાળાનુ વેકેશન ૯મી મેથી શરૂ થશે

## લોકસભાની ચૂંટણીમાં તમામને ફરજ સોંપાઈ હોય વેકેશનની તારીખમાં ફેરફારની વ્યાપક રજૂઆતો મળતા લેવાયેલો નિર્ણય

ભાવનગર, તા.૨૫

ભાવનગર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪નું એકેડેમિક કેલેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં પરીક્ષાની તારીખ ધ્યાને લઈને દ્વિતીય સત્રમાં ફેરફાર કરવામાં આવેલો જેમાં ઉનાળુ તારીખમાં શરત ચૂક થયેલ હોય શિક્ષણ વિભાગના કોમન એકેડેમિક કેલેન્ડર અનુસાર આ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ઉનાળુ વેકેશનની તારીખ જાહેર કરવામાં આવી છે જે મુજબ તારીખ ૧ મેથી અનુસ્નાતક અને પહેલી મેથી સ્નાતક કોલેજો માટે ઉનાળુ વેકેશન જાહેર કરાયું હતુ પણ લોકસભાની ચૂંટણી હોય તમામને ફરજ હોય વેકેશનની તારીખમાં ફેરફારની વ્યાપક રજૂઆતો મળતા અંતે હવે ગુજરાત યુનિ.એ તો તા.૯ મેથી તા.૨૩ જૂન સુધી ઉનાળુ વેકેશન જાહેર કરાયું છે.

હવે જ્યારે કોમન યુનિ. એક્ટ હોય સમગ્ર ૧૪ સરકારી યુનિ.માં એક સમાન નિયમ લાગુ પડતા હોય ભાવનગર યુનિ.માં પણ તા.૧ મેને બદલે ૯ મેથી વેકેશન આરંભાશે અને ૧૬ જૂનને બદલે ૨૩ જૂને ઉનાળુ વેકેશન ખુલશે.

સ્નાતક કક્ષાની કોલેજો માટેના વિદ્યાર્થીઓ માટે ઉનાળુ વેકેશન તારીખ પહેલી મેથી તારીખ ૧૬ જુન સુધી એટલે કે ૪૭ દિવસ માટે જાહેર કરવામાં આવ્યું હતુ. પણ હવે ગુજરાત યુનિ.એ લોકસભા ચૂંટણીને ધ્યાને લઈને ગુજરાત યુનિ.ના તમામ ભવનો અને કોલેજોમાં ઉનાળુ વેકેશન તા.૯ મેથી તા.૨૩ જૂન સુધી જાહેર કરાયું છે. હવે ભાવનગરની યુનિ. દ્વારા પણ વેકેશનની તારીખમાં ફેરફાર કરવામાં આવે તેવું અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઝંખી રહ્યાં છે.

# ભાવનગર સીટીઝન કાઉન્સિલના પ્રમુખ પ્રકાશ બોસમીઆ સહિત ટીમનો પદગ્રહણ સમારોહ

## ૧૦૦ વખત રક્તદાન કરનાર ઉપપ્રમુખ ભાવેશ ગાંધીનુ કરાયુ સન્માન

ભાવનગર,તા.૨૫

ભાવનગર સીટીઝન કાઉન્સિલ સંસ્થાના ૨૦૨૪-૨૬ના વર્ષ માટે પ્રમુખ તરીકે પ્રકાશભાઈ બોસમીઆની નિમણૂક થતા તેમનો તથા ટીમનો પદગ્રહણ સમારંભ કમિશ્નર એન. વી. ઉપાધ્યાયના મુખ્ય મહેમાન પદે તથા મહેન્દ્રભાઈ શાહ, પ્રભાતસિંહ ગોહિલ, ભરતભાઈ શેઠ અને ધર્મેન્દ્રભાઈ મહેતાના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. આ પ્રસંગે કીર્તન સ્વામીએ આશીર્વચન પાઠવ્યા હતા.

ભાવનગર શહેરના અનેક પ્રશ્નોને વાચા આપી અને તેના ઉકેલ માટે યોગ્ય ફોરમમાં રજૂઆત કરવા માટે લગભગ ૨૦૦૨થી ભાવનગરના પ્રબુદ્ધ સંસ્કારી અને ખૂબ જ ઉમદા વ્યક્તિત્વ ધરાવનારા નાગરિકો દ્વારા આ



સંગઠનની રચના કરવામાં આવી છે. કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના તજજ્ઞો અને સામાજિક ધાર્મિક પ્રવૃત્તિ કરનારા અનેક લોકો આ સંસ્થા સાથે જોડાયેલા છે. આ સંસ્થા સાથે રેલવે, એરપોર્ટ, જીએસટી, આઈટી, તબીબી, બેંક, સહકારી બેંક, સહકારી સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, ધાર્મિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, ચેમ્બર્સ વિવિધ ધંધાકીય સંગઠનોના પ્રમુખો અને ટ્રસ્ટીઓ જેવા અનેક આગેવાનો જોડાયેલા છે. નવ નિયુક્ત પ્રમુખ પ્રકાશભાઈ બોસમીઆ ભાવનગરની અનેક સંસ્થાઓ સાથે જોડાયેલ છે તેઓ ભાવનગરની નાગરિક સહકારી બેંકના ચેરમેન પણ રહી ચૂક્યા છે.

ભાવનગર સીટીઝન કાઉન્સિલના ઉપપ્રમુખ ભાવેશભાઈ ગાંધી દ્વારા ૧૦૦ વખત રક્તદાન કરવા બદલ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ આગામી લોકસભામાં તા.૭ મેના રોજ મતદાન કરવા માટેના ઉપસ્થિત તમામા લોકોએ સપથ લીધા હતા. આ કાર્યક્રમનું સંચાલન દેવેન્દ્રભાઈ ત્રિવેદીએ કરેલ હતું.

## પ્રિ-લીટીગેશન લોક અદાલતનો ભાવનગર ખાતે થયેલો પ્રારંભ

ભાવનગર, તા.૨૫

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ દવારા મંજુર કરાયેલા વૈવાહિક વિવાદોના નિરાકરણ માટે કાયમી પ્રિલીટીગેશન લોક અદાલતની પ્રણાલી ગુજરાત રાજયમાં આવેલ તમામ જિલ્લા મુખ્ય મથકે આવેલ કોર્ટોમાં પાયલોટ પ્રોજેકટ તરીકે સ્થાપિત કરવામાં આવેલ છે. જેમાં ભાવનગર ખાતે આવેલ મીડીયેશન સેન્ટર, ફેમીલી કોર્ટ બિલ્ડીંગમાં આ સુવિધા સ્થાપિત કરવામાં આવેલ છે. જિલ્લા મુખ્ય મથકે સ્થાપિત કરવામાં આવેલ વૈવાહિક વિવાદોના નિરાકરણ માટે કાયમી પ્રિલીટીગેશન સુવિધાનો પ્રારંભ તારીખ ૧૯/૦૪ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદના મુખ્ય ન્યાયમુર્તિ સુનિતાબેન અગ્રવાલના હસ્તે પ્રત્યક્ષ ઓનલાઈનથી કરવામાં આવેલ છે.

## ડિઝાસ્ટર એન્ડ બેઝિક લાઈફ અંગે માર્ગદર્શન મેળવશે સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓ

ભાવનગર,તા.૨૫

તારીખ ૨૬ને શુક્રવારે ગુજરાત રાજય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપક્રમે ભાવનગર જિલ્લા ભારત સંઘ સાથે જોડાયેલી વિવિધ શાળાના સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓને શિશુવિહાર ખાતે ડિઝાસ્ટર એન્ડ બેઝિક લાઈફ સપોર્ટ CPR અંગે માર્ગદર્શન આપવાનો સેમિનાર બપોરે ૪ થી ૭ દરમિયાન યોજાશે.

આ સેમિનારમાં આપત્તકાલિન કાળજી, જુદા જુદા પ્રકારની ગાંઠો, પાટા તેમજ સીપીઆરનું પ્રેક્ટીકલ જ્ઞાન આપવામાં આવશે. આગ, ધરતીકંપ, પૂર, સુનામી જેવી કુદરતી આફત દરમિયાન ઉપયોગમાં લેવાતા વિવિધ સાધનો વિશે માર્ગદર્શન અને ખ્યાલ પણ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સ્કાઉટીંગ પ્રવૃત્તિમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટનો પ્રાવિણ્ય ચંદ્રક વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં આવે છે ત્યારે આ શિબિરમાં જોડાયેલ બાળકોને તે અંગે વિશેષ જાણકારી મળશે. કુલ ૧૨ શાળાના ૧૫૦ વિધ્યાર્થીઓ અને શિક્ષકો આ તાલીમમાં જોડાશે.

# ખરકડીમા બાલનશાપીરનો ત્રી-દિવસીય ઉર્ષ શરીફ ઉજવાયો

ભાવનગર,તા.૨૪

ઘોઘા તાલુકાના ખરકડી ખાતે આવેલા સુફી સંત હઝરત રોશન જમીર પીર બાલનશાદાદાનો ત્રી દિવસીય ઉર્ષ શરીફ શાનદાર રીતે ઉજવાયો હતો.

આ ઉર્ષ પ્રસંગે દરગાહ શરીફમા મિલાદ શરીફ, કુઆનખ્વાની, સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો સલામ, સામુહિક દુવાઓ, ન્યાઝ શરીફ સહીતના ધાર્મીક કાર્યક્રમો યોજાયા હતા. તેમજ સંદલ શરીફ અને નિશાન શરીફનુ એક જુલુસ બેન્ડ વાજા સાથે ખરકડી ગામમા ફર્યો હતો. આ જુલુસ દરગાહ શરીફ પાસે પહોચતા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ પોલીસ તંત્ર ધ્વારા ગાર્ડ ઓફ ઓનર એટલે કે પોલીસ ધ્વારા સલામી આપી બહુમાન કરાયુ હતુ.

ઉલ્લેખનીય છે કે, હજરત બાલનશાપીર દાદાની



દરગાહ શરીફ ઉપર સર્વ પ્રથમ નિશાન અને ચાદર શરીફ ભાવેણાના રાજવી પરીવાર ધ્વારા ચડાવવામા આવે છે તે મુજબ આ વર્ષે પણ રાજવી પરીવાર ધ્વારા ચાદર શરીફ અને નિશાન શરીફ રાજવી પરીવાર ધ્વારા ચડાવવામાં આવ્યુ હતુ. આ ઉર્ષ પ્રસંગે શહેર તેમજ જીલ્લાના તમામ તાલુકા મથકોમાંથી શ્રધ્ધાળુ લોકો મોટી સંખ્યામા જોડાયા હતા.

## રાજકોટમાં મવડી પોલીસ હેડક્વાર્ટરમાં કોન્સ્ટેબલે ૧૦મા માળેથી પડતું મૂકતા મોત!

રાજકોટ, તા.૨૫

રાજકોટમાં વધુ એક આપઘાતની ઘટના સામે આવી છે. રાજકોટમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ભાર્ગવ બોરીસાગરે મવડી પોલીસ હેડક્વાર્ટર ખાતે બિલ્ડિંગના ૧૦મા માળેથી છલાંગ લગાવી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. બનાવના પગલે પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના મવડી પોલીસ હેડક્વાર્ટર ખાતે બી બ્લોકમાં ૧૦મા માળેથી છલાંગ લગાવી રાજકોટ પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ભાર્ગવ બોરીસાગર (ઉં.વ.૨૩) નામના યુવાને આપઘાત કરી લીધો છે. બનાવ અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ તેમજ આસપાસના લોકો અને પોલીસ પરિવારના લોકો એકઠા થઈ ગયા હતા. પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પોલીસ કોન્સ્ટેબલે આજે કરેલા આપઘાતના બનાવ અંગે પરિવારજનો પણ કોઈ ચોક્કસ કારણ જાણતાં ન હોવાથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતી મચ્છુકઠીયા જ્ઞાતિના પ્રમુખ સેક્રેટરી સામે ૫ કરોડનો માનહાની દાવો

## મુખ્યદાતાને નીચા દેખાડવા તેમના વિરૂદ્ધની પત્રિકા જ્ઞાતિના અન્ય લોકોને મોકલાઈ હતી

રાજકોટ, તા.૨૫

સમાજના આગેવાને ધર્માધિકારીની ભૂમિકા નિભાવવાના બદલે લાગતા વળગતાઓને આગળ કરી મુખ્ય દાતાઓને નીચા દેખાડવા પ્રયત્ન કરાતા ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિના પ્રમુખ, સેક્રેટરી સામે મુખ્ય દાતાએ ૫ કરોડનો માનહાનીનો દાવો કરતા ખળભળાટ મચી ગયો છે.આ અંગે વિમલભાઈ ચાવડા દ્વારા જ્ઞાતીના આગેવાનો વિરૂદ્ધ રાજકોટ શહેર પોલીસ રૂબરૂ આઈ.પી.સી.કલમ ૪૦૬, ૪૨૦ મુજબ વિશ્વાસઘાત અને છેતરપીંડી અંગેની ફોજદારી ફરીયાદ નોંધવા ફરિયાદ કરાઈ છે. શ્રી ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિ રાજકોટ સહયોગ વાડી ૧૫/૬ ભકિતનગર સોસાયટી ધર્મજીવનદાસજી માર્ગ, ઢેબર રોડ, રાજકોટના ટ્રસ્ટી પ્રમુખ સહિતના હોદ્દેદારો તરીકે કાર્યરત આગેવાનો દ્વારા જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોમાં તેમજ નાણાકીય વહિવટમાં મનસ્વી રીતે ચલાવતા હોવા અંગે જ્ઞાતિના સભ્ય અને અગ્રણી દાતા વિમલભાઈ




દિલીપભાઈ ચાવડાએ સણસણતો આક્ષેપ કર્યો છે. તેમણે આ મામલે સમાજના હોદેદારોનું ધ્યાન દોયું હતું. તેમજ આ મામલે લીટીગેશન થયા હતાં. ત્યારે જ્ઞાતિના હોદેદારો દ્વારા કોર્ટમાં જે પ્રકારનું અંડરટેઈકીંગ આપવામાં આવ્યું હતું.એ મુજબનું પાલન થયું નથી.આથી જ્ઞાતિના જાગૃત સભાસદ, સભ્ય દરજ્જે વિમલભાઈ ચાવડાએ ધ્યાન દોરી અંડરટેઈકીંગ મુજબનું પાલન કરવા વિનંતી કરી હતી. પરંતુ અમુક હોદેદારોએ પોતાની રીતે મનઘડંત વાણી, વર્તન, વ્યવહાર, કરતા જ્ઞાતિના જવાબદાર હોદેદાર તથા સભ્ય ધર્મેન્દ્રભાઈ પરમાર(સભ્ય) અને ભરતભાઈ દુદકીયા (પ્રોજેક્ટ ચેરમેન) વિરૂદ્ધ રાજકોટ સિવિલ કોર્ટમાં વિજ્ઞાનપન થવા કાયમી મનાઈ હુકમ મેળવવાનો દાવો દાખલ કર્યો હતો.આ દાવા અંગેની નોટિસ સમન્સ જ્ઞાતિના જવાબદાર હોદેદારો અને સભ્યોને બજી જતાં તેઓએ અંડરટેઈકીંગ મુજબ વર્તવાના બદલે સમગ્ર સમાજમાં બદનામી થાય તેવા પ્રયત્નો કર્યા હતા વિમલભાઈએ જ્ઞાતિના પ્રમુખ પરેશભાઈ ચાવડા અને સેક્રેટરી ગૌરવભાઈ ચાવડા વિરૂદ્ધ રૂપિયા પાંચ કરોડનો માનહાનીનો દાવો દાખલ કરેલ છે.વિમલભાઈ ચાવડાઆએ જ્ઞાતિના હોદેદારો, આગેવાનો વિરૂદ્ધ વિશેષમાં કરેલા આક્ષેપ મુજબ કાર્યક્રમ સામે મૌખિક વિરોધ કરાતા દાવામાં જણાવેલા આરોપીઓ દ્વારા તેઓને બદનામ કરવા તેમના વિરૂદ્ધ લખાણવાળી પત્રિકા પ્રસિદ્ધ કરાવી હતી. બદનામ કરવાના ઈરાદે આવી પત્રિકાઓ જ્ઞાતિના અન્ય સભ્યોને પોસ્ટ મારફત મોકલી સમાજમાં નીચા દેખાડવાનું હિન કાર્ય કર્યાનો આક્ષેપ પણ કર્યો છે. આ કેસમાં વિમલભાઈ ચાવડા વતી એડવોકેટ તરીકે ભગીરથસિંહ ડોડીયા તથા દીવાની દાવામાં પરેશ મારૂ રોકાયેલ છે.

# એએસઆઈના ઢોરમારથી ઘવાયેલા બીજા યુવકનું પણ મોત,લાશ સંભાળવા ઈનકાર

રાજકોટ, તા.૨૫

રાજકોટના ગોંડલ રોડ પર ખોડિયારનગરમાં રહેતા રાજુભાઇ ભગવાનજીભાઇ સોલંકી (ઉ.વ.૪૦)ને ગત તા.૧૫ની રાત્રીના તેમની પાડોશમાં રહેતા વ્યક્તિ સાથે માથાકૂટ થતાં પાડોશીએ માલવિયાનગર પોલીસને બોલાવી હતી. પોલીસને બોલાવતાં રાજુભાઇનો પુત્ર જય સોલંકી આંબેડકરનગરમાં દોડી ગયો હતો અને રાજુભાઇના મિત્ર હમીરભાઇ દેવજીભાઇ રાઠોડને બોલાવી આવ્યો હતો. હમીરભાઇ સમાધાનનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે માલવિયાનગર પોલીસ સ્ટેશનના એએસઆઇ અશ્વિન કાનગડ રાજુભાઇ સોલંકી, જય સોલંકી અને હમીરભાઇ રાઠોડને ઉઠાવી ગયા હતા.ત્રણેયને પોલીસ સ્ટેશનમાં ઢોરમાર મારવામાં આવ્યો હતો અને મોડીરાત સુધી ત્રાસ આપ્યા બાદ જવા દેવાતા ઘવાયેલા રાજુભાઇ અને હમીરભાઇને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી હમીરભાઇ સોલંકીનું તા.૧૬ના રાત્રીનાં મોત નીપજ્યું હતું. હમીરભાઇનું પોલીસના મારથી મોત નીપજતા એએસઆઇ અશ્વિન કાનગડ સહિતનાઓ સામે હત્યાનો ગુનો નોંધવાની માંગ સાથે તેમના પરિવારજનો સહિતનાઓએ દેખાવ કરી આક્રોશ ઠાલવ્યો હતો અને અંતે પોલીસે અશ્વિન કાનગડ સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો. ગુનો નોંધાતા જ અશ્વિન કાનગડ નાસી ગયો હતો અને મંગળવારે પોલીસે તેની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ પર લીધો હતો.દરમિયાન પોલીસના મારથી ઘવાયેલા રાજુભાઇ સોલંકીની બુધવારે સવારે તબિયત લથડતાં તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેમનું બુધવારે રાત્રે મોત નીપજ્યું હતું. રાજુભાઇના મૃત્યુના સમાચાર વાયુવેગે ફેલાઇ જતાં લોકોના ટોળાં હોસ્પિટલે ઊમટી પડ્યા હતાઈ

## મુત્રાશયનાં રોગોની હોમિયો પેથિક સારવાર દ્વારા ત્રિ-દીવસીય 'ફ્રી' નિદાન કેમ્પ

સીતારામ જનરલ હોસ્પિટલ, ૧૦૨ રાધા એપાર્ટમેન્ટ, રાધા મંદિર, માધવ દર્શન સામે, ભાવનગર ખાતે તા.૨૪-૦૪-૨૦૨૪ થી તા.૨૬-૦૪-૨૦૨૪ (બુધ - ગુરૂ - શુક ) એમ ત્રિ-દિવસીય કેમ્પ સવારે ૯ થી ૧, મુત્રાશયના રોગો જેવા કે કીડનીની પથરી, નળીની પથરી , પેશાબની કોથળીની પથરી, પિત્તાશયની પથરી, પેશાબનો અટકવા, પેશાબમાં રસી થવી, પેશાબમાં બળતરા થવી તેમજ પ્રોસ્ટેટની તકલીફ વગેરે રોગોની હોમિયોપેથિક સારવારનો તેમજ ત્રિ-દીવસીય 'ફ્રી' નિદાન કેમ્પનો લાભ લેવા ભાવનગરની જનતાને અનુરોધ છે.

## જન્મદિન શુભેચ્છા

### પત્રકાર દિપક ઠક્કરના પુત્ર ધ્રુમિતનો જન્મ દિવસ



ભાવનગરના પત્રકાર દિપક ઠક્કરના પુત્ર ધ્રુમિત ઠકકરનો આજે જન્મ દિવસ છે. તે પોતાનો જન્મદિવસ દાદા સ્વ. ધનસુખભાઈ, દાદી કાંતાબેન, પપ્પા દિપકભાઈ, મમ્મી મીરાબેનના આશીર્વાદ લઈ પ્યારી દીદી પાર્થવી અને મિત્રો સાથે જન્મ દિવસની કેક કાપી ધામધૂમથી ઉજવણી કરશે. ધૃમિતને જન્મદિવસની શુભેચ્છા આપવા ડાયલ કરો મો.નં. ૯૬૬૨૪૯૯૭૮૦.

## મંદબુધ્ધી બાળકો માટે વિનામુલ્યે તાલીમ શિક્ષણ

ભાવનગર, તા.૨૫

ભાવનગરની અંકુર મંદબુધ્ધીવાળા બાળકોની શાળામાં આગામી નવા શૈક્ષણિક વર્ષ – ૨૦૨૪ માટે ૩ થી ૬ વર્ષના બાળકો માટે બાલવાટીકા તથા ૬ વર્ષથી ઉપરના બાળકો માટે શાળામાં વિના મુલ્યે તાલીમ, શિક્ષણ, તથા વિવિધ થેરાપીઓ જેમ કે સ્પીચ થેરાપી, ફિઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, મ્યુઝિક થેરાપી આપવામાં આવે છે. વિનામુલ્યે પ્રવેશ માટે સોમ થી શુક્ર બપોરે ૧૨ થી સાંજના ૫ દરમ્યાન આચાર્યનો સંપર્ક કરવા જણાવાયું છે.

## અવસાન નોંધ

### શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ મરણ

ધનવંતરાય અમૃતલાલ પંડ્યા (ઉં.વ.૮૪) (ટ્રસ્ટી વારાહી મંદિર - તળાજા) તે સ્વ.શાંતાબેન તથા સ્વ.અમૃતલાલ પંડ્યાના પુત્ર ગં.સ્વ.મંજુલાબેનના પતિ તથા દક્ષેશ (માર્કેટયાર્ડ) પ્રશાંત (ટીકા ભાઈ) અને લીના ભટ્ટ (કેનેડા)ના પિતાશ્રી તથા સ્વ.હર્ષદરાય, સ્વ.રમણીકલાલ, સ્વ.નૌતમલાલ તથા સ્વ.સવિતાબેન સ્વ.વિમળાબેન, સ્વ.પ્રભાબેન અ.સૌ.અનુબેન (નીલાબેન - ઓસ્ટ્રેલિયા)ના ભાઈ તથા નૈમીશ ભટ્ટ (કેનેડા), અ.સૌ. હિરલ, અ.સૌ.સંધ્યાના સસરા તથા હર્ષિત, રુદ્ર અને ઉન્નતિના દાદા, પ્રિયંક અને સિદ્ધાર્થના નાના તથા સ્વ કાંતિલાલ મૂળશંકર ત્રિવેદીના જમાઈ, સ્વ.જયંતભાઈ અને ભાસ્કરભાઈના બનેવી તા.૧૯ના રોજ કૈલાસવાસી થયેલ છે. તેઓની સંયુક્ત સાદડી ૨૬ને શુક્રવારે ૪-૩૦ થી ૬-૩૦ વિ.નં.૧ રામવાડી ભીડભંજન મહાદેવ સામે ભાવનગર રાખેલ છે.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

**અરજી નં.૫૨/૨૦૨૪**
**જ.તા.૧૧/૧૦/૧૯૭૭**

**શ્રી ધામેલિયા સંગીતા ત્રિભોવનદાસ**
**રહે.-૧-બી/૨૧૪, કલ્પતરૂ ગાર્ડન બિલ્ડીંગ નં.૧એબીસી સી.એસ.એસ., પ્રા.લી, અશોક ચક્રવર્તી રોડ, ઈસ્ટ વેસ્ટ ફલાયઓવર બ્રિજ, કાંદીવલી(ઈસ્ટ),મુંબઈ**

**વિરૂદ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી**
**ભાવનગર**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ધામેલિયા સંગીતા ત્રિભોવનદાસ રહે.-૧-બી/૨૧૪, કલ્પતરૂ ગાર્ડન બિલ્ડીંગ નં.૧ એબીસી સી.એસ.એસ., પ્રા.લી, અશોક ચક્રવર્તી રોડ, ઈસ્ટ વેસ્ટ ફલાયઓવર બ્રિજ, કાંદીવલી(ઈસ્ટ),મુંબઈ તેમનો જન્મ ૧૧/૧૦/૧૯૭૭ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલ મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમિયાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજરોજ તા.૧૯/૦૪/૨૦૨૪ માહેઃએપ્રિલ સને ૨૦૨૪ રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**હુકમથી**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**

---

**અરજદાર તરફે વિ.વ. શ્રી આર.પી.વાળા**

**પાલીતાણાના મ્હે. એડી.ચીફ જ્યુડી. મેજી.સાહેબની કોર્ટમાં,**
**(શ્રી આર.વી.પટેલસાહેબની કોર્ટમાં)**

**મુકેશભાઈ ગોરધનભાઈ ખસીયા,**
**ઉ.વ.આ.૫૨, ધંધો - ખેતી,**
**રહે.માંડવડા ગામ, તા.પાલીતાણા ...અરજદાર**

**પર.ફોજ અરજી નં. ૧૮૬/૨૦૨૪**
**મુ. તા : ૨૦/૦૫/૨૦૨૪**

**વિરૂધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી**
**માંડવડા ગ્રામ પંચાયત કચેરી,**
**તા.પાલીતાણા, જી.ભાવનગર .....સામાવાળા**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા**

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે આ કામના ઉપરોક્ત જણાવેલ અરજદારે તેમના પુત્ર આશીષકુમાર મુકેશભાઈ ખસીયાનો જન્મ તા.૨૧/૦૨/૨૦૦૨ના રોજ ગામ, માંડવડા ગામ, તા.પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મતલબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દાખલ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૦/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૧૦ : ૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે .

આજરોજ તા.૨૨ માહે : એપ્રિલ, સને-૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**તૈયાર કરનાર,**
**(વી.એમ.ગોહીલ)**
**આસિસ્ટન્ટ.**
**જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ,**
**પાલીતાણા**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એચ.આર.ગોહેલ)**
**ડે. રજીસ્ટ્રાર**
**જ્યુડી. મેજી.ફ.ક.કોર્ટ,**
**પાલીતાણા**

---

**અરજદાર તરફે વિ.વ. શ્રી આર.પી.વાળા**

**પાલીતાણાના મ્હે. એડી.ચીફ જ્યુડી. મેજી.સાહેબની કોર્ટમાં,**
**(શ્રી આર.વી.પટેલસાહેબની કોર્ટમાં)**

**બચુભાઈ કેશવભાઈ ચૌહાણ,**
**ઉ.વ.૪૫, ધર્મે-હિન્દુ, ધંધો - ખેતી,**
**રહે.જાળીયા (મા) ગામ, તા.પાલીતાણા ...અરજદાર**

**પર.ફોજ અરજી નં. ૧૮૨/૨૦૨૪**
**મુ. તા : ૧૮/૦૫/૨૦૨૪**

**વિરૂધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી**
**જાળીયા (મા) ગ્રામ પંચાયત કચેરી,**
**મું.જાળીયા (મા) ગામ,તા.પાલીતાણા, .....સામાવાળા**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા**

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે આ કામના ઉપરોક્ત જણાવેલ અરજદારે તેમના માતા સ્વ. ફુલબાઈબેન કેશવભાઈ ચૌહાણનું મરણ તા-૨૩/૦૮/૨૦૦૬ના રોજ જાળીયા (મા) ગામ, તા.પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મતલબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દાખલ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૧૮/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૧૦ : ૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે .

આજરોજ તા.૨૨ માહે : એપ્રિલ, સને-૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**તૈયાર કરનાર,**
**(વી.એમ.ગોહીલ)**
**આસિસ્ટન્ટ.**
**જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ,**
**પાલીતાણા**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એચ.આર.ગોહેલ)**
**ડે. રજીસ્ટ્રાર**
**જ્યુડી. મેજી.ફ.ક.કોર્ટ,**
**પાલીતાણા**

---

**અરજદાર તરફે વિ.વ. જયદિપસિંહ ગોહિલ પાલીતાણા**

**પાલીતાણાના મ્હે. એડી.ચીફ જ્યુડી. મેજી.સાહેબની કોર્ટમાં,**

**લાલુભા મનુભા ગોહિલ,**
**રહે. મું.સેંજળીયા**
**પાલીતાણા, જી.ભાવનગર ...અરજદાર**

**પર.ફોજ અરજી નં. ૧૮૭/૨૦૨૪**
**મુ. તા : ૨૧/૦૫/૨૦૨૪**

**વિરૂધ્ધ**

**જન્મ/મરણ નોંધણી અધિકારીશ્રી,**
**સેંજળીયા ગ્રામ પંચાયત કચેરી,**
**તા.પાલીતાણા. જી.ભાવનગર, .....સામાવાળા**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા**

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદાર ગોહીલ લાલુભા મનુભા ગામ-સેંજળીયા, તા.પાલીતાણાવાળાઓએ તેમના દાદીશ્રી ''પુરીબા અખુભા ગોહીલ''નું મરણ તા-૦૧/૦૨/૨૦૦૬ના રોજ ગામ-સેંજળીયા, તા.પાલીતાણા મુકામે થયેલ છે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે જે મુજબ અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દાખલ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૧/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૧૦ : ૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે .

આજરોજ તા.૨૩ માહે : એપ્રિલ, સને-૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**તૈયાર કરનાર,**
**(એ.બી.કુરેશી)**
**આસિસ્ટન્ટ.**


**મુકાબલ કરનાર**
**(વી.વી.દસાડિયા)**
**ડે.રજીસ્ટાર**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(જે.કે.અંધારીયા)**
**રજીસ્ટ્રાર**
**પ્રિન્સી.સિનિ.સિવિલ અને એડી.ચીફ જ્યુડી.મેજી.કોર્ટ, પાલીતાણા**

# કોંગ્રેસ બંધારણને નફરત કરે છે, હવે એજન્ડા પણ બહાર આવી ગયો-મોદી

**સાગરમાં પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું: ગત વખતે તમે ભાજપને અહીંથી રેકોર્ડબ્રેક જીત અપાવી હતી. સાગરે ફરી મન બનાવી લીધું છે, ફરી એકવાર મોદી સરકાર**



ભોપાલ,તા.૨૪

પીએમ મોદીએ કહ્યું કે વિકાસ ત્યારે થાય છે જ્યારે સાચી નીતિઓ હોય, સાચો વિઝન હોય, તેથી દેશ હોય કે મધ્યપ્રદેશ, વિકાસ ત્યારે જ થયો જ્યારે કોંગ્રેસ ડાબી અને ભાજપ આવી. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસના સમયમાં સાંસદની ઓળખ બીમાર રાજ્યની હતી. આજે એ જ મધ્યપ્રદેશ ભાજપ સરકારના શાસનમાં વિકાસની નવી ગાથા લખી રહ્યું છે. તેમણે કહ્યું કે મધ્યપ્રદેશમાં કેન બેતવા લિંક યોજનાનું ઐતિહાસિક કાર્ય શરૂ થયું છે. એમપીમાં સારા હાઈવેનું નેટવર્ક બનાવવામાં આવી રહ્યું છે. નર્મદા પ્રગતિ પથ હોય, વિંધ્ય પ્રગતિ પથ હોય અને મધ્ય ભારત પ્રગતિ પથ હોય, બુંદેલખંડ પ્રગતિ પથ હવે નવા મધ્યપ્રદેશની ઓળખ બની રહ્યો છે.પીએમ મોદીએ કહ્યું કે આજે કોંગ્રેસ વિશે એક એવું સત્ય દેશની સામે આવ્યું છે, જેને સાંભળીને દરેક દેશવાસી સ્તબ્ધ થઈ ગયો છે. આપણું બંધારણ સ્પષ્ટપણે મનાઈ ફરમાવે છે કે ધર્મના આધારે કોઈને અનામત આપવામાં આવશે નહીં. બાબા સાહેબ આંબેડકર પોતે ધર્મના આધારે અનામતના વિરોધમાં હતા, પરંતુ કોંગ્રેસે વર્ષો પહેલા ધર્મના આધારે અનામતનો ખતરનાક ઠરાવ લીધો હતો. તેણી તેના સંકલ્પને પૂર્ણ કરવા માટે વિવિધ યુક્તિઓ અપનાવી રહી છે.

પીએમ મોદીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ પાર્ટી દેશના બંધારણને નફરત કરે છે. તેઓ ભારતની ઓળખને નફરત કરે છે. એટલા માટે તેઓ એવા દરેક પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે જે દેશને નબળો પાડે છે અને દેશની વિશ્વસનીયતાને નબળી પાડે છે. આજે કોંગ્રેસનો છુપો એજન્ડા બહાર આવ્યો છે. આજે કોંગ્રેસે કહ્યું છે કે તે વારસાગત ટેક્સ લેશે. તમે સખત મહેનત અને મુશ્કેલીઓ સહન કરીને જે સંપત્તિ બચાવી છે તે કોંગ્રેસની સરકાર બન્યા પછી તમારી પાસેથી લૂંટવામાં આવશે.

કોંગ્રેસ ભારતના સામાજિક મૂલ્યો અને ભારતીય સમાજની ભાવનાઓથી કેટલી દૂર છે. કોંગ્રેસને પારિવારિક મૂલ્યો વિશે કોઈ ખ્યાલ નથી. સમાજને એકબીજામાં લડાવવા માટે આ લોકો અવનવી રણનીતિઓ લઈને આવે છે.

# ભારતે આંદામાનમાં કર્યું ક્રિસ્ટલ મેઝ-૨ મિસાઈલનું સફળ પરીક્ષણ

નવીદિલ્હી,તા.૨૪

ભારતીય વાયુસેનાએ આંદામાન અને નિકોબાર ટાપુના આકાશમાં નવી બેલેસ્ટિક મિસાઈલ 'ક્રિસ્ટલ મેઝ-૨નું સફળ પરીક્ષણ કર્યું છે, જેમાં મિસાઈલે ચોક્કસ નિશાના પર ટાર્ગેટ કરી હિટ કર્યું હતું. આ મિસાઈલ આકાશમાંથી જમીન પર ઝડપી ગતિએ ટાર્ગેટ કરવાની ક્ષમતા ઉપરાંત ૨૫૦ કિલોમીટર દૂર સુધી હુમલો કરવાની તાકાત ધરાવે છે. ઈઝરાયેલની આ મિસાઈલને રોક્સ પણ કહેવામાં આવે છે.

ભારતીય વાયુસેનાએ મિસાઈલના પરીક્ષણ માટે સૌથી ઘાતક ફાઈટર જેટ સુખોઈ સૂ-૩૦ એમકેઆઈનો ઉપયોગ કર્યો હતો. સેનાએ પરીક્ષણ માટે આંદામાન અને નિકોબારની પસંદગી એટલા માટે કરી કે, ત્યાં ત્રણે સેનાનો બેઝ આવેલો છે. ઈઝરાયેલની આ મિસાઈલ ભારતમાં જ બની રહી છે, જેને મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ બનાવાઈ રહી છે. ક્રિસ્ટર મેઝ-૨ મિસાઈલ તેના જૂના વર્ઝન એટલે કે ક્રિસ્ટર મેઝ-૧થી તદ્દન અલગ અને અત્યાધુનિક છે. તેની રેન્જ ૨૫૦ કિલોમીટર છે. આ સ્ટેન્ડ ઑફ રેન્જ એર-ટૂ-સરફેસ બેલેસ્ટિક મિસાઈલ છે.

સૌથી મહત્વની વાત એ છે કે, આ મિસાઈલ સતત મૂવ કરી રહેલી વસ્તુઓને પણ ટાર્ગેટ કરી શકે છે. આ ઉપરાંત મિસાઈલ દૂરની વસ્તુને ટાર્ગેટ કરવા ઉપરાંત દુશ્મનના એર ડિફેન્સ સિસ્ટમનો ખાતમો પણ કરી શકે છે.

# ચૂંટણી પર નિયંત્રણ ના લાવી શકીએ; ડેટા માટે EC પર વિશ્વાસ કરવો પડશે - સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે બુધવારે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનવોટ અને વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલસ્લિપના ૧૦૦% ક્રોસ ચેકિંગની માગ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.જસ્ટિસ સંજીવ ખન્નાએ કહ્યું કે અમે મેરિટની ફરી સુનાવણી નથી કરી રહ્યા. અમે કેટલીક ચોક્કસ સ્પષ્ટતા ઈચ્છતા હતા. અમારી પાસે કેટલાક પ્રશ્નો હતા અને અમને તેના જવાબો મળ્યા. નિર્ણય અનામત રાખ્યો છે.આ કેસની સુનાવણી ૪૦ મિનિટ સુધી ચાલી હતી. હકીકતમાં આ કેસમાં અરજદારો વતી એડવોકેટ પ્રશાંત ભૂષણ, ગોપાલ શંકરનારાયણ અને સંજય હેગડે હાજર થઈ રહ્યા હતા.તે જ સમયે, અત્યાર સુધી ચૂંટણી પંચ વતી એડવોકેટ મનિન્દર સિંહ, અધિકારીઓ અને કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા. આ પહેલા ૧૮ એપ્રિલે જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે વકીલો અને ચૂંટણી પંચની દલીલો ૫ કલાક સાંભળ્યા બાદ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

છેલ્લી સુનાવણીમાં કોર્ટે ચૂંટણી પંચને પૂછ્યું હતું કે શું મતદાન કર્યા પછી મતદારોને VVPAT સ્લિપ ન આપી શકાય? તેના પર ચૂંટણી પંચે કહ્યું- મતદારોને VVPAT સ્લિપ આપવામાં મોટું જોખમ છે.

# શિક્ષક ભરતી કૌભાંડ: મમતા સરકારે ચુકાદાને સુપ્રીમમાં પડકાર્યો



નવીદિલ્હી,

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં મમતા સરકાર સુપ્રીમ કોર્ટ પહોંચી છે અને કોલકાતા હાઈકોર્ટના ચુકાદાને પડકાર આપ્યો છે. મમતા સરકારે સુપ્રીમ કોર્ટને હાઈકોર્ટના ચુકાદા પર પ્રતિબંધ મૂકવાની માગ કરી છે. સરકારે અરજીમાં કહ્યું છે કે હાઈકોર્ટના ચુકાદાથી સ્કૂલોમાં એક મોટું શૂન્ય પેદા થઈ જશે. પશ્ચિમ બંગાળની મમતા સરકારે સુપ્રીમ કોર્ટમાં વર્ષ ૨૦૧૬માં કરવામાં આવેલી શિક્ષણ અને બિનશૈક્ષણિક કર્મચારીઓની લગભગ ૨૪,૦૦૦ નિયુક્તિઓને રદ કરવાના ચુકાદાને પડકાર્યો છે.

ટોચની કોર્ટ સમક્ષ અરજીમાં રાજ્ય સરકારે આરોપ લગાવ્યો છે કે હાઈકોર્ટે મૌખિક દલીલોને આધારે અને રેકોર્ડ પર સોગંદનામાના અભાવે મનમાની રીતે નિમણૂકો રદ કરી દીધી છે. રાજ્ય સરકારે હાઈકોર્ટના ચુકાદા પર પ્રતિબંધ મૂકવાની માગ કરી છે. સરકારે કહ્યું હતું કે આ ચુકાદો પુરાવાની સંપૂર્ણ ઉપેક્ષા કરતાં આપવામાં આવ્યો હતો. કોલકાતા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળમાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત અને સરકારી સહાયતા પ્રાપ્ત સ્કૂલોમાં રાજ્ય સ્તરીય પસંદગી પરીક્ષા-૨૦૧૬ની પ્રક્રિયા દ્વારા બધી નિમણૂકોને રદ કરતાં સોમવારે એને ગેરલાયક ઠેરવી હતી. હાઈકોર્ટે શિક્ષક ભરતીને ગેરકાયદે ઠેરવતાં ૨૪,૦૦૦ ઉમેદવારોની ગેરકાયદે ભરતી પ્રક્રિયા પછી પ્રાપ્ત વેતન પરત લેવાનો આદેશ કર્યો હતો.

આ પહેલાં મમતા બેનરજીએ કહ્યું હતું કે હાઈકોર્ટનો ચુકાદો ગેરકાયદે છે અને સરકાર એ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારશે. હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ સ્કૂલ સર્વિસ કમિશનને નવી નિમણૂક પ્રક્રિયા શરૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

# શિવસેનાના નકલી વડા સોનિયા ગાંધીના ડરથી પ્રાણ પ્રતિષ્ઠામાં નહોતા ગયા - અમિત શાહ

ચૂંટણીની મોસમ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મહારાષ્ટ્રના પૂર્વ સીએમને શિવસેનાના નકલી વડા કહ્યા. તેમણે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રના પૂર્વ સીએમ કોંગ્રેસના પૂર્વ વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીના ડરથી ઉત્તર પ્રદેશના રામ મંદિરમાં રામ લલ્લાના અભિષેક કાર્યક્રમમાં હાજર રહ્યા ન હતા.

મહારાષ્ટ્રના અમરાવતીમાં જનસભા દરમિયાન ગૃહમંત્રીએ કહ્યું- શિવસેનાના પ્રમુખ હોવાનો દાવો કરનારા ઉદ્ધવ ઠાકરે, શિવસેનાના એ જ નકલી પ્રમુખ, આમંત્રણ આપ્યા બાદ પણ ડરના કારણે પવિત્ર સમારોહમાં આવ્યા ન હતા. સોનિયા ગાંધીની. રાહુલ બાબાને પણ આમંત્રણ મળ્યું હતું પરંતુ તેઓ પણ આ કાર્યક્રમમાં આવ્યા ન હતા. આ લોકોએ અભિષેક કાર્યક્રમમાં ભાગ ન લઈને ભગવાન રામનું અપમાન કર્યું છે.

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પર ગુસ્સે ભરાયેલા અમિત શાહે આગળ કહ્યું- ઉમેશ કોલ્હેની હત્યા થઈ અને કહેવાતા 'હિંદુ હિતોના રક્ષક' ઉદ્ધવ ઠાકરેએ કંઈ કર્યું નથી. ઉદ્ધવ બાબુ, તમે બાળા સાહેબના દરેક સંસ્કાર છોડી દીધા છે. હું તમને કહેવા માંગુ છું કે એકનાથ શિંદે બાળા સાહેબના તમામ મૂલ્યો સાથે આગળ વધ્યા છે.

# કોંગ્રેસ આતંકવાદીઓના મોત પર આંસુ વહાવે છે, તેમણે જનતાનો વિશ્વાસ ગુમાવ્યો છે-મોદી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના છત્તીસગઢ પ્રવાસના આજે બીજા દિવસે.સુરગુજામાં આયોજિત વિજય સંકલ્પ શંખનાદ મહારેલીમાં પીએમ મોદીએ કહ્યું કે ભાજપ સરકારે છત્તીસગઢમાં ભ્રષ્ટાચાર અને નક્સલવાદી હિંસા બંને પર અંકુશ લગાવ્યો છે. આ દરમિયાન પીએમએ કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસના ઈરાદા સારા નથી. જ્યારે આતંકવાદીઓ માર્યા જાય છે ત્યારે તેઓ આંસુ વહાવે છે.

પીએમ મોદીએ કહ્યું કે જ્યારે ભાજપે મને વડાપ્રધાન પદનો ઉમેદવાર બનાવ્યો ત્યારે તમે અંબિકાપુરમાં જ લાલ કિલ્લો બનાવ્યો હતો. ત્યારે કોંગ્રેસના જૂથે મારા પર હુમલો કરીને ચર્ચાનું વાવાઝોડું સર્જ્યું હતું. પરંતુ મોદીએ લાલ કિલ્લા પર પહોંચીને રાષ્ટ્રને સંદેશ આપ્યો. આજે અંબિકાપુર વિસ્તાર ફરી એ જ આશીર્વાદ આપી રહ્યો છે - ફરી એકવાર મોદી સરકાર.

તેમણે કહ્યું કે થોડા મહિના પહેલા મેં છત્તીસગઢમાંથી કોંગ્રેસના ભ્રષ્ટ પંજા દૂર કરવા માટે તમારા આશીર્વાદ માંગ્યા હતા, તમે મારી વાત માની અને રાજ્યમાંથી ભ્રષ્ટ પંજા સાફ કર્યા. આજે આપ સૌના આશીર્વાદથી આદિવાસી સમાજનું બાળક સુરગુજાનું એક બાળક છત્તીસગઢના મુખ્યમંત્રી તરીકે રાજ્યનું સ્વપ્ન સાકાર કરી રહ્યું છે. પીએમએ કહ્યું કે જ્યારે હું વિકસિત ભારત કહું છું ત્યારે કોંગ્રેસના લોકો અને વિશ્વની કેટલીક શક્તિઓના માથા ગરમ થઈ જાય છે. જો ભારત શક્તિશાળી બનશે તો કેટલીક શક્તિઓની રમતમાં ખલેલ પડશે. જો ભારત આત્મનિર્ભર બનશે તો કેટલીક શક્તિઓ કામકાજથી દૂર થઈ જશે. એટલા માટે તેઓ ભારતમાં કોંગ્રેસ અને ભારતીય ગઠબંધનની નબળી સરકાર ઈચ્છે છે.

# ભાજપે વરુણ ગાંધીને રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડવાની ઓફર આપી હતી

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી માટે જ્યારે ટિકિટોનું એલાન થઈ રહ્યું હતું ત્યારે પીલીભીત બેઠક પરથી વરુણ ગાંધીને ટિકિટ ન મળતા બધા હેરાન રહી ગયા હતા. ત્યારબાદ અનેક પ્રકારની અટકળોએ જોર પકડ્યુ હતું કે, વરુણ ગાંધી સપા અથવા કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી મેદાનમાં ઉતરી શકે છે. પરંતુ બાદમાં વરુણ ગાંધીએ ખુદ એક પત્ર લખીને સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ ન તો ચૂંટણી લડશે અને ન તો પાર્ટી બદલશે. પરંતુ હવે આ મામલે નવી જાણકારી સામે આવી છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે ભાજપે પીલીભીત લોકસભા બેઠક પરથી વરુણ ગાંધીની ટિકિટ કાપ્યા બાદ તેમને રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડવાની ઓફર આપી હતી. આ મુદ્દે ભાજપના એક વરિષ્ઠ નેતાએ વરુણ ગાંધી સાથે વાત પણ કરી હતી. પરંતુ વરુણ ગાંધીએ આ ઓફર ઠુકરાવી દીધી હતી. વરુણે કહ્યું કે, ભલે કંઈ પણ થઈ જાય પરંતુ હું મારી બહેન સામે ચૂંટણી નહીં લડીશ. એવી ચર્ચા છે કે, રાયબરેલીથી કોંગ્રેસ પ્રિયંકા ગાંધીને ઉમેદવાર બનાવી શકે છે.

# હું ડ્રેસ કોડની વિરુદ્ધ છું, હિજાબ પહેરવાની છૂટ આપવી જોઈએ : જેએનયુ વાઈસ ચાન્સેલર પંડિત

નવીદિલ્હી,

જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જેએનયુ)ના વાઈસ ચાન્સેલર શાંતિશ્રી ડી પંડિતે ડ્રેસ કોડ અને હિજાબ પહેરવા અંગે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ભારતમાં ધર્મ, ભાષા અને 'ડ્રેસ કોડ'માં એકરૂપતા કામ કરતી નથી અને જો કોઈ વિદ્યાર્થી હિજાબ પહેરવા માંગે છે, તો તે તેની પસંદગી છે અને તેને તેમ કરવાની મંજૂરી આપવી જોઈએ.



પંડિતે કહ્યું કે શૈક્ષણિક સંસ્થાઓએ વ્યક્તિગત પસંદગીનો આદર કરવો જોઈએ અને જે વિદ્યાર્થીનીઓ હિજાબ પહેરવા માંગે છે તેમને તેમ કરવાની મંજૂરી આપવી જોઈએ. જ્યારે શૈક્ષણિક સંસ્થાઓમાં ડ્રેસ કોડ અંગેના તેમના વિચારો વિશે પૂછવામાં આવ્યું ત્યારે વાઈસ ચાન્સેલરે કહ્યું કે તે વ્યક્તિગત પસંદગી હોવી જોઈએ.

પંડિતે કહ્યું, 'હું ડ્રેસ કોડની વિરુદ્ધ છું. મને લાગે છે કે નિખાલસતા હોવી જોઈએ. જો કોઈ હિજાબ પહેરવા માંગે છે, તો તે તેની પસંદગી છે અને જો કોઈ તેને પહેરવા ન ઈચ્છતું હોય, તો તેને દબાણ ન કરવું જોઈએ.' પંડિતે કહ્યું, 'જેએનયુમાં લોકો શોર્ટ્સ પહેરે છે અને કેટલાક લોકો પરંપરાગત કપડાં પણ પહેરે છે. આ તેમની પસંદગીની બાબત છે. જ્યાં સુધી તેઓ મને તે કરવા દબાણ ન કરે ત્યાં સુધી મને કોઈ સમસ્યા નથી. ૨૦૨૨ માં કર્ણાટકમાં હિજાબ વિવાદ પ્રકાશમાં આવ્યો હતો.

# હું પાકિસ્તાન તરફી દેશદ્રોહીઓ પાસેથી વોટ નહીં માંગું, ભાજપના નેતા ગિરિરાજ


નવીદિલ્હી,

પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહેનાર બેગુસરાય સીટના ઉમેદવાર અને બીજેપી સાંસદ અને કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે ફરી એકવાર એવું નિવેદન આપ્યું છે જે નવો રાજકીય વિવાદ સર્જી શકે છે. ગિરિરાજ સિંહે કહ્યું છે કે તેઓ પાકિસ્તાન તરફી દેશદ્રોહીઓ પાસેથી વોટ માંગવા બેગુસરાય લોકસભા ક્ષેત્રમાં નહીં જાય. તમને જણાવી દઈએ કે બિહારની બેગુસરાય સીટ પર ચોથા તબક્કાનું મતદાન ૧૩ મેના રોજ થશે. બીજેપીના ફાયર બ્રાન્ડ લીડર ગિરિરાજ સિંહનો અહીં કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના ઉમેદવાર અવધેશ રાયનો મુકાબલો થશે. બેગુસરાઈ બેઠકનું પ્રતિનિધિત્વ હાલમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના ફાયરબ્રાન્ડ નેતા ગિરિરાજ સિંહ કરી રહ્યા છે.

હકીકતમાં, બીજેપી નેતા ગિરિરાજ સિંહે ૧૯ એપ્રિલના રોજ બેગુસરાયમાં ચૂંટણી પ્રચાર દરમિયાન કથિત રીતે કહ્યું હતું કે તેઓ પાકિસ્તાન સમર્થક રાષ્ટ્ર વિરોધીઓ અને રાષ્ટ્રવાદ સાથે સમસ્યા ધરાવતા લોકો પાસેથી વોટ માંગશે નહીં. સીપીઆઈએ ગિરિરાજના આ નિવેદન સામે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી હતી.

# સ્વાસ્થ્ય વીમા પોલિસી ખરીદનાર માટેની વય મર્યાદા દૂર

**આરોગ્ય વીમાનો નવો નિયમ વૃદ્ધો માટે રાહત રૂપ : વરિષ્ઠ નાગરિકોને હપ્તામાં ચુકવણી કરવાની સુવિધા પણ રાખવા ઈરડાએ આપી સુચના**



નવીદિલ્હી,

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ૧ એપ્રિલથી સ્વાસ્થ્ય વીમા પોલિસી ખરીદનારાઓ માટેની વય મર્યાદા દૂર કરી છે. અગાઉ નવી હેલ્થ પોલિસી ખરીદવાની છૂટ ૬૫ વર્ષની ઉંમર સુધી જ હતી. ૧ એપ્રિલ, ૨૦૨૪થી સ્વાસ્થ્ય વીમા પોલિસી માટે અમલમાં આવેલા આ નવા નિયમમાં, IRDAIએ વીમા કંપનીઓને કોઈપણ પ્રકારની પૂર્વ-અસ્તિત્વમાં રહેલી મેડીકલ કંડીશન ધરાવતા લોકોને સ્વાસ્થ્ય પોલિસી પ્રદાન કરવાનો આદેશ આપ્યો છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે જો વરિષ્ઠ નાગરિકોને એક જ વારમાં પ્રીમિયમ ચૂકવવામાં મુશ્કેલી પડી રહી છે, તો તેમને હપ્તામાં ચુકવણીની સુવિધા મળવી જોઈએ.

આયુષ સારવાર કવરેજ પર કોઈ મર્યાદા નથી. આયુષ સારવારમાં કોઈપણ મર્યાદા વિના વીમા રકમ કવરેજ ઉપલબ્ધ થશે. પરિપત્ર મુજબ, IRDAI એ સ્વાસ્થ્ય વીમાનો વેઈટિંગ પિરિયડ પણ ઘટાડીને ૪૮ મહિનાને બદલે ૩૬ મહિના કરી દીધો છે. IRDAIએ વીમા કંપનીઓને કોઈપણ પૂર્વ-અસ્તિત્વમાં રહેલી તબીબી સ્થિતિ ધરાવતી વ્યક્તિઓને સ્વાસ્થ્ય વીમા પોલિસી ઑફર કરવાનો આદેશ પણ આપ્યો છે. તે વીમા કંપનીઓને હૃદય, કેન્સર અને એડ્સ જેવા ગંભીર રોગોથી પીડિત દર્દીઓને પોલિસી આપવાનો ઈનકાર કરવા પર પણ પ્રતિબંધ મૂકે છે. ઈન્સ્યોરન્સ બ્રોકર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ સુમિત બોહરા કહે છે.

'આ એક સારું પગલું છે, પરંતુ આ વયજૂથ માટે યોગ્ય પ્રોડક્ટ્સ ડિઝાઈન કરવાનું વીમા કંપનીઓ પર છોડી દેવામાં આવશે. નવા પ્રોડક્સ ચોક્કસપણે પૂર્વ-રોગ માટે રાહ જોવાનો સમયગાળો ઘટાડવો જોઈએ. ગ્રેડેડ

# વિશાખાપટ્ટનમ આંધ્રપ્રદેશનું ડેસ્ટિની બની જશે-મુખ્યપ્રધાન જગન મોહન રેડ્ડી

વિશાખાપટ્ટનમ,

આંધ્રપ્રદેશના સીએમ વાયએસ જગન મોહન રેડ્ડીએ ગયા વિશાખાપટ્ટનમમાં 'મેમંથા સિદ્ધમ યાત્રા' દરમિયાન એક સભાને સંબોધી હતી. અહીં તેમની સાથે રાજ્યના શિક્ષણ મંત્રી અને પાર્ટીના વરિષ્ઠ નેતા બોત્ચા સત્યનારાયણ પણ મંચ પર હાજર હતા. દરમિયાન, મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીએ ભાવનાત્મક ભાષણ આપ્યું, રાજ્યના શિક્ષણ પ્રધાન અને વરિષ્ઠ નેતા બોચા સત્યનારાયણને આંસુઓથી છોડી દીધા. તેમજ આ ક્ષણને કેમેરામાં કેદ કરવામાં આવી હતી.

સત્યનારાયણ વિશે બોલતા, મુખ્ય પ્રધાન રેડ્ડીએ તેમની તુલના તેમના પિતા સાથે કરી અને તેમની ખૂબ પ્રશંસા કરી. આ પછી મુખ્યમંત્રીએ કહ્યું, "બોચા સત્યનારાયણ મારા માટે પિતા સમાન છે, દરમિયાન, બેઠક દરમિયાન મુખ્ય પ્રધાન રેડ્ડીએ જણાવ્યું હતું કે 'સિટી ઑફ ડેસ્ટિની' તરીકે ઓળખાતું વિશાખાપટ્ટનમ ટૂંક સમયમાં 'આંધ્રપ્રદેશનું ડેસ્ટિની' બની જશે જ્યારે શહેરમાંથી કામ શરૂ થશે. તમને જણાવી દઈએ કે વિશાખાપટ્ટનમને આંધ્ર પ્રદેશની કાર્યકારી રાજધાની બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

# મુંબઈ પોલીસે પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૯૪૩ કિલોગ્રામથી વધુ ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો



મુંબઈ,

મુંબઈ પોલીસે આ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૯૪૩ કિલોગ્રામથી વધુ ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો છે અને શહેરમાં ડ્રગ રાખવાના ૩૩૮ કેસોમાં કથિત રીતે સામેલ ૪૧૦ લોકોની ધરપકડ કરી છે. જપ્ત કરાયેલા ડ્રગ્સની કુલ કિંમત ૩૦૩ કરોડ રૂપિયા છે.

પોલીસ આ વર્ષે ૫૧૬ કિલોગ્રામ ગાંજો અને ૧૪૨ કિલોગ્રામ મેફેડ્રોન જપ્ત કરવામાં સફળ રહી છે, એમ આંકડા દર્શાવે છે. પોલીસ દ્વારા આપવામાં આવેલા આંકડાઓ અનુસાર, આ વર્ષે જાન્યુઆરીથી માર્ચ સુધીમાં મુંબઈ પોલીસે હેરોઈન જપ્તી સંબંધિત ૧૦ કેસ નોંધ્યા હતા, હેરોઈન સંબંધિત કેસોમાં ૧૨ લોકોની ધરપકડ કરી હતી અને ૩.૬૨ કરોડ રૂપિયાની કિંમતનું ૧.૨૪ કિલોગ્રામ હેરોઈન જપ્ત કર્યું હતું. પોલીસે ચરસ જપ્ત કરવા સંબંધિત ૧૬ કેસ નોંધ્યા હતા. ચરસ સંબંધિત કેસમાં ૨૨ વ્યક્તિઓની ધરપકડ કરી હતી અને ૬.૮૫ કરોડ રૂપિયાની કિંમતનું ૨૧.૧૫ કિલોગ્રામ ચરસ જપ્ત કર્યું હતું. પોલીસે ગાંજો જપ્ત કરવા સંબંધિત ૧૯૭ કેસ નોંધ્યા છે, ગાંજો સંબંધિત કેસમાં ૨૦૫ વ્યક્તિઓની ધરપકડ કરી છે અને ૧.૫૯ કરોડ રૂપિયાની કિંમતનો ૫૧૬.૧૮ કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો છે.

# મૃત્યુ બાદ અડધી સંપત્તિ પ્રજાને આપવાના કાયદાનું સમર્થન કરતા પિત્રોડા



નવીદિલ્હી,

કોંગ્રેસના નેતા સેમ પિત્રોડાએ મૃત્યુ બાદ લોકોની અડધી સંપતિ જનતાને આપી દેવાના કાયદાની વકીલાત કરી છે. પિત્રોડાનું આ નિવેદન રાહુલ ગાંધીના સંપતિના સર્વે અને તેની ફરીથી વહેંચણીના વાયદા વચ્ચે આવ્યું છે. યુએસના શિકોગોમાં સેમ પિત્રોડાને રાહુલ ગાંધીના વાયદા પર સવાલ પુછવામાં આવ્યો હતો. જેના જવાબમાં તેમણે કહ્યું કે, અમે કોઈની સંપતિ લઈને અન્યને આપી નથી દેવાના. ભવિષ્યમાં અમે એવી પોલિસી લાવી શકીએ છે. સેમ પિત્રોડાએ એવું પણ કહ્યું કે, લોકો અમીર હોય તે બરાબર છે. પરંતુ કોઈ એટલું ધનાઢ્ય ન હોવાનું જોઈએ કે તેઓ સરકાર ચલાવે.

આ સાથે સેમ પિત્રોડાએ અમેરિકાનું ઉદાહરણ આપ્યું કે, અમેરિકામાં એક ઈનહેરિટન્સ ટેક્સ છે. જેમાં કોઈનું મૃત્યુ થાય તો તેની સંપતિમાંથી ૫૫ ટકા સરકારના ખજાનામાં જમા થાય છે. જ્યારે ૪૫ ટકા જ તેમના વારસદારોને મળે છે. મને આ યોગ્ય લાગે છે.

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાએ કહ્યું કે 'અમેરિકામાં વારસાગત ટેક્સ છે. જો કોઈની પાસે ૧૦૦ મિલિયનની નેટવર્થ છે અને જ્યારે તે મૃત્યુ પામે છે ત્યારે તે તેના બાળકોને ફક્ત ૪૫ ટકા જ આપી શકે છે. ૫૫ ટકા સરકાર દ્વારા પડાવી લેવામાં આવે છે.

આ એક રસપ્રદ નિયમ છે. તે કહે છે કે તમે તમારી પેઢીમાં સંપત્તિ બનાવી અને હવે તમે જતા રહ્યા છો, તમારે તમારી સંપત્તિ જનતા માટે છોડી દેવી જોઈએ. જોકે સંપૂર્ણપણે નહીં, માત્ર અડધા. મને આ ન્યાયી કાયદો ગમે છે.

## સામ પિત્રોડાના નિવેદનથી રાજકીય ગરમાવો

**લોકોની ખાનગી મિલકત સરકારી તિજોરીમાં મૂકીને લઘુમતીઓમાં વહેંચવા માગે છે, અમિત શાહ**

નવીદિલ્હી,

કોંગ્રેસના નેતા સામ પિત્રોડાના નિવેદનથી રાજકીય ગરમાવો આવી ગયો છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે સામ પિત્રોડાના નિવેદનોથી કોંગ્રેસ સંપૂર્ણ રીતે ખુલ્લી પડી ગઈ છે. તેમણે કહ્યું કે હવે તેમનો મેનિફેસ્ટો બનાવવામાં સામ પિત્રોડાની મહત્વની ભૂમિકા છે. અમિત શાહે કહ્યું, 'આજે સામ પિત્રોડાના નિવેદનથી દેશ સમક્ષ કોંગ્રેસનો ઉદ્દેશ્ય સ્પષ્ટ થઈ ગયો છે. પહેલા તેમના મેનિફેસ્ટોમાં 'સર્વે'નો ઉલ્લેખ, મનમોહન સિંહનું જૂનું નિવેદન જે કોંગ્રેસનો વારસો છે, દેશના સંસાધનો પર લઘુમતીઓનો પ્રથમ અધિકાર છે, અને હવે સંપત્તિની વહેંચણી પર અમેરિકાને ટાંકીને સામ પિત્રોડાની ટિપ્પણી પર ચર્ચા થવી જોઈએ.






LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8

તા.૨૫-૦૪-૨૦૨૪, ગુરૂવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







## ચૂંટણી પ્રચારમાં હજુ ગરમાવાનો અભાવ

### મતદાનને આડે ૧૧ દિવસ બાકી છતાં હજુ ટેમ્પો જામતો નથી, ભારે ગરમી વચ્ચે પ્રચારમાં શુષ્ક માહોલ : છેલ્લા દિવસોમાં રાષ્ટ્રીય નેતાઓ સભા ગજવે તેવી સંભાવના

ભાવનગર, તા.૨૫

ગુજરાતમાં ૭ મેના લોકસભા ચૂંટણીમાં મતદાન છે. આમ હવે મતદાનને આડે ૧૧ દિવસ બાકી બચ્યા છે તેમ છતાં પ્રચાર-પ્રસારમાં ખાસ ગરમાવો જોવા મળતો નથી. ખાસ કરીને ભાવનગર બેઠક પર હજુ ચૂંટણીનો ટેમ્પો જામ્યો ન હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ભાજપના કાર્યકર્તાઓ નાની-નાની બેઠકો સાથે પ્રચાર કરતા જોવા મળી રહ્યા છે. પરંતુ ગઠબંધનના પ્રચારમાં ખાસ ગરમાવો જોવા મળતો નથી. તો કોંગ્રેસ સાવ નિષ્ક્રીય હોય તેવો માહોલ જણાય



છે. આમ, ભાવનગરમાં હજુ પ્રચાર-પ્રસારમાં ગરમાવો આવ્યો નથી.

ભાવનગર બેઠક પર ભાજપના નિમુબેન બાંભણીયા અને ગઠબંધનના ઉમેશ મકવાણા આ બે મુખ્ય હરિફ વચ્ચે જંગ છે. જો કે, અન્ય પ્રાદેશિક, રાષ્ટ્રીય અને અપક્ષ મળી કુલ ૧૩ ઉમેદવારો ભાવનગર બેઠક પર ચૂંટણી લડી રહ્યા છે. ભાવનગર બેઠક પર ભાજપમાંથી હજુ સુધી કોઇ રાષ્ટ્રીય કે પ્રાદેશિક નેતાની સભા કે રેલી થઇ નથી. બે દિવસ પૂર્વે સંગઠન મહામંત્રી રત્નાકર અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ભાવનગર આવી કોર કમિટીના સભ્યો સાથે બેઠક યોજી હતી જે બેઠક એક વ્યુહના ભાગરૂપે હતી પરંતુ જાહેર સભા કે રેલી હજુ સુધી થઇ નથી. તેવી જ રીતે ગઠબંધન-આપના ઉમેદવારના સમર્થનમાં પણ હજુ સુધી કોઇ જાહેર સભા થઇ નથી. આમ હાલ ધોમધખતા તડકા વચ્ચે પ્રચારનો માહોલ શુષ્ક જણાય છે. એકંદરે રાજકીય પક્ષોને પણ તેનાથી મુંઝવણ છે. જો કે, છેલ્લા દિવસોમાં પ્રચાર ટેમ્પો જામવાની ગણતરી છે. ભાજપમાંથી આગામી દિવસોમાં ભાવનગર બેઠક માટે વડાપ્રધાન મોદી તેમજ સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ સભા કરે તેવી સંભાવનાઓ છે. આ અંગે પ્રાથમિક કાર્યક્રમ પણ ઘડાયો છે. જ્યારે આમ આદમી પાર્ટી કે કોંગ્રેસમાંથી પણ પ્રચારમાં આવે છે તે અંગે હજુ સુધી કોઇ કાર્યક્રમ સામે આવ્યો નથી.

## ભાવનગર બેઠક માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજનાથસિંહ કરશે જંગી જાહેર સભા



### સુરેન્દ્રનગરના વઢવાણથી મોદી અને પાલિતાણા આવી રાજનાથસિંહ જાહેર સભા કરે તેવા પ્રાથમિક અહેવાલ



ભાવનગર, તા.૨૫

ગુજરાતમાં આગામી ૭ મેના મતદાન છે ત્યારે અંતિમ તબક્કાના પ્રચાર માટે વડાપ્રધાન મોદી ગુજરાતમાં છ સ્થળોએ ચૂંટણી સભા ગજવશે જેમાં ભાવનગરના ઉમેદવાર નિમુબેન બાંભણીયાના સમર્થનમાં વઢવાણ ખાતે જંગી જાહેર સભા ગજવશે. જ્યારે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ પાલિતાણા ખાતે જંગી જાહેર સભા કરશે તેમ પ્રાથમિક વિગતોમાં જાણવા મળ્યું છે.

ભાવનગર બેઠક પર ભાજપમાંથી પૂર્વ મેયર નિમુબેન બાંભણીયા સામે કોંગ્રેસ અને આપના ગઠબંધનના બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણા મેદાને છે. આ બન્ને ઉમેદવારો બહુમત કોળી સમાજમાંથી આવી રહ્યા છે ત્યારે જ્ઞાતિવાદ સમિકરણ પણ મહત્વનું બની રહેશે. ભાવનગરની બેઠકને લઈને આમ આદમી પાર્ટી આશાવાદી હોવાનું જણાય છે. પરંતુ ભાજપની પકડ પણ મજબુત છે. વડાપ્રધાન મોદી આગામી દિવસોમાં ગુજરાતમાં છ જાહેર સભા કરવાના છે તેમાં સુરેન્દ્રનગરના વઢવાણમાં ત્રિમંદિર સામે આવેલા ગ્રાઉન્ડમાં બીજી મેના દિવસે બપોરે ભાવનગર, રાજકોટ અને સુરેન્દ્રનગર એમ ત્રણ લોકસભા બેઠક માટે ચૂંટણી સભા કરશે તેવા અહેવાલો મળી રહ્યા છે. તો બીજી તરફ દેશના સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ પણ પાલિતાણા ખાતે જાહેર સભા કરશે તેવા પ્રાથમિક અહેવાલો છે.

## ઘર પાસે ગાળો બોલ્યાની શંકા રાખી સગીર ઉપર પાંચ શખ્સે કર્યો હુમલો

### પાલીતાણાની ઘટનામાં સગીરને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો

ભાવનગર તા.૨૫

પાલિતાનામાં ઘર પાસે ગાળો બોલતા નીકળ્યો હોવાની શંકા રાખી મિત્રની ખબર કાઢવા માટે ગયેલ સગીર ઉપર પાંચ શખ્સે લાકડી વડે હુમલો કરીને જાનથી મારી નાખવાની ધમકી આપતા સગીરે પાલીતાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ પાલીતાણાના બહારપરા વિસ્તારમાં રહેતો સગીર રોમિત સુરેશભાઈ મકવાણા ( ઉં. વ.૧૭ ) ગત રાત્રીના તેના મિત્રની ખબર કાઢવા માટે સદવિચાર હોસ્પિટલ ગયો હતો અને હોસ્પિટલ પાસે આવેલ પાનના ગલ્લે ઉભો હતો ત્યારે બહારપરા વિસ્તારમાં રહેતા જયદીપ માધાભાઈ મેરે ફોન કરીને 'થોડીવાર પહેલા તું મારા ઘર પાસે કેમ ગાળો બોલતો હતો ?' તેમ કહેતા રોમિતે હું ગાળો નથી બોલ્યો તેમ જણાવતા જયદીપ મેર,તેનો ભાઈ રોહિત મધાભાઈ મેર, અજાભાઈનો દીકરો,સુમિત રમેશભાઈ ચોહલા અને કરણ સુરાભાઈ ભરવાડ સદવિચાર હોસ્પિટલ આવ્યા હતા અને રોમિતને ગાળો આપી ધોલ-ધપાટ કરી લાકડી વડે માર મારી માથાના ભાગે ઈજા કરી હતી અને ધમકી આપી જતા રહ્યા હતા. આ બનાવ અંગે રોમિત સુરેશભાઈ મકવાણાએ ફરિયાદ નોંધાવતા પાલીતાણા ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મુરઘી ખરીદવા મામલે પિતા-પુત્રએ કરેલ હુમલામાં ઈજાગ્રસ્ત વીરપુરના યુવકનું મોત

ભાવનગર તા.૨૫

જેસર તાલુકાના વીરપુર ગામમાં રહેતા બે મિત્રો જેસર મુરઘી લેવા માટે ગયા તે દરમિયાન મુરઘી લેવા બાબતે પિતા-પુત્ર સાથે બોલાચાલી થતા પિતા પુત્રએ બંને યુવકને લાકડાના ધોકા વડે અને મૂંઢમાર મારી ઈજા પહોંચાડી હતી. આ બનાવમાં એક યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેને સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવેલ જેનું સારવાર દરમિયાન મોત નિપજતા મારમારીનો બનાવ હત્યામાં પરિણામ્યો છે.



આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ જેસર તાલુકાના વીરપુર ગામમાં રહેતા ભગતભાઈ કાબાભાઈ મકવાણા અને તેમના મિત્ર જીતુભાઈ લક્ષ્મણભાઈ ગોહિલ ગત તા.૧૯/૦૪ ના રોજ સાંજના સમયે મુરઘી લેવા માટે જેસરના ત્રણ ખુણીયા વિસ્તારમાં આવેલ મસ્જિદ પાસે ગયા હતા ત્યાં હાજર ધનાભાઈ ખેરાળા અને તેના દીકરા કૌશિકભાઈ ધનાભાઈ ખેરાળા સાથે જીતુભાઈ ગોહિલને મુરઘી લેવા બાબતે બોલાચાલી થતા ઉશ્કેરાઈ ગયેલા ધનાભાઈએ ત્યાં પડેલ ધોકા વડે જીતુભાઈના માથાના ભાગે હુમલો કરતા જીતુભાઈ ઢળી પડ્યા હતા, દરમિયાન ભગતભાઈ પણ વચ્ચે પડતા તેને પણ લાકડાનો ધોકો ફટકારી પિતા પુત્રએ ઢીકાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી.

આ બનાવમાં ઈજાગ્રસ્ત બંને મિત્રોને સારવાર માટે પ્રથમ જેસર સરકારી દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે મહુવા હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા. વળતા દિવસે જીતુભાઈને માથાના ભાગે દુખાવો થતા તેમને વધુ સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવતા ત્યાં તેમને હેમરેજ થયું હોવાનું નિદાન થયું હતુ અને સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થતાં મારમારીનો આ બનાવ હત્યામાં પરિણામ્યો છે. આ બનાવ અંગે ભગતભાઈ કાબાભાઈ મકવાણાએ જેસર ગામમાં રહેતા ધનાભાઈ ખેરાળા અને તેના દીકરા કૌશિક ધનાભાઇ કેરાળા વિરુદ્ધ જેસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

**જેસરની ઘટનામાં યુવકને માથામાં ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડાયો હતો : બનાવ હત્યામાં પરિણામ્યો**

## યુવતીના બાળકનો DNA આરોપી સાથે મેચ થયો છતા દુષ્કર્મનો કેસ સાબિત ન થઈ શક્યો!

અમરેલીઃ તા.૨૫

ખાંભા પોલીસ મથકમા ચાર વર્ષ પહેલા યુવતી પર યુવકે દુષ્કર્મ આચર્યાની ઘટનામા યુવતીના બાળકનો ડીએનએ આરોપી સાથે મેચ થયો હતો આમ છતા દુષ્કર્મનો આરોપ સાબિત ન થઇ શકતા અદાલતે યુવકને નિર્દોષ છોડયો હતો.યુવતી પર દુષ્કર્મની આ ઘટના અંગે ખાંભા પોલીસમા તારીખ ૧૭/૬/૨૦૨૦ના રોજ ફરિયાદ નોંધાઇ હતી. અહીની એક યુવતી નેરડા પાસે કપડા ધોવા ગઇ હતી ત્યારે કનુ મધુ નસીત નામનો શખ્સ તેને એકલી જોઇ બાવડુ પકડી નેરડામા લઇ ગયો હતો અને તેના પર દુષ્કર્મ આચર્યુ હતુ. યુવતીને મારી નાખવાની ધમકી દીધી હોય તેણે કોઇ ફરિયાદ કરી ન હતી. થોડા દિવસ બાદ આ જ રીતે તેણે ફરી આ જ સ્થળે યુવતી પર દુષ્કર્મ



આચર્યુ હતુ. જેના કારણે યુવતી ગર્ભવતી બની હતી.બનાવ અંગે પરિજનોને જાણ થતા કનુ મધુ નસીત સામે દુષ્કર્મ અને ધમકી આપવા સબબ ગુનો નોંધાયો હતો. યુવતીએ બાળકને જન્મ આપતા નવજાત શિશુનો ડીએનએ કરાયો હતો જે આરોપી સાથે મેચ થયો હતો. આ અંગે ધારી એડિશ્નલ સેશન્સ જજ સમક્ષ કેસ ચાલી જતા એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા વી.એ.વાળાની દલીલોને ધ્યાનમા રાખી અદાલતે યુવકને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો હતો. ફરિયાદી પોતાનો કેસ સાબિત કરવામા નિષ્ફળ જતા અદાલતે આ ચુકાદો આપ્યો હતો.

## દાઠાની મહિલાને પતિએ નજીવી બાબતે ધોકો ફટકારી ઘરેથી કાઢી મૂકી

### કામકાજ અને ચારિત્ર બાબતે શંકા રાખી અવારનવાર ત્રાસ આપતા પતિ વિરુદ્ધ મહિલાએ નોંધાવી ફરિયાદ

ભાવનગર તા.૨૫

તળાજા તાલુકાના દાઠા ગામમાં રહેતા મહિલાને તેના પતિએ સવાર નવા કામ બાબતે તેમજ ચારિત્ર અંગે શંકા કરી શારીરિક માનસિક ત્રાસ આપી લાકડાના ધોખા વડે માર મારી ઘરેથી કાઢી મુકતા મહિલાએ એના પતિ વિરુદ્ધ દાઠા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ તળાજા તાલુકાના દાઠા ગામમાં રહેતા ગીતાબેન લાલજીભાઈ ભાલીયા ( ઉં.વ. ૨૮ ) એ દાઠા પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તેમના લગ્ન દાઠા ગામમાં રહેતા લાલજીભાઈ ઉર્ફે લાલાભાઇ હીરાભાઈ ભાલીયા સાથે સાત વર્ષ પહેલા થયા હતા અને લગ્નના છ મહિના બાદ તેમના પતિ લાલજીભાઈ ખાવા પીવા તેમજ કામ બાબતે અને ચારિત્ર અંગે શંકા રાખી અવારનવાર શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. દરમિયાન ગત તા. ૧૨/૪ ના રોજ સવારના સમયે તેઓ ભેંસને પાણી પીવરાવતા હતા ત્યારે તેના પતિએ છાશ માંગતા તેમણે ભેંસને પાણી પૂવરાવતા હોવાનું જણાવી બીજા પાસે છાશ મંગવાનું કહેતા તેનો પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને ઝઘડો કરી ગાળો આપી લાકડાના ધોકા વડે પગના ભાગે માર મારી ઘરેથી કાઢી મૂકતા તેઓ તેમના ભાઈના ઘરે જતા રહેલ છે. આ બનાવ અંગે દાઠા પોલીસે લાલજી ઉર્ફે લાલાભાઈ ભાલિયા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભાવનગરમાં છેલ્લા ૪ દિવસથી મહતમ તાપમાન ૩૮.૨ ડિગ્રી પર સ્થિર



### રાત્રીના તાપમાનમાં નજીવી વધ ઘટ, દિવસ અને રાત્રીના પવનની ઝડપમા મોટો તફાવત

ભાવનગર, તા.૨૫

સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત ભરની સાથોસાથ ભાવનગર જિલ્લામાં એપ્રિલના પ્રારંભ સાથે જ ઉનાળાની આકરી ગરમી પડવા લાગી છે. વચ્ચે કેટલાક દિવસો માટે હિટવેવની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હતી અને તે દરમિયાન અમુક દિવસોમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રી સુધી પહોંચી જવા પામ્યો હતો જોકે રાજ્યના અનેક જિલ્લાઓમાં હજુ તાપમાન ૪૦ થી વધુ ડીગ્રી નોંધાય રહ્યું છે ત્યારે ભાવનગર જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી તાપમાનનો પારો ૩૮.૨ ડિગ્રીએ સ્થિર થયો છે જોકે આ તાપમાનમાં પણ બપોરના સમયે તો કાળજાળ ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે હજુ બે ચાર દિવસમાં ગરમીમાં વધારો થશે તેવું હવામાન વિભાગના સૂત્રો દ્વારા જણાવાયું છે.

છેલ્લા કેટલાક દિવસથી ફૂકાઈ રહેલા સૂકા પવનના કારણે સૌરાષ્ટ્રમાં ગરમીનું પ્રમાણ વધ્યું છે અને તાપમાનનો પારો ઉચકાયો છે હવામાન વિભાગ દ્વારા પણ હજુ ગરમી વધશે તેવી ચેતવણી આપવામાં આવી છે. ત્યારે ભાવનગર જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રીએ સ્થિર થયું છે. રવિવારે મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી રહ્યું હતું જયારે લઘુત્તમ તાપમાન ૨૬.૨ ડિગ્રી નોંધાયુ હતુ. અને દિવસ દરમિયાન રવિવારે સરેરાશ ૨૨ દ્વની ઝડપે ગરમ પવન પણ ફૂંકાયો હતો. આ ઉપરાંત સોમવારે પણ મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી રહેવા સાથે લઘુતમ તાપમાન ૨૬ ડિગ્રી રહ્યુ હતુ અને દિવસ દરમિયાન સરેરાશ પવનની ઝડપ વધીને ૨૪ દ્વની થઈ હતી. અને રાત્રિના તાપમાનમાં ઘટાડો થઈને ૨૪.૯ ડિગ્રી રહ્યું હતું અને પવનની ઝડપ પણ અડધાથી ઓછી થઈને સરેરાશ ૧૦ દ્વની રહી હતી. જ્યારે મંગળવારે મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી રહ્યું હતું અને લઘુતમ તાપમાન ૨૪.૯ ડિગ્રી રહ્યુ હતુ સરેરાશ પવનની ઝડપ ૧૦ કિલોમીટર રહી હતી. ગઈકાલે બુધવારે પણ મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી રહ્યુ હતુ અને લઘુત્તમ તાપમાન ૨૬.૬ ડિગ્રી રહ્યુ હતુ. સરેરાશ પવનની ઝડપ ૨૨ કિલોમીટર રહેવા પામી હતી જે રાત્રિ દરમિયાન ઘટીને ૧૨ km થઈ હતી. જોકે ગત રાત્રિના તાપમાનમાં એક ડિગ્રીનો વધારો થવા પામ્યો હતો. અને લઘુતમ તાપમાન ૨૭.૬ ડિગ્રી નોંધાયો હતો સાથો સાથ ભેજનું પ્રમાણ પણ વધીને ૪૨ ટકા થઈ જતા બફારાનો અનુભવ પણ રહેવા પામ્યો હતો આમ જિલ્લા ચાર દિવસથી સ્થિર રહેલું તાપમાન આજે વધી શકે તેવુ આજની ગરમીના કારણે મનાઈ રહ્યું છે.

## ડો.વસાવડાએ કર્યો ઘટસ્ફોટ રાજકોટમાં ભાજપને બીનહરીફ કરવા કોંગ્રેસના કેટલાક નેતાનો પ્લાન હતો !

### ત્રણ નેતાઓએ વિક્રમ સોરાણીનું નામ ભારપૂર્વક મુક્યું પણ ધાનાણી ચૂંટણી લડવા તૈયાર થતા મંજુર ન થયું, સોરાણી હવે ભાજપમાં ભળશે

રાજકોટઃ તા.૨૫

સુરતમાં ભાજપને ચૂંટણી લડયા વગર જ કોંગ્રેસના બેવફા ઉમેદવારને કારણે બેઠક કબજે થઈ ગઈ ત્યારે આવું જ કાંડ રાજકોટમાં કરવાનો ગુપ્ત કારસો ઘડાયાની વાત કોંગ્રેસમાંથી બહાર આવી છે. રાજકોટ કે જ્યાં ક્ષત્રિયો પૂરી તાકાત લડાવીને રૂપાલાને હરાવવા નીકળી પડયા છે ત્યાં ખુદ કોંગ્રેસી નેતાઓએ વિક્રમ સોરાણી કે જે હવે ભાજપમાં ભળવાના છે તેમનું નામ મુક્યું હતું તેવો ઘટસ્ફોટ પ્રદેશ કોંગ્રેસના નેતા ડો.વસાવડાએ આજે કર્યો છે.

કોંગ્રેસના નેતા વસાવડાના જણાવ્યા અનુસાર કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીમાં જઈને પરત કોંગ્રેસમાં આવેલા ઈન્દ્રનીલ રાજયગુરૂ તથા વશરામ સાગઠીયા અને પૂર્વ કોંગ્રેસી ધારાસભ્ય લલિત કગથરાએ વિક્રમ સોરાણીને ઉમેદવાર બનાવવાની માંગણી કરી હતી અને અમે તે કોંગ્રેસના કમિટેડ નેતા નથી તેમ કહીને વિરોધ કર્યો ત્યારે અમારી સામે શિસ્તભંગના પગલા લેવાની ચીમકી પણ અપાઈ હતી. હવે તા. ૨૭ના સોરાણી ભાજપમાં ભળી રહ્યાની વાત બહાર આવી છે ત્યારે જો તેમને રાજકોટની ટિકિટ મળી હોત તો સુરતના કુંભાણી જેવું કાંડ રાજકોટમાં થઈ ચૂક્યું હોત તેવું સ્પષ્ટ જણાય છે. શહેર કોંગ્રેસ પ્રમુખનો આ અંગે સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે સોરાણી ભાજપમાં ભળી રહ્યાના અહેવાલો આવ્યા છે. આમ ડો.વસાવડાના અનુસાર જો રાજકોટમાં વિક્રમ સોરાણીને ઉમેદવાર બનાવ્યા હોત તો કુંભાણીવાળી થવાનું નિશ્ચિત હતું. તેમણે કરેલો ઘટસ્ફોટથી રાજકારણ ગરમાયું છે.

